જૈન સિદ્ધાંત ગ્રંથમાળા મણકો ૪૯ મો

સ્થાનકવાસી જૈનોનું ધર્મ કર્તવ્ય

સત્ય ધર્મ સમજવા
ઇચ્છનારને માટે જ

તીર્થંકર ભગવાનોની આશાતના
અપમાન કરવામાં પાપ માનતા હો
અને તે પાપથી બચવા ઇચ્છતા હો
તથા મૂળ શુદ્ધ જૈન ધર્મ સમજીને
તેને અનુસરવા માગતા હો તો
આ પુસ્તક સાદ્યંત ધ્યાનથી અને
સમજપૂર્વક વાંચશો, વિચારશો અને
યોગ્ય લાગે તે પ્રમાણે વર્તન કરશો.

લેખક—સંપાદક
નગીનદાસ ગિરધરલાલ શેઠ

પ્રકાશક

શ્રી જૈન સિદ્ધાંત સભા (રજીસ્ટર્ડ)ની વતી શેઠ નગીનદાસ
ગિરધરલાલ, શાંતિભવન ૨૫૯, લેમિંગ્ટન રોડ, મુંબઈ ૭ WB

સ્થાનકવાસીઓને ભેટ

પહેલી આવૃત્તિ — કાર્તિક ૨૦૨૦



વાંચો
વિચારો
મનન કરો
જાતે નિર્ણય કરો
તે પ્રમાણે
વર્તન
કરો



નવેમ્બર ૧૯૬૩ — વીર સં ૨૪૯૦

બીજા માટે કિંમત રૂા સાડા ત્રણ

મુદ્રક
સૌરાષ્ટ્ર ટ્રસ્ટ વતી જ્યોત્સનાબહેન શુક્લ
'પ્રતાપ' પ્રિ. પ્રેસ પ્રતાપ સદન, નાણાવટ, સુરત

જાગો ! શ્રાવક ! જાગો !

ભગવાન મહાવીરે પ્રરૂપેલા
મૂળ શુદ્ધ જૈન ધર્મને ઓળખો
સંપ્રદાય એ મૂળ શુદ્ધ જૈન ધર્મ નથી
જૈન ધર્મમાં અનેકાંતવાદ છે

સંપ્રદાયવાદમાં
કઈને કઈ એકાંતવાદ છે

મૂળ ધર્મને માને તે જ સાધુ

સંપ્રદાયના એકાંતવાદનો ઉપદેશ કરી
તેને ટકાવી રાખનાર સાચો સાધુ નથી

મૂળ ધર્મને માને તે જ સાચો શ્રાવક

એકાંતવાદની હિમાયત કરનાર
સાચો શ્રાવક નથી

એકાંતવાદ તે મિથ્યાત્વ છે
મિથ્યાત્વ એ મોટું પાપ ગણાય છે
એ પાપથી બચવા માટે
મૂળ શુદ્ધ સત્ય જૈન ધર્મને
ઓળખો, સમજો, અપનાવો

☆

ધર્મને ઓળખો

ભગવાન મહાવીરે પ્રરૂપેલો
જૈન ધર્મ એક જ છે
જૈન ધર્મ સત્ય અને અનેકાંતવાદના
પાયા પર રચાયલો છે

*

મૂળ ધર્મથી અમુક અંશે ચ્યુત થઈને
સંપ્રદાય ઉત્પન્ન થાય છે
એટલે
કોઈ પણ જૈન સંપ્રદાય તે મૂળ જૈન ધર્મ
હોઈ ન શકે
જેટલે અંશે મૂળ શુદ્ધ જૈન ધર્મથી વિરુદ્ધ
તેટલે અંશે અસત્ય અથવા મિથ્યાત્વ

*

સંપ્રદાયોમાં જે કંઈ એકાંતવાદ તે
ધર્મવિરુદ્ધ માટે મિથ્યાત્વ અથવા અધર્મ
એકાંતવાદને અપનાવવો કે
પોષવો તે અધર્મ છે
મિથ્યાત્વ—અધર્મથી બચવા માટે
મૂળ શુદ્ધ જૈન ધર્મને
ઓળખો, સમજો, અપનાવો

☆

પ્રસ્તાવના

આ પુસ્તકનો હેતુ

ભગવાન મહાવીરે પ્રરૂપેલો જૈન ધર્મ એક જ હતો તેમાં ફાંટા કે સંપ્રદાયો નહોતા ત્યારે આજે જૈન ધર્મ અનેક સંપ્રદાયોમાં વહેંચાઈ ગયો છે તેથી મૂળ જૈન ધર્મ શું હતો અથવા શું છે તે દરેક જૈને જાણવાની જરૂર છે કારણ કે ભગવાન મહાવીરના અનુયાયી તરીકે આપણે ભગવાન મહાવીરે પ્રરૂપેલા મૂળ શુદ્ધ જૈન ધર્મને જાણવો અને અનુસરવો તે આપણી ફરજ છે એમ કરીએ ત્યારે જ આપણે ભગવાન મહાવીરના સાચા અનુયાયી કહેવાઈએ

જૈન ધર્મ એક જ હતો માટે એક જ રહેવો જોઈએ એટલે કે જૈન ધર્મના સંપ્રદાયોમાં ભેદભાવો મટી એકતા થવી જોઈએ જૈન ધર્મની આવી એકતા માટેની મારી ધગસ મૂળથી જ હતી તેમાં મારા અભ્યાસથી અને સ્વાધ્યાયથી મને જે સત્ય લાધ્યું તે મારે જૈન સમાજ પાસે મૂકવું જોઈએ એમ મારી એકતાની ધગસે પ્રેરણા કરી

એમ કાંઈ એકદમ એકતા સધાઈ ન જાય તે તો હું સમજું જ છું, પણ એકતાના આંદોલન ફેલાવવામાં આવે તો અમુક થોડા વખતમાં તેની અસર થયા વિના રહે નહિ એમ વિચારી મે મારૂં 'મૂળ જૈન ધર્મ અને હાલના સંપ્રદાયો' પુસ્તક તૈયાર કર્યું

એ પુસ્તકના પ્રકાશનમાં મારો હેતુ એ જ હતો અને છે કે મૂળ જૈન ધર્મ શું છે તે બતાવવું અને તે બતાવવા માટે મતભેદથી ક્યાં ક્યાં ખોટી માન્યતાઓ ઘુસી ગઈ છે તેની કેટલીક જરૂરી વિગત આપવી જોઈએ તે પ્રમાણે આપી છે આ પુસ્તક મારા 'જૈન ધર્મ અને એકતા' નામના પુસ્તકના અનુસંધાનમાં છે તે પણ તેમાં બતાવેલું છે

મારું એ મૂળ જૈન ધર્મ અને હાલના સંપ્રદાયો ” નામનું પુસ્તક તે વખતે મે શ્વેતાંબર મૂર્તિપૂજક તથા સ્થાનકવાસી સાધુ સાધ્વીઓને તથા જૈન પત્રોને મોકલી આપ્યું હતું પરંતુ સ્થા શ્રાવકોમાં “ જૈન સિદ્ધાંત ” માસિકના ગ્રાહકોને ભેટ આપવા ઉપરાંત ભાગ્યે જ બીજા દશેક શ્રાવકોને મોકલાયું હશે

જૈન ધર્મને અનેક સંપ્રદાયોમાં અને ફાંટાઓમાં છિન્નભિન્ન કરનાર ફક્ત સાધુ મુનિઓ જ છે, તેમજ સંપ્રદાયોને–ફાંટાઓને ટકાવી રાખનાર સાધુ સાધ્વીઓ જ છે શ્રાવક શ્રાવિકાઓને મૂળ જૈન ધર્મ બતાવવાને બદલે પોતપોતાના સંપ્રદાયના આગ્રહી બનાવનાર પણ સાધુ સાધ્વીઓ જ છે તેથી મારું ‘ મૂળ જૈન ધર્મ અને હાલના સંપ્રદાયો ” પુસ્તક મે બધા સાધુ સાધ્વીઓને મોકલી આપ્યું હતું

એ પુસ્તક ઘણા મોટા ભાગને પસંદ પડ્યું છે અને તે તેમના તરફથી મને મળેલા તેમના પ્રશંસાપત્રો ઉપરથી જાણી શકાય છે તેમાંના કેટલાક પત્રો ‘ જૈન સિદ્ધાંત ’ માસિકના જાન્યુઆરી તથા માર્ચ ૧૯૬૩ના અંકોમાં પ્રગટ કરવામાં આવ્યા હતા

શ્વેતાંબર જૈનોમાં મૂર્તિપૂજક અને સ્થાનકવાસી એમ મુખ્ય બે સંપ્રદાય છે તે બેમાં મુખ્ય મતભેદ મૂર્તિપૂજાનો છે પરંતુ આજ સુધી મૂર્તિપૂજામાં મૂર્તિનો પણ સમાવેશ થતો હતો પણ મૂર્તિ અને મૂર્તિપૂજા એ બે જુદા જુદા વિષયો છે તે મે શાસ્ત્રીય રીતે સવિસ્તર દાખલા દલીલોથી સ્પષ્ટતાથી મારા “મૂળ જૈન ધર્મ” પુસ્તકમાં બતાવી આપેલ છે અને મૂર્તિ તીર્થંકરોના સમયમાં પણ હતી અને સાવદ્ય દ્રવ્ય મૂર્તિપૂજા પાંચમા આરામાં શરૂ થઈને વધતી વધતી હાલના સ્વરૂપે પહોંચી છે તે પણ તેમાં બતાવેલું છે

સ્થાનકવાસીઓએ ઉપરનો ભેદ નહિ જાણતા હોવાથી, પહેલેથી જ મૂર્તિપૂજાની સાથે મૂર્તિને પણ અમાન્ય ઠરાવી છે ત્યારે મારા પુસ્તકમા મે મૂર્તિ ધર્મ છે તે દાખલા દલીલથી બતાવ્યુ છે તથા એ પણ બતાવ્યુ છે કે મૂર્તિને દરેક જૈને માનવી જ જોઇએ તે જરૂરનુ નથી પણ અત્યારે માણસની કક્ષા પ્રમાણે તેને મૂર્તિ ધર્મારાધનમા ઉપયોગી થઈ પડે છે

છતા પણ ચુસ્ત સ્થાનકવાસી તરીકે સપ્રદાયમાહી શ્રી રતનચદજી ડોશીએ તેમના સમ્યગ્દર્શન પત્રમા તથા શ્રી જીવણલાલ છગનલાલ સઘવીએ તેમના 'સ્થાનકવાસી જૈન' પત્રમા કેટલોક ખોટો ઉહાપોહ મચાવેલો છે સ્થાનકવાસીઓએ મારૂ 'મૂળ જૈન ધર્મ અને હાલના સપ્રદાયો' પુસ્તક વાચ્યુ ન હોવાથી ઉક્ત ઉહાપોહથી ખોટી વાતોથી ભોળવાઈ ન જાય અને ગેરસમજુત ઉભી ન થાય તેટલા માટે આ પુસ્તક તૈયાર કરવાની જરૂર પડી છે

આ પુસ્તકમા મૂર્તિને લગતા જે જે પ્રકરણો 'મારા મૂળ જૈન ધર્મ અને હાલના સપ્રદાયો" પુસ્તકમા છે તે બધા અહી આપેલા છે આ વાંચકોને સમજવાની સગવડ ખાતર તે પ્રકરણોના ભાગ જુદો જ રાખેલો છે આ તે પ્રકરણોના દરેક પાનાના મથાળે નામ તથા પાનાનો નબર મૂળ પ્રમાણે જ છાપેલા છે

જૈન સિદ્ધાંત માસિકના ગ્રાહકો તથા બીજાઓને જેમને 'મૂળ જૈન ધર્મ અને હાલના સપ્રદાયો' પુસ્તક અપાઈ ગયુ છે તેમને આપવાની આ પુસ્તકની નકલોમા ઉપર લખ્યા પ્રકરણોનો ભાગ ઉમેરેલો નથી

આ પુસ્તક લખી પ્રસિદ્ધ કરવામા મારો કોઈ અગત સ્વાર્થ નથી હુ પોતે સપ્રદાયવાદથી અલગ રહી ફક્ત મૂળ શુદ્ધ જૈન ધર્મ અનુસરવા

ઇચ્છુ છુ અને જૈન નામધારી અન્ય ધર્મ બંધુઓ પણ શુદ્ધ સાચો જૈન ધર્મ જાણે, સમજે, પાળે અને અનુસરે એ જ એક ઇચ્છાથી આ પુસ્તક પ્રગટ કરેલ છે મને જે સત્ય લાગ્યુ તે મે મારી ફરજ સમજીને સમાજ પાસે મૂક્યુ છે જેને જે ઠીક લાગે તે પ્રમાણે તે અનુસરે

પરંતુ એક વાત દરેક વાચકે યાદ રાખવી જોઈએ કે સત્ય વાતને સત્ય તરીકે ન સ્વીકારાય તેના મિથ્યાત્વ છે મિથ્યાત્વ ભવ ભ્રમણ વધારનાર છે માટે ભવ-ભીરૂ રહીને સત્યને અપનાવવુ એ દરેક મુમુક્ષુ જૈનનુ ધર્મ-કર્તવ્ય છે

સાધુસાધ્વીઓ હમેશા સંપ્રદાયવાદને પોષનારા જ રહેલા છે તેથી તેઓ શ્રાવકશ્રાવિકાને મૂળ જૈન ધર્મના રસ્તે દોરવે એવી આશા રાખવી તે ફોગટ છે માટે દરેક સમજુ શ્રાવકશ્રાવિકાએ પોતાની મેળે જ સાચો ધર્મ સમજીને તે પ્રમાણે વર્તવુ એ જ કર્તવ્ય છે

શેઠ નગીનદાસ ગિરધરલાલ



શરમાતા નહિ

સંપ્રદાયવાદીઓના ખોટા પ્રચારથી
શરમાતા નહિ

જિનમૂર્તિ અને મૂર્તિપૂજા એ બે જુદા
વિષયો છે તે ભૂલતા નહિ

જિનમૂર્તિ સૂત્રોથી તેમજ બીજા અનેક
પ્રમાણોથી સિદ્ધ છે

સાવદ્ય મૂર્તિપૂજા પંચમ આરાની પેદાશ છે

સૂત્રોમાં સાવદ્ય મૂર્તિપૂજાનું નામનિશાન નથી
એ મેં મારા પુસ્તકમાં સ્પષ્ટ બતાવેલ છે છતાં
સંપ્રદાયવાદીઓ

"હું મૂર્તિપૂજાની હિમાયત કરું છું"
એવો લોકોમાં ખોટો પ્રચાર કરે છે

કારણ કે

સંપ્રદાયવાદીઓ અસત્ય આચરણ કરતાં અચકાતા
નથી એમ તેમના વર્તનથી સિદ્ધ થાય છે

અને

મારી સાચી વાતને ખોટી ઠરાવી શકતા નહિ હોવાથી
તેઓ અસત્યનો આશ્રય લઈને
ખોટો પ્રચાર કરે છે

અનુક્રમણિકા

મૂળ જૈન ધર્મ અને હાલના સંપ્રદાયો

એ પુસ્તકમાના અહીં ઉમેરેલા
મૂર્તિને લગતા પ્રકરણો

(પ્રકરણ ૭ થી ૧૩ તથા ૨૨ થી ૨૬)

☆

જૈનધર્મ

જૈન ધર્મ ફક્ત સમજુ પંડિત કે
જ્ઞાની માટેજ નથી પણ
જ્ઞાની અજ્ઞાની સર્વને માટે છે

અણસમજુ બાળજીવોમાં ધર્મભાવના
ઉત્પન્ન કરવા તથા રમવવા માટે
મૂર્તિ એ એક ઉત્તમ સાધન છે

એટલે બાળજીવોને મૂર્તિનું
અવલંબન ટેકા રૂપ છે

બાળજીવો માટે મૂર્તિનું
અવલંબન નકારવું તે—

—બાળજીવોને ધર્મનું એક ઉત્તમ
સાધન બંધ કરવા જેવું છે
—તેમજ તે, જૈન ધર્મમાં એકાંતવાદ
અપનાવવા જેવું છે

જૈન ધર્મને જ્ઞાની માટેનો જ ગણીને તેને
એકાંત રૂપ આપી બાળજીવોને ધર્મ પામવાનું
સાધન બંધ કરવું તે ધર્મ વિરુદ્ધનું આચરણ
કરવા બરાબર છે

ધર્મ વિરુદ્ધનું આચરણ કરવાથી
પરભવમાં દુર્લભ-બોધી બનવાનો
ભય ઉત્પન્ન થાય છે

*

બચો અને બચાવો

અધર્મથી-પાપથી પોતે બચવુ અને બીજાને
બચાવવા તે દરેક આત્માનો ધર્મ છે.

ભ જૈન ધર્મ સાચો ધર્મ છે

મૂળ ધર્મ વિરુદ્ધ જે કંઈ સાંપ્રદાયિક
માન્યતા રાખવી તે અધર્મ છે

જેટલે અંશે મૂળધર્મથી વિરુદ્ધ
તેટલે અંશે મિથ્યાત્વ

મિથ્યાત્વ એ પાપ , અધર્મ છે

સત્યનો સ્વીકાર કરવો તે ધર્મ છે

સત્યનો સ્વીકાર કરવાની ના
પાડવી તે અધર્મ છે

અધર્મથી, પાપથી બચવા માટે

સંપ્રદાયવાદને તિલાંજલિ આપો

સંપ્રદાયવાદમાં ઘસડનાર સાધુ-શ્રાવકને

જરાપણ ઉત્તેજન આપવું નહિ પણ તેમને સંપ્રદાયવાદમાં
જતા અટકાવી સત્ય ધર્મને રસ્તે વાળવા અને એ રીતે
તેમને મિથ્યાત્વના પાપથી બચાવવા—

તે દરેક સમજુ શ્રાવકનું કર્તવ્ય છે

☆

ß

૧

મૂળ જૈન ધર્મ

જૈન ધર્મનો પાયો સત્ય ઉપર રચાયેલો છે સમ્યગ્ દર્શનથી જ સાચો ધર્મ પમાય છે અને સાચા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા એ જ સમ્યગ્દર્શન છે એટલે સત્ય એ જ ધર્મ છે અને જે કંઈ સત્યથી જેટલું વેગળું તેટલું તે સત્ય ધર્મની વિરુદ્ધનું છે એમ જ સમજવું જોઈએ

ભગવાન મહાવીરે પ્રરૂપેલ જૈનધર્મ એક જ છે તેમાં ફાંટા કે સંપ્રદાયો નથી આજે જૈન ધર્મમાં અનેક સંપ્રદાયો છે તે દરેક સંપ્રદાય પોતાને સાચા જૈન ધર્મના અનુયાયી માને છે અને તેઓ માને છે તેને જ તેઓ મૂળ સાચો જૈન ધર્મ ગણે છે પરંતુ બધાય સંપ્રદાયો સાચા હોય એમ તો બની શકે જ નહિ કારણ કે બધા સાચા હોય તો પછી જુદાપણું હોય જ નહિ

પરંતુ સંપ્રદાયો મોજુદ છે અને જુદાપણું પણ છે તે તો વાસ્તવિક સત્ય હકીકત છે એટલે દરેક સંપ્રદાય કોઈ ને કોઈ રીતે મૂળ સત્ય શુદ્ધ જૈન ધર્મથી અમુક અંશે વેગળો છે, જુદો છે એ નક્કી થાય છે

મૂળ શુદ્ધ જૈન ધર્મથી જેટલું વેગળાપણું તેટલે અંશે ભગવાનની પ્રરૂપણા વિરુદ્ધનું માટે મિથ્યાત્વ ગણાય અને મિથ્યાત્વ એ જૈન ધર્મમાં મોટામાં મોટું પાપ ગણાય છે એ મહાપાપથી બચવા ઇચ્છનારે શુદ્ધ જૈન ધર્મ જાણવો સમજવો પાળવો અનુસરવો જોઈએ તેથી જૈન નામ ધારી દરેક શ્રાવકે મૂળ શુદ્ધ જૈનધર્મ શું છે તે અવશ્ય જાણવું જોઈએ

મારા બે પુસ્તકો—(૧) જૈન ધમ અને એકતા તથા (૨) મૂળ જૈન ધર્મ અને હાલના સંપ્રદાયો—ની અંદર જૈનોના જુદા જુદા સંપ્રદાયોની જુદી જુદી માન્યતાઓ મતભેદો રાનધમાં વિસ્તારથી લખેલુ છે, મુખ્ય મતભેદોનો સમન્વય કેમ થાય તે બતાવેલું છે તેમાં શ્વેતાંબર સંપ્રદાયમાં મુખ્ય મતભેદ મૂર્તિ અને મૂર્તિપૂજાનો છે તે પણ બતાવેલ છે

મારા પુસ્તકમાં મેં તીર્થંકર ભગવાનોના વખતમાં પણ તીર્થંકરોની મૂર્તિઓ હતી તે અનેક શાસ્ત્રીય તથા ઐતિહાસિક પ્રમાણોથી તેમજ બીજા અનેક પ્રમાણોથી બતાવી આપ્યુ છે અને તેજ પ્રમાણે ગાસઘ મૂર્તિપૂજા સૂત્ર સિધ્ધાતની વિરુદ્ધ છે અને તે પૂર્વાચાર્યોએ પાછળથી શરૂ કરેલી છે તે અનેક પ્રમાણો અને યુક્તિઓ સહિત સૂત્રના ઉલ્લેખો સહિત બતાવી આપ્યુ છે



૨

શ્વેતાંબર સંપ્રદાયમાં મતભેદ

શ્વેતાંબર સંપ્રદાય મૂળ તો એક જ હતો અને તે સંપ્રદાયના સર્વ અનુયાયીઓ મૂર્તિને માનતા પૂજતા હતા

લગભગ પાંચસો વર્ષ પહેલાં અમદાવાદમાં લોંકાશાહ લહિયાનું કામ કરતા હતા તેમને એક પુસ્તકની લખામણીના હિસાબ સંબંધમાં યતિઓ સાથે તકરાર થતાં ક્રોધે ભરાઈને મૂર્તિમંદિર જ નહિ પણ સામાયિક વગેરે અનેક ધાર્મિક ક્રિયાનો વિરોધ કર્યો હતો (વિશેષ વિગત માટે મારા 'મૂળ જૈન ધર્મ' પુસ્તકમાંનું લોંકાશાહ નામનું પ્રકરણ વાંચવું)

પરંતુ ત્યાર પછી લોંકાશાહના અનુયાયી યતિઓએ મૂર્તિને માન્ય કરી હતી એટલે લોંકાશાહના અનુયાયીઓ મૂર્તિના વિરોધી રહ્યા નહોતા

લગભગ ત્રણસો વર્ષ પહેલાં લોંકાશાહના યતિઓમાંના બે યતિઓએ મુનિશ્રી ધર્મસિંહજી તથા મુનિશ્રી ધર્મદાસજીએ જુદા પડી ક્રિયોદ્ધાર કર્યો તેમાં તેમણે મૂર્તિ અને મૂર્તિપૂજાને ધર્મ વિરુદ્ધની બતાવી તેનો બહિષ્કાર કર્યો સંભવિત છે કે તે વખતે પણ મૂર્તિપૂજાનો ઠઠારો એટલો બધો વધી ગયો હતો કે તેથી ત્રાસી જઈને મૂર્તિપૂજાનો વિરુદ્ધ પોકાર ઉઠાવ્યો હશે પણ મૂર્તિ તથા મૂર્તિપૂજા બે જુદી

બાસતો છે એની ખબર નહિ હોવાથી મૂર્તિનો પણ અજ્ઞાનતાથી વિરોધ કરી દીધો

ખરી વાત એ છે કે તીર્થંકરોના વખતમાં પણ તીર્થંકરોની મૂર્તિઓ અને તેમના મંદિરો હતા તેનાં અનેક પ્રમાણો આજે પણ મોજુદ છે પરંતુ તે વખતે સાવદ્ય પૂજા નહોતી

સાવદ્ય પૂજાની શરૂઆત પૂર્વાચાર્યોએ કરી હતી પૂજાપદ્ધતિના ઇતિહાસ ઉપરથી સ્પષ્ટ માલુમ પડે છે કે પૂજાની શરૂઆત ઘણી નાની વિધિથી થઈ હતી પરંતુ તે પછી પાછળના આચાર્યો એક પછી એક નવી નવી પૂજા પદ્ધતિ ઉમેરતા જ ગયા, વધારતા જ ગયા એટલું જ નહિ પણ પૂજા વિધિઓ એટલી બધી ખર્ચાળ કરતા ગયા કે જાણે કે ધનવાનોનો જ ધર્મ હોય એમ જ પ્રતીતિ થાય

સંભવ છે કે આચાર્યોએ પોતાનો શિથિલાચાર છુપાવવા લોકોને સાવદ્ય પૂજાને માર્ગે ચડાવી દીધા અને ધનવાનો મારફત પોતાની વિદ્વતા ને મહત્તાનો લોકોમાં પ્રભાવ ફેલાવવા માટે નવી નવી પૂજાવિધિઓ દાખલ કરી અને તેમાં જ ધર્મ મનાવ્યો અને લોકોને સૂત્રના જ્ઞાનથી અજાણ રાખ્યા કે જેથી લોકો સાચી વાત જાણી શકે નહિ

અત્યારે અનેક ખર્ચાળ પૂજાઓ અસ્તિત્વમાં છે એટલું જ નહિ પણ એવી પૂજાઓ કરાવીને આચાર્યો સાધુઓ પોતાની વાહવાહ પોકરાવે છે

સાધુમુનિઓને મન-વચન-કાયાથી હિંસા કરવી નહિ, કરાવવી

નહિ અને કરતાને રૂડું જાણવું નહિ અનુમોદન આપવું નહિ એ પ્રમાણે નવ કોટિએ હિંસા ત્યાગના પ્રત્યાખ્યાન હોય છે તે પ્રમાણે સાધુના પહેલા મહાવ્રતની પ્રતિજ્ઞા છે એ નવ પ્રમાણે સાધુથી સાવદ્ય પૂજાનો ઉપદેશ પણ આપી ન શકાય ત્યારે આજે સાધુઓ જ બારેમાસ બારે જ્યાંજ પૂજા કરાવવામાં આનંદ માને છે! અને એમાં જ ધર્મની ઉન્નતિ, ઉદ્યોત માને છે।

આ સર્વ સાવદ્ય પૂજાઓ સૂત્ર સિદ્ધાંત વિરુદ્ધ છે, ધર્મ વિરુદ્ધ છે તે મેં મારા 'મૂળ જૈન ધર્મ' પુસ્તકમાં વિસ્તારથી બતાવેલ છે

મૂર્તિપૂજાના અસહ્ય આડંબરનાં કારણે ત્રાસી ગયેલા જૈનોએ ઉગ્ર મુનિશ્રીઓના પડકારને ઝીલી લીધો અને મૂર્તિ પૂજાનો ત્યાગ કરી તેમના અનુયાયી થઈ ગયા પરંતુ મૂર્તિ અને મૂર્તિપૂજા એ બે જુદી જુદી બાબતો છે તેનું ધ્યાન નહિ હોવાથી મૂર્તિપૂજાની સાથે મૂર્તિનો પણ ત્યાગ થઈ ગયો।

★

૩

સ્થાનકવાસી જૈનોનું ધર્મ કર્તવ્ય

સ્થાનકવાસીઓ પોતે સાચા જૈન ધર્મના અનુયાયી છે એમ માને છે અને કહેવડાવે છે તે વાતને ખરેખર સાચી ઠરાવવી હોય તો તેમણે સત્ય વાતનો સ્વીકાર કરી સત્ય ધર્મના અનુયાયી બનવું જોઈએ

જ્યારે ભૂલથી કે અજ્ઞાનતાથી મૂર્તિપૂજાની સાથે મૂર્તિનો પણ [illegible] કર્યો ત્યારે મૂર્તિ અને મૂર્તિપૂજા એ બે બાબતો જુદી જુદી છે એમ ખબર નહોતી પરંતુ અત્યારે જ્યારે મૂર્તિ અને મૂર્તિપૂજા એ બે જુદા વિષયો છે એમ સમજ પડી છે ત્યારે તે બન્નેને જુદા માનવા જ જોઈએ

મૂર્તિ મંદિરો તીર્થંકરો ભગવાનોના વખતમાં પણ હતા અને તીર્થંકર ભગવાનોએ પણ મૂર્તિ મંદિરોનો વિરોધ કર્યો નહોતો તે વાત આ પછીના પ્રકરણમાં પ્રમાણો સહિત સાબિત કરેલ છે એટલે ભગવાને માન્ય રાખેલ હોવાથી મૂર્તિને માનવી, વાંદવી તે દરેક જૈનનું ધર્મ કર્તવ્ય છે

સારું તો એ હતું કે ત્રણસો વર્ષ પહેલાં જ બન્ને મુનિઓએ મૂર્તિને માન્ય રાખીને સાવદ્ય મૂર્તિપૂજાનો જ વિરોધ કર્યો હોત એમ કર્યું હોત તો શ્વેતાંબરોથી જુદા પડવાની જરૂર ન રહેત અને ભેગા

રહીને જ વિરોધ કરી શકાત પરંતુ કાળ પ્રમાણે થવાનુ હતુ તે થયુ તે માટે ખેદ કરવો નકામો છે હવે તો જાગ્યા ત્યાથી સવાર ગણીને સત્યને અપનાવાય તો એકતાનો પાયો નખાઈ જાય

એકતાનો પાયો

મૂર્તિનો વિરોધ મટી જતા શ્વેતામ્બર સપ્રદાયમા એકતાનો પાયો નખાઈ જાય અથવા શ્વેતાબર સપ્રદાય આખો એક જ થઈ જાય ત્યારે પછી સાનક પૂજાનો સ્થાન વાસીઓનો વિરોધ એટલો પ્રબળ થઇ જાય કે મૂર્તિપૂજક સાધુઓને સ્થાના વિરોધની સાચી વાત માન્યા વિના છૂટકો રહે જ નહિ મૂર્તિ. પૂજક શ્રાવકોમા પણ મોટો ભાગ તો મૂર્તિપૂજાના આડબર વિરુદ્ધ જ છે અથવા તો અજ્ઞાનતાથી પૂજાને માને છે તેઓ પણ સત્ય સમજાતા સ્થાનકવાસીઓને અનુમોદન, સહકાર આપી એકને એકતામા મદદ વાના રહે જ નહિ

મૂર્તિપૂજાનો વિરોધ સૂત્ર સિદ્ધાન્ત અનુસાર છે એટલે સ્થાનકવાસી પાસે તે સબધમા ધર્મ બળ, જ્ઞાન બળ અને સખ્યા બળ મજબુત થવાથી તેમની સફળતા થય । વિના રહે જ નહિ

માટે મૂર્તિને અપનાવી મૂર્તિપૂજાનો વિરોધ કરવો એ જ સ્થાનકવાસીનુ ધર્મ કર્તવ્ય છે

૪

તીર્થંકરોના વખતમા તીર્થંકરોની મૂર્તિઓ હતી તેની વિવિધ પ્રમાણોથી સિદ્ધિ

શ્વેતાંબર સપ્રદાયમાંથી જુદા પડતી વખતે સ્થાનકવાસી સપ્રદાયે જાહેર કરેલું કે તીર્થંકરોના વખતમાં તીર્થંકરોની મૂર્તિઓ નહોતી તેથી સૌથી પહેલાં અહીં નીચેના જુદા જુદા અનેક પ્રમાણોથી તીર્થંકરોના વખતમાં મૂર્તિઓ હતી તે સિદ્ધ કરીશુ—

૧ સૂત્રના પ્રમાણો

૨ પ્રાચીન શિલાલેખોના પ્રમાણો

૩ પ્રાચીન અવશેષોના પ્રમાણો

૪ સ્તૂપો, ગુફાઓના પ્રમાણો

૫ બૌદ્ધ ગ્રથનુ પ્રમાણ

આમ જુદી જુદી રીતે અનેક પ્રમાણોથી મૂર્તિની સિદ્ધિ થતાં સ્થાનકવાસીઓનુ મતવ્ય તદ્દન ખોટુ છે તે આપોઆપ સિદ્ધ થઈ જાય છે

૧

સૂત્રોના પ્રમાણો

જૈન સૂત્રોમા અનેક ઠેકાણે ચૈત્ય શબ્દ આવે છે તેમાં જ્યા જ્યા યક્ષ-વ્યંતરના ચૈત્યની વાત આવે છે ત્યા તો સ્થાનકવાસીઓએ તે ચૈત્યનો અર્થ યક્ષ-મંદિર અથવા વ્યંતરાયતન કરેલ છે એટલે ત્યાં મતભેદ નથી

જેઓ યક્ષના ચૈત્યો અને જિનચૈત્યોને એકસરખા ગણીને જિનચૈત્યોનો નિષેધ કરે છે અથવા જિનચૈત્યોને અમાન્ય ગણે છે તેમની વાત તો મૂર્ખશિરોમણી જ ગણાય કારણકે યક્ષના ચૈત્યો અને જિનચૈત્યોમાં આકાશ પાતાળ જેવો તફાવત છે

જેમ યક્ષના ચૈત્યોનો અર્થ યક્ષમંદિર કરવામા આવે છે તેવી જ રીતે સૂત્રોમાં જ્યાં જ્યાં જિન ચૈત્યની વાત આવે છે ત્યા ત્યા તેનો અર્થ જિનબિંબ, જિનમૂર્તિ અથવા જિન મંદિર એમ જ અર્થ થાય છે અને એમ જ અર્થ કરવો જોઇએ છતા સ્થાનકવાસીઓએ ૨૫૦૦ વર્ષથી થતો આવેલો અર્થ ફેરવીને મનકલ્પનાથી જ્ઞાન, સાધુ વગેરે અનેક જુદા જુદા અર્થ કરેલ છે તે અર્થો સદંતર ખોટા છે અને સૂત્રોમા તે તે ઠેકાણે સ્થાનકવાસીઓના અર્થ બંધ બેસતા થતા નથી, તેથી પહેલા અહી ચૈત્ય શબ્દના અર્થ સબંધી વિવેચન કરીશુ.

ચૈત્ય શબ્દનો અર્થ

વ્યુત્પત્તિની રીતે ચૈત્ય શબ્દના જ્ઞાન, સાધુ વગેરે અર્થ થઈ શકતા નથી તેમજ તા ૫-૮-૧૯૬૩ના ' સ્થાનકવાસી જૈન " પત્રના અંકમાં ૩૨ મા પાનાના પહેલા કોલમના છેડે તેના લેખકે પણ

મેચરદાસજીનો મત ઉધ્ધૃત કરીને જણાવ્યુ છે કે ચૈત્ય શબ્દનો અર્થ જ્ઞાન કરવામા આવે છે તે વ્યાકરણની રીતે ખોટો છે

શબ્દકોષો— જુદા જુ ા પ્રાચીન શબ્દકોષોમાના કોઈપણ શબ્દકોષમાં ચૈત્યના અથમા જ્ઞાન, સાધુ વગેરે અર્થ આપેલ નથી પણ તેમાં આપેલા જિનબિબ જિનપ્રતિમા અને જિનમદિર અર્થો જ જૈન સૂત્રોમાં બરાબર બધબેસતા થાય છે

ગોડલના આધુનિક શબ્દકોષમા અત્યાર સુધીમાં જુદા જુદા સાધુ તથા સમાજોએ ચૈત્ય શબ્દના જે જે અર્થ કર્યા છે તે સર્વ અર્થનો સગ્રહ કરવામાં આવેલ છે તેથી તેમા સ્થાનકવાસી માન્યતાધ્યાનમાં લઈને સાધુ અર્થ પણ લખ્યો હોય તો તે અર્થ વ્યુત્પત્તિ રીતે ખોટો છે અને તે અર્થ જૈનસૂત્રોમા લાગુ પડી શકતો નહિ હોવાથી જૈન સૂત્રો માટે તે અર્થ ખોટો છે

વિશેષ વિગત માટે મારા ' મૂળ જૈન ધર્મ અને હાલના સપ્રદાયો" નામના પાના ૧૧૨ થી ૧૨૭ તથા ' ચૈત્ય શબ્દ પર વિચાર" નામનુ આ પુસ્તકમાનું પ્રકરણ ન ૭ જુઓ.

૫ બેચરદાસજીની અર્થ કરવામા ભૂલ— ૧ બેચરદાસજીએ વ્યુત્પત્તિ નમાણે ચૈત્ય શબ્દનો અર્થ ચિતાપરનું સ્મારક કરેલ છે તે અર્થ સૂત્રોમા લાગુ પડી શકતો નથી તે પણ આચાર્ય શ્રી વિજયેન્દ્રસૂરિએ તેમના ચૈત્ય શબ્દ પર વિચાર નામના પ્રકરણ ન ૭ મા વિસ્તારથી બતાવેલ છે

પ્રતિષ્ઠાના મોહથી
સ્થા તરફથી સત્યની અવગણના

શરૂઆતમા મૂર્તિપૂજાનો વિરોધ કરતી વખતે મૂર્તિ અને મૂર્તિપૂજા એ બે જુદી જુદી બાબતો છે તે નહિ સમજવાથી સ્થાનકવાસી મુનિઓએ મૂર્તિને પણ ભૂલથી અમાન્ય કરી અથવા તો અજ્ઞાનથી અમાન્ય કરી તે ગમે તેમ હોય પણ એક વખત અમાન્ય

ક્યાં પછી સાચી વાત મગજમાં હોય તો પણ પછી તો સીધી વાત મુકતાં માન પ્રતિષ્ઠા ઘુમાવાય તે પરવડે નહિ તેથી સુત્રોના ટબા લખી તેમાં ચૈત્ય શબ્દના અજિત સાધુ છદ્મસ્થ કેવળ જ્ઞાન વગેરે અનેક જુદા જુદા અર્થ કરી સુત્રોમા જુદે જુદે ઠેકાણે તે ખોટા અર્થો ઠસાડી દીધ

તે પછી પણ સ્થાનકવાસી મુનિઓ શ્રી અમોલખઋષિજી તથા શ્રી ઘાસીલાલજી મહારાજે પણ સંપ્રદાયવાળાને પુષ્ટ કરવા માટે તેમના સુત્રોમા જાણી જોઈને ચૈત્ય શબ્દના ખોટા અર્થ કરેલા છે તે વાત પણ આ શ્રી વિજયેન્દ્રસૂરિએ પ્રકરણ નં ૭ તથા ૮ મા સ્પષ્ટ રીતે બતાવી આપેલ છે અને જુદા જુદા કોષોમા ચૈત્યનો અર્થ જિનબિંબ કે જિન મૂર્તિ-મંદિર આપ્યો છે તે અર્થ જ જૈન સુત્રોમા લાગુ પડે છે તે પણ સૂરિજીએ દાખલાઓ આપીને બતાવેલ છે

મૃત્યુલોકમાની મૂર્તિઓ

સુત્રોમા મૃત્યુલોકમાની અને દેવલોકમાંની એમ બન્ને જાતની જિનમૂર્તિઓની વાત-ઉલ્લેખ આવે છે તેમા દેવલોકની મૂર્તિઓ શાશ્વતી છે અને મૃત્યુલોકની મૂર્તિઓ અશાશ્વતી છે

સ્થાનકવાસીઓ કહે છે કે અહીં મૃત્યુલોકમા એટલે ભરતખંડમા જિનમૂર્તિ હતી જ નહિ ત્યારે ભરતખંડમા પણ જિનમૂર્તિઓ મંદિરો હતા તેના ઘણા ઉલ્લેખો સુત્રોમા છે તેમાના થોડા નીચે પ્રમાણે છે

૧ સમવાયાંગ સૂત્રમા ઉપાસક દશાંગ સૂત્રની નોંધ

ઉપાસક દશાંગ સૂત્રમાં ભ મહાવીરના દશ મુખ્ય શ્રાવકોની વાત આવે છે ઉપાસક દશાંગમાં શું શું આવે છે તેની નોંધ સમવાયાંગ

સૂત્રમાં આપેલ છે તેમાં શ્રાવકોના ચૈત્યો-મંદિરો હતાં એમ કહેલ છે વિશેષ વિગત માટે જુઓ "મૂળ જૈન ધર્મ" પુસ્તકનું પાના ૧૨૧ તથા ૪૮૦

આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે ભગવાન મહાવીરના મુખ્ય દશ શ્રાવકોના ઘરમા જિનમંદિર હતા અને તેમને જિનમંદિરો કરાવેલા પણ હતા

૨ ઉવવાઈ સૂત્રમા નગરનુ વર્ણન

સૂત્રોમા જ્યા જ્યાં નગરનુ વર્ણન આવે છે ત્યાં ત્યા ઉવવાઈ સૂત્રમાના ચંપાનગરીના વર્ણન પ્રમાણે સમજી લેવાનું કહ્યું છે અને ઉવવાઈ સૂત્રમા કહ્યું છે કે ચંપાનગરીમાં ઘણાં જિનમંદિરો હતા વિશેષ વિગત માટે જુઓ "મૂળ જૈન ધર્મ" પુસ્તક પાનુ ૧૨૪

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ભગવાન મહાવીરના વખતમા ભરતખંડના જે જે નગરોની વાત સૂત્રોમા આવે છે તે બધા નગરોમા જિનમંદિરો હતા

૩ જંઘાચારણ-વિદ્યાચારણ

શ્રી ભગવતી સૂત્ર શ ૨૦ ઉ ૯મા જંઘાચારણ વિદ્યાચારણ મુનિઓની વાત આવે છે કે તેઓ માનુષોત્તર પર્વત નંદીશ્વરદ્વીપ વગેરે ઠેકાણે જઈને તેમણે ત્યાના જિનચૈત્યો-મંદિર મૂર્તિઓને વંદન કર્યાં અને 'પાછા આવીને અહીંના (આ ક્ષેત્રના) જિનચૈત્યો-મંદિર મૂર્તિઓને વંદન કર્યાં વિશેષ વિગત માટે જુઓ "મૂળ જૈન ધર્મ" પુસ્તક પાનુ. ૧૨૪

આ ઉપરથી પણ સિદ્ધ થાય છે કે ભગવાન મહાવીરના વખતમા અહીં જિન ચૈત્યો-મંદિરો હતા અને તેથી જ

જઘાચારણ વિદ્યાચારણ મુનિઓએ અહીંની પ્રતિમાઓને વાંદી હતી

૪ અંબડ પરિવ્રાજક

શ્રી ઉવવાઈ સૂત્રમાં અંબડ પરિવ્રાજકે પ્રતિજ્ઞા લીધી છે કે—

> “મને અરિહંત અને અરિહંતના ચૈત્ય સિવાય અન્ય તીર્થિક અન્ય તીર્થિક દેવો અને અન્ય તીર્થિકોએ ગ્રહણ કરેલા અરિહંત ચૈત્યોને વંદન કરવા, નમસ્કાર કરવા વગેરે કરવું કલ્પે નહિ

અહીં પણ સ્થા નો અર્થ ખોટો છે તે માટે જુઓ ‘ મૂળ જૈન ધર્મ ” પાના ૧૨૩-૧૨૬

શ્રી રતનલાલજી ડોશી સ્થાપિત સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ તરફથી મુનિશ્રી ઉમેશચંદ્રજીના અનુવાદ સહિતનું ઉવવાઈ સૂત્ર હમણાં જ બહાર પડ્યું છે તેમાં શ્રી ઉમેશ મુનિએ ટીકા કરતા લખ્યું છે કે—

> અહીં અરિહંત ચૈત્ય નો અર્થ ‘ નિર્ગ્રંથ શ્રમણ ’ કરવો જોઈએ અને ‘ અન્ય તીર્થિકોએ ગ્રહણ કરેલ અરિહંત ચૈત્ય ’નો અર્થ ‘ દૃષ્ટિભ્રષ્ટ તથા ચારિત્રભ્રષ્ટ એવા કે જિનશાસન છોડીને બીજા સંઘમાં ભળી ગયેલ નિર્ગ્રંથ શ્રમણ ’ એમ અર્થ કરવો જોઈએ ’

શ્રી ઉમેશ મુનિજી એક વાત તદ્દન વિસારી દીએ છે કે જિનશાસન છોડી જનાર સાધુને જૈન સાધુ કે નિર્ગ્રંથ શ્રમણ કહેવાનો જ નથી વ્યવહારમાં તો જૈન ધર્મ છોડી જનારને અજૈન જ કહેવાય છે પણ શ્રી ઉમેશ મુનિજી સંપ્રદાયના તોરમાં વ્યવહારને તદ્દન ભૂલી ગયા છે અને તેમણે ખોટી વાત આગળ ધરી છે

બીજું અરિહંત ચૈત્યનો અર્થ તેઓ શ્રમણ-સાધુ કરે છે અને

તેની પુષ્ટિમા દિગબર આચાર્ય શ્રી કુદકુદાચાર્યના બોધપાહુડની ૮મી ગાથા ઉધ્ધૃત કરે છે તે ગાથાનો અર્થ આ પ્રમાણે છે—

> 'જે આત્માને જ્ઞાન સ્વરૂપ જાણે છે તથા ચન્યસ્વરૂપ અન્ય આત્માઓને પણ જ્ઞાન સ્વરૂપ જાણે છે અને પાંચ મહાવ્રતોથી જે પવિત્ર છે એવા જ્ઞાનમય આત્માને ચૈત્યગૃહ જાણવા "

આત્મજ્ઞાન એજ સાચુ જ્ઞાન છે અને ચૈત્ય-જિનપ્રતિમા એ ભગવાનનુ પ્રતીક છે તે પ્રમાણે શ્રી કુદકુદાચાર્યે અહીં આત્મજ્ઞાની મહાત્માને ચૈત્યગૃહ-ભગવાનના પ્રતીક જેવા કહ્યા છે શ્રી કુદકુદાચાર્યે આ વાત નિશ્ચયનયથી કરી છે ત્યારે મૂર્તિની માન્યતા એ તો વ્યવહાર ધર્મ છે

વ્યવહાર ધર્મમા વ્યવહારને છોડીને નિશ્ચયની વાત કરવી એ તો શુદ્ધ ધર્મનો અપલાપ જ છે શુ સ્થાનકવાસીઓ વ્યવહાર ધર્મ પાળ્યા વિના એકદમ સીધા નિશ્ચય ધર્મમા આવી શકે છે? નહિ જ

દિગબરો કે જેઓ શ્રી કુદકુદાચાર્યના ખાસ અનુયાયી છે તેઓ જિનપ્રતિમાને નથી માનતા એમ શુ (કુદકુદાચાર્યની ગાથા ઉધ્ધૃત કરનાર) શ્રી ઉમેશમુનિજી કહી શકશે? નહિ જ દિગબરો તો જિનપ્રતિમાને બરાબર વ્યવહાર ધર્મ સમજીને માને જ છે

વ્યવહાર ધર્મને છોડયો અને નિશ્ચય ધર્મમા તો આવી શકાતુ નથી એટલે બન્ને બાજુથી રખડયા આ તો મુનિજીએ રખડવાનો જ માર્ગ બતાવ્યો!

આમ છતા અહીં એક વાત કહુ કે જ્ઞાનીને ચૈત્યના જેવા કહીને ચૈત્યની મહત્તા તો વધારી છે

અને તેથી પણ ચૈત્ય-મૂર્તિ ની માન્યતા ખોટી ઠરતી નથી કે તેનો નિષેધ થતો નથી પણ ઊલટી તે વિશેષ મહત્વવાળી બને છે

આ પ્રમાણે શ્રી ઉમેશ મુનિજીના અર્થ ખોટા ઠરે છે અને અબડ પરિવ્રાજકના વખતમા એટલે ભગવાન મહાવીરના વખતમા જિનમૂર્તિ-મંદિરો હતા એ સિદ્ધ થાય છે

શ્રી ઉમેશ મુનિજીએ બીજો વાંધો એ રજુ કર્યો છે કે અરિહંત ચૈત્યનો જિનપ્રતિમા અર્થ કરવાથી અબડ પરિવ્રાજકે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને વંદન કરવાનો નિષેધ કર્યો એમ ઠરશે અને અબડ પરિવ્રાજક એમ કરે એ સભવિત લાગતુ નથી

સમાધાન—ઉવવાઈ સૂત્રમા કહ્યુ છે કે—

(૧) અબડપરિવ્રાજક બાર વ્રત ધારી શ્રાવક હતા

(૨) અબડપરિવ્રાજક ૭૦૦ સાતસો પરિવ્રાજક શિષ્યોના આચાર્ય હતા.

(૩) અબડપરિવ્રાજકને વીર્યલબ્ધિ વૈક્રિયલબ્ધિ અને અવધિજ્ઞાન પ્રાપ્ત થયેલ હતા

આ પ્રમાણે અંબડપરિવ્રાજક અવધિજ્ઞાની મહાતપસ્વી લબ્ધિધારી શ્રાવક હોવા છતા તેમનો વેશ તાપસનો હતો તેઓ પરિવ્રાજકોના આચાર્ય હતા અને અન્ય ધર્મીઓ તેમને ગુરુ તરીકે પૂજતા હતા આવી સ્થિતિમા તેઓ જૈન સાધુઓને વંદન નમસ્કાર ન કરે તો તેમા કશુ અયોગ્ય નથી એટલે અબડપરિવ્રાજકની પ્રતિજ્ઞા યોગ્ય જ હતી

૫ આનંદ શ્રાવક

શ્રી ઉપાસક દશાગ સૂત્રમા આનંદ શ્રાવકે પ્રતિજ્ઞા કરી છે કે—

'મારે આજથી અન્ય તીર્થિક, અન્ય તીર્થિકોના

તથા અન્ય તીર્થિકોએ ગ્રહણ કરેલા અરિહંતના ચૈત્યોને વંદન નમસ્કાર કરવા કલ્પે નહિ"

અહીં પણ સ્થાનકવાસીઓ ચૈત્યનો અર્થ ખોટો કરે છે તે માટે જુઓ 'મૂળ જૈન ધર્મ" પાનું ૧૨૨

અહીં અન્ય તીર્થિકોના દેવ ગુરુનો નિષેધ કર્યો એટલે જૈન ધર્મના દેવગુરુ સ્વયમેવ વંદનીય ઠરે છે

અન્ય તીર્થિકદેવ એટલે હરિ હર આદિ દેવો આનંદ શ્રાવકના વખતમાં એટલે ભગવાન મહાવીરના વખતમાં વિદ્યમાન નહોતા પણ તેમની મૂર્તિઓ જ હતી એટલે અન્ય તીર્થિક દેવની મૂર્તિનો નિષેધ કર્યો તેથી આપોઆપ જિનમૂર્તિને વંદન કરવાનું સિદ્ધિ થાય છે

વળી નિક્ષેપાની રીતે જુઓ કે—જે એકલો ભાવનિક્ષેપો જ માનશો તો ભાવનિક્ષેપે હરિ હર આદિ કોઈ સાક્ષાત્ વિદ્યમાન નહોતું તેથી આનંદ શ્રાવકે ચારે નિક્ષેપાએ અન્ય દેવોનો નિષેધ કર્યો છે એમ સ્વીકારવું જ પડશે એટલે કે જેનો ભાવ નિક્ષેપો વંદનીય નથી તેના ચારે નિક્ષેપા વંદનીય નથી તેજ પ્રમાણે જેઓ ભાવ નિક્ષેપે વંદનીય છે તેના ચારે નિક્ષેપા વંદનીય ઠરે છે

વિશેષ વિગત માટે જુઓ 'મૂળ જૈન ધર્મ" પાના ૪૩૭-૪૩૮

આ ઉપરથી પણ ભગવાન મહાવીરના વખતમાં તીર્થંકરોની મૂર્તિઓ હતી તે અને તેને વંદન નમસ્કાર થતા હતા તે સિદ્ધ થાય છે

દેવલોકમાં શાશ્વતી મૂર્તિઓ

દેવલોકમાં તીર્થંકરોની શાશ્વતી મૂર્તિઓ છે તે જૈન સૂત્રોમાં કહેલું છે અને સ્થાનકવાસીઓ તે માને છે જ અને દેવો તે મૂર્તિઓને વાંદે પૂજે છે તે પણ સ્થાનકવાસીઓ માને છે જ

ધર્મ તો દેવ કે મનુષ્ય બન્નેને માટે એકસરખો જ હોય અને છે દેવને માટે એક ધર્મ અને મનુષ્યને માટે જૂદો ધર્મ હોય એવુ બને જ નહિ જૈન ધર્મમા એવી રીતે જુદા જુદા ધર્મ બતાવેલા જ નથી પણ જૈન ધર્મ સર્વ જીવો માટે એક સરખો છે એમ જ જૈન સૂત્રો કહે છે

એટને મૂર્તિને વાંદી એ દેવોની પેઠે જ મનુષ્યનું પણ કર્તવ્ય ઠરે છે

વધુ માટે જુઓ "મૂળ જૈન ધર્મ" પૃષ્ઠ ૮૭-૮૯

આ સબધમા સ્થાનકવાસીઓએ જે દલીલો ઉપજાવી કાઢી છે તેના ખુલાસા આ નીચે આપેલા છે

દેવ એક જ વાર પૂજે છે
તે ખોટી વાત છે

સ્થાનકવાસીઓ એમ દલીલ કરે છે કે દેવલોકમાં દેવ ઉત્પન્ન થાય ત્યારે એક જ વખત મૂર્તિ પૂજે છે તે વાત ખોટી છે કારણ કે રાજપ્રશ્નીય સૂત્રમાં સૂર્યાભદેવ દેવલોકમા ઉત્પન્ન થયા ત્યારે તેને તેના સામાનિક દેવોએ કહ્યુ છે કે—

> અહીં સૂર્યાભવિમાનમા સિદ્ધાયતનમાં ૧૦૮ [illegible] છે તે આપને અર્ચા, વદના પર્યુપાસના કરવા [illegible] આપનુ પહેલુ કરવા લાયક કામ છે તેમ જ પછી [illegible] કામ છે અને તે વર્તમાનમા તેમજ ભવિષ્યકાળ [illegible] માટે શ્રેયસ્કર છે હિતકારી છે સુખકારી છે [illegible] નિસ્તાર એટલે મોક્ષનુ કારણ છે અને [illegible] સાથે આવનાર છે

એટલે જૈન સૂત્ર જ પૂકાર કરે છે કે દેવતા [illegible] કલ્યાણને અર્થે વારવાર અનેક વખત પૂજા કરે

વધુ માટે જુઓ "મૂળ જૈન ધર્મ" પૃષ્ઠ ૯૬ થી ૯૯ તથા ૪૮૧ થી ૪૮૭

સ્થાનકવાસીઓ જીત વ્યવહારનો ખોટો અર્થ કરે છે

સ્થાનકવાસીઓની દલીલ છે કે દેવો તેમના જીત વ્યવહાર તરીકે પૂજા કરે છે અને એ જીત વ્યવહારનો અર્થ તેઓ વ્યવહારિક આચાર કરે છે પણ તે આચારને ધર્મયુક્ત માનતા નથી આ તેમની દલીલ પણ ખોટી છે

કારણ કે દેવલોકમા બધા દેવો મિથ્યાદ્રષ્ટિ હોતા નથી પણ સમ્યગ્દ્રષ્ટિ પણ ઘણા હોય છે અને સમ્યગ્દ્રષ્ટિનો આચાર ધર્મયુક્ત જ હોય છે રાજપ્રશ્નીય સૂત્રમાં સ્પષ્ટ બતાવેલુ છે કે દેવો ધર્મને માટે જ પૂજા કરે છે અને તે વાત ઉપર પણ બતાવી છે

તીર્થંકરોના કલ્યાણક ઉજવવાનો દેવોનો જીત વ્યવહાર છે પણ બીજા કોઈના કલ્યાણક કહેવતા નથી કે દેવો બીજા કોઈના કલ્યાણક ઉજવતા નથી એટલે કે દેવો તીર્થંકર ભગવાનની ભક્તિમાં જ ધર્મ માને છે માટે જ તેમના કલ્યાણકો ઉજવે છે

એ ઉપરથી સિદ્ધ થાય છે કે દેવોનો જીત વ્યવહાર તે ધર્મયુક્ત છે અથવા દેવોનો જીત વ્યવહાર તે વ્યવહાર ધર્મ છે

વધુ માટે જુઓ "મૂળ જૈન ધર્મ" પૃષ્ઠ ૮૬ થી ૧૦૨ તથા ૪૮૧ થી ૪૮૭

દેવો પોતાના વિમાનમા જ પૂજે છે એ વાત પણ ખોટી છે

સ્થાનકવાસીઓની દલીલ છે કે દેવો જીત વ્યવહાર તરીકે પોતાના વિમાનમાં જ પૂજા કરે છે તે વાત પણ ખોટી છે કારણ કે જીવાભિગમ

સૂત્રમાં કહ્યુ છે કે—નંદીશ્વર દ્વીપના પર્વતોના સિદ્ધાયતનોમા દેવો અનેક વખત ભેગા થઈને અષ્ટાહ્નિકા મહોત્સવો ઉજવે છે

વધુ માટે જુઓ "મૂળ જૈન ધર્મ" પૃષ્ઠ ૮૯

દેવલોકની મૂર્તિઓ તીર્થંકરોની જ છે

સ્થાનકવાસીઓની એક દલીલ એમ છે કે દેવલોકમાની મૂર્તિઓ તીર્થંકરોની નથી આ વાત તેમની ખોટી છે કારણ કે રાજપ્રશ્નીય સૂત્રમા દેવલોકની જિન પ્રતિમાઓ તીર્થંકરોની જ છે એમ કહેલુ જ છે

વિશેષ વિગત માટે "મૂળ જૈન ધર્મ" પૃષ્ઠ ૯૫ જુઓ

દેવો અને મનુષ્યોનો ધર્મ જુદો નથી

સ્થાનકવાસીઓની દલીલ છે કે દેવોનો જીત વ્યવહાર મનુષ્યોના વ્યવહાર માટે લાગૂ પાડી શકાય નહિ આ દલીલ તેમની ઘણી વિચિત્ર છે કારણ કે તેનો અર્થ એ થયો કે દેવોનો ધર્મ અને મનુષ્યનો ધર્મ જુદો છે પરતુ જૈન સૂત્રો તો દેવ મનુષ્ય માટે જ નહિ પણ સર્વ જીવો માટે એક સરખો જ ધર્મ બતાવે છે જુદી જુદી ગતિના જીવ માટે જુદા જુદા ધર્મ સૂત્રોમાં બતાવ્યા નથી

વળી એમ માનવાથી કેવી વિચિત્રતા ઊભી થાય છે તે જુઓ

એક સ્થાનકવાસી સમકિતી મૃત્યુ પામીને દેવલોકમા જાય ત્યારે તે જીવ મૂર્તિને માનથી પૂજે એટલે કે તે સમકિતી મટીને મિથ્યાત્વી બની જાય કારણ કે સ્થાનકવાસીઓ મૂર્તિની માન્યતાને મિથ્યાત્વ ગણે છે

આનો અર્થ એ થાય કે સ્થાનકવાસી શુદ્ધ સમકિત

શ તે સમજતા નથી અથવા શુદ્ધ સમકિતને માનતા નથી કારણ કે શુદ્ધ સમકિતી પોતાની માન્યતામા એવી રીતે ફેરફાર ન કરે

સ્થા મનુષ્ય તરીકે મૂર્તિને માને નહિ, મૂર્તિને વાદે નહિ ત્યારે તેજ જીવ મૃત્યુ પામી દેવલોકમા ઉપજતા મૂર્તિને માનતો પૂજતો થઈ જાય એટલે કે તે સમકિત ગુમાવે

તો શુ સ્થાનકવાસીઓ દેવલોકમા સમકિત ગુમાવી મિથ્યાત્વી બની જાય તેવા ધર્મને સાચો ધર્મ કહે છે? સ્થાનવાસીની સાચા ધર્મની વ્યાખ્યા શી છે? ગતિ પ્રમાણે ધર્મ બદલાય તેને સ્થાનકવાસી શુ સાચો ધર્મ માને છે?

૨

પ્રાચીન શિલાલેખોના પ્રમાણો

પ્રાચીન કાળમા એટલે તીર્થંકર ભગવાનોના વખતમા મૂર્તિનુ અસ્તિત્વ હતુ તે પ્રાચીન મૂર્તિઓ ઉપરના શિલાલેખો તથા પ્રાચીન તામ્રપત્રો ઉપરથી પણ પૂરવાર થાય છે

તેની વિગત માટે જુઓ "મૂળ જૈન ધર્મ" પુસ્તકના પૃષ્ઠ ૧૦૩ થી ૧૧

૩

પ્રાચીન અવશેષોના પ્રમાણો

હરપ્પા, મોહન જો ડેરા વગેરે પ્રાચીન શહેરોના ખોદકામ કરતાં અનેક પ્રાચીન મૂર્તિઓ નીકળી હતી આ ખોદકામો અંગ્રેજ સરકારના

વખતમાં સરકાર તરફથી જ થયા હતા અને તેમાંથી મળેલી મૂર્તિઓ પાંચથી દશ હજાર વર્ષ પહેલાની છે એમ સરકારી પુરાતત્વ વિદોએ નિર્ણય કર્યો છે

કોઈ ચુસ્ત સમ્પ્રદાયવાદી પોતાના સમ્પ્રદાયના મતની પુષ્ટિ માટે ખોટી રીતે એમ કહે કે હરપ્પા તથા મોહન જો ડેરાના ખોદકામમાંથી જિન મૂર્તિઓ નીકળી નહોતી તો તેમનુ તે કથન ટળી શકે તેમ નથી કારણ કે તે સબંધના સરકારી પુરાતત્વ વિદોના પુસ્તકો મોજુદ છે

એટલે કે તીર્થંકરોના વખતમા જ તીર્થંકરોની મૂર્તિઓ હતી એમ સાબિત થયુ છે

વિશેષ વિગત માટે જુઓ ' મૂળ જૈન ધર્મ ' પૃષ્ટ ૧૦૪ થી ૧૧૧

૪

સ્તૂપો, ગુફાઓમાં મૂર્તિના પ્રમાણો

પ્રાચીન કાળમાં જૈન મુનિઓ વનમાં અને પર્વતની ગુફાઓમા રહેતા હતા એ જાણીતી વાત છે ભગવાન મહાવીરના સમય પહેલાની ગુફાઓ આજે પણ મોજુદ છે

ચપા નગરીના મહારાજા કરકડુ (પ્રત્યેક બુદ્ધ તરીકે પ્રસિદ્ધ છે તે) દક્ષિણના ચોડ ચેર તથા પાડય દેશોનો દિગ્વિજય કરવા નીકળ્યા હતા ત્યારે રસ્તામાં તેરાપુર (ધારાશિવ)ની નજીકમા પહાડ પર એક પ્રાચીન જૈન ગુફા જોઈ તે ગુફા તે વખતે લગભગ ૩૦૦ ત્રણસો વર્ષ જુની હતી એટલે કે આજથી ૨૮૦૦ વર્ષ પહેલાની તે ગુફા આજે પણ મોજુદ છે

કરકડુએ તે પછી ત્યા બીજી વધારે ગુફાઓ બનાવી અને ત્યાં ભગવાન પાર્શ્વનાથની પ્રાચીન મૂર્તિ હતી તેની પ્રતિષ્ઠા કરી

ભગવાન મહાવીરના નિર્વાણ પછી બે સદી પછી મહારાજા ખારવેલે બનાવરાવેલી ખંડગિરિ તથા ઉદયગિરિની ગુફાઓ પણ મોજુદ છે

એ તથા બીજી સર્વ ગુફાઓમા તીર્થંકરોની મૂતિઓ પણ કોતરેલી છે અને તે આજે પણ હયાત છે આથી પણ સાબિત થાય છે કે તીર્થંકરોના વખતમા તીર્થંકરોની મૂર્તિઓ હતી

વળી ભગવાન મહાવીરની પહેલાંના સ્વૂપોની હકીકત પણ શાસ્ત્રોમા આવે છે તે સ્વૂપોમા પણ મૂર્તિઓ કોતરેલી કે બેસાડેલી હતી તે વાત કટાલીતીનાના તથા બીજા સ્વૂપોના મળી આવેલા અવશેષો ઉપરથી સાબિત થાય છે

એટલે ભગવાન મહાવીરના વખત પહેલા પણ મંદિરો ઉપરાંત ગુફાઓ તથા સ્તૂપોમા પણ મૂર્તિઓ હતી તે સાબિત થાય છે

૫

બૌદ્ધ ગ્રંથની સાક્ષી

બૌદ્ધ ગ્રંથ મહાવગ્ગ ૧-૨૨-૨૩ માં લખેલ છે કે મહાત્મા બુદ્ધ પહેલ વહેના રાજગૃહમાં ગયેલા ત્યારે ત્યાંના સુપાર્શ્વનાથના મંદિરમા ઉતર્યા હતા સુપાશ્વને સંક્ષેપમા પાલી ભાષામા "સુપ્પ તિથ્ય" લખેલ છે (જુઓ "મૂળ જૈન ધર્મ" પુસ્તકના પૃષ્ટ ૧૦૭ તથા ૧૧૦)

આ ઉપરથી સાબિત થાય છે કે—**ભગવાન મહાવીરના સમયમા રાજગૃહ નગરીમા તેમની પૂર્વેના પ્રાચીનતર તીર્થંકરોના મૂર્તિ-મંદિરો હતા**

આ વાત શ્રી ડોશીજીએ સદેહાત્મક ગણી છે પરંતુ મૂર્તિ મંદિરો તે વખતે હતા તેના પ્રમાણે તો છે તેથી આ વાત પણ સાચી હોઈ શકે કારણ કે દિગંબર પંડિત શ્રી કાનતાપ્રસાદજીએ આ વાત અનેક પ્રમાણોથી સિદ્ધ કરેલી છે

૫

મૂર્તિની ઉપયોગિતા અને તેનો પ્રભાવ

કેટલાક સ્થાનકવાસીઓ કહે છે કે મૂર્તિ અનાદિ કાળથી હતી ખરી પણ તેની પૂજા (દ્રવ્ય સાવદ્ય પૂજા) કરવાની નથી તો પછી તેને માનવી તે ન માનવા બરાબર જ થયુ

તેનો જવાબ—સત્યને સત્ય તરીકે સ્વીકારવુ એ જ સાચો ધર્મ છે અને એ જ સાચા ધર્મીનુ કર્તવ્ય છે તીર્થંકરોના વખતમાં તીર્થંકરોની મૂર્તિ હતી, મૂર્તિની માન્યતા હતી, એ વાત તો સૂત્રોથી તેમ જ બીજી અનેક રીતે સિદ્ધ થાય છે છતા મૂર્તિને ન માનવી તે સૂત્રોને તથા તીર્થંકર ભગવાનને ન માનવા બરાબર છે

હા જેમને સૂત્રોની વાત ન માનવી હોય તેમ જ પ્રાચીન પ્રમાણો ન માનવા હોય અને ફક્ત પોતાની માની લીધેલી માન્યતાને જ વળગી રહેવુ હોય તેમને માટે કાંઈ કહેવાનું રહેતુ જ નથી કારણ કે દરેક માણસ પોતાની માન્યતાને વળગી રહેવાને મુખત્યાર છે

બાકી જેઓ ભવભીરૂ છે, મુમુક્ષુ છે, સત્યાર્થી છે, જૈન સૂત્રોને માને છે તેઓએ સત્યને સત્ય તરીકે સ્વીકારવુ જોઈએ અને ભગવાનના વખતમા મૂર્તિની માન્યતા હતી તે પ્રમાણેની માન્યતાને સત્ય તરીકે સ્વીકારવી એ ધર્મ છે એમ માનવુ જોઈએ

તેમણે એ પણ ધ્યાનમા રાખવુ જોઇએ કે મૂર્તિ એ ધર્મારાધનમાં આલબનરૂપ છે, નિરાળાને ટેકારૂપ છે પરતુ જેમનુ મન એવુ

બહુ મજબૂત ન થયું હોય કે જેથી તેમને મૂર્તિના આલંબનની જરૂર ન હોય તો તેમને પણ મૂર્તિની જરૂર છે જ એમ કોઈ કહેતું નથી.

આ બાબત વિશેષ વિસ્તારથી સમજવા માટે "મૂળ જૈન ધર્મ" પુસ્તકના પાના ૯૭ થી ૮૩ ૧૭૭ થી ૧૮૧ તથા ૪૧૯ થી ૪૪૯ વાંચો અને સમજો.

મૂર્તિની ઉપયોગિતા અને પ્રભાવ તો સૌએ જાણવા સમજવા જોઈએ અને તે જાણ્યા પછી જેમ તેને પોતાને યોગ્ય લાગે તેમ તેણે વર્તવું જોઈએ.

મૂર્તિનો પ્રભાવ કેમ ઉત્પન્ન થાય છે કેમ વધે છે અને કેમ ટકે છે તે વાત જ્ઞાની ગુરુ પાસેથી જિજ્ઞાસુએ જાણી લેવી, સમજી લેવી યોગ્ય ગણાશે.

(૧)
મૂર્તિ ધર્મરુચિ, ધર્મભાવના ઉત્પન્ન કરે છે, ટકાવે છે

સ્થાનકવાસીઓ ધર્મ ભાવના અને ધર્મ રુચિ ઉત્પન્ન કરવા માટે સાધુ-સાધ્વીઓના ઉપદેશ ઉપર જ આધાર રાખે છે. પરંતુ સાધુ-સાધ્વીઓ તો મોટા ભાગે વિહારમાં જ હોય છે. એટલે કોઈ પણ ગામ કે શહેરમાં નિયમિત સાધુ-સાધ્વીઓનો યોગ મળી શકતો નથી. વળી ચોમાસામાં પણ દરેક ગામ કે શહેરમાં સાધુ-સાધ્વીનો જોગ હોય તે પણ નક્કી હોતું નથી. કારણ કે તેમની સંખ્યા જ બહુ ઓછી છે અને ગામડામાં તો ભાગ્યે જ સાધુ-સાધ્વીના દર્શનનો યોગ મળે છે.

પરંતુ મંદિરમાં મૂર્તિના દર્શનનો યોગ તો હમેશાં મળે જ છે. અને વીતરાગ મૂર્તિના દર્શનથી જ ધર્મ ભાવનામાં ઘણી વૃદ્ધિ થાય છે.

પોતાની મેળે ધર્મ ભાવના જાગૃત રાખવાનુ કામ તો ફક્ત જ્ઞાનીથીજ બની શકે બાકી બીજાઓ માટે સાધુ-સાધ્વીઓની તેમજ મૂર્તિની જરૂર છેજ

(૨)

મૂર્તિ ભક્તિ, વૈરાગ્ય અને પ્રેરણા ઉત્પન્ન કરે છે

શાસ્ત્ર વાંચવાથી જેમ ભગવાનના વચનોનો બોધ થાય છે તેવીજ રીતે જિનપ્રતિમાના દર્શનથી ભગવાનના સ્વરૂપનો બોધ થાય છે એટલે વીતરાગ અવસ્થાની ભગવાનની મૂર્તિ જોઈને જ ભક્તિ અને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને તેથી જીવને પોતાનુ જીવન પણ એવુ જ ઉચ્ચ બનાવવાની પ્રેરણા મળે છે કારણ કે એ વીતરાગ દશાનો પ્રભાવ માણુસ ઉપર પડ્યા વિના રહેતો નથી

ચિત્રોનો પ્રભાવ—ફોટાઓ, છબીઓ ચિત્રો સીનેમાના ચિત્રો ગીનેમાના દશ્યો કે જે પણ ચિત્રો જ છે તે સર્વની માણુસના મન ઉપર ઘણી અસર થાય છે તે તો સૌ કોઈ જાણે છે જ તે જ પ્રમાણે મૂર્તિ પણ તેટલી જ અથવા તેનાથી વધારે ઊંડી અસર કરે છે

આ બાબતમા વિસ્તૃત વિવેચન માટે "મૂળ જૈન ધર્મ" પાના ૪૩૮ થી ૪૪૫, ૪૫૨, ૪૫૯, ૪૬૦, તથા ૪૬૭ માંનુ લખાણુ વાચી જવુ

(૩)

ધ્યાનમા મૂર્તિ અવલબન રૂપ છે

પિંડસ્થ પદસ્થ અને રૂપસ્થ એ ત્રણ ધ્યાન સાકાર ધ્યાન છે અને તેમાં મૂર્તિ અવલબનરૂપ થાય છે

(૪)
મુનિ સુવ્રત સ્વામીના સ્તૂપનો પ્રભાવ

કોણિક મહારાજાએ વૈશાલિ ઉપર ચડાઈ કરી હતી તે વખતે ઘણુ મોટુ યુદ્ધ થયુ હતુ કોણિકનુ લશ્કર ઘણુ મોટુ હોવા છતાં તેનાથી વૈશાલિ જીતી શકાતુ નહોતુ ત્યારે દેવવાણીને અનુસરીને તેણે કુળવાલુક મુનિ મારફત વૈશાલિમાના શ્રી મુનિસુવ્રત સ્વામીના સ્તૂપને તોડી પાડવાની વ્યવસ્થા કરી કારણ કે તે સ્તૂપ સાબુત હોય ત્યાં સુધી વૈશાલિ જીતી શકાય તેમ નહોતુ એવો તે સ્તૂપનો પ્રભાવ હતો

તે સ્તૂપ તોડી પાડયા પછી જ કોણિક વિજયી થયો હતો
વિશેષ માટે જુઓ મૂ જૈ ધ પાનુ ૧૨૭ નદી સૂત્ર

(૫)
યજ્ઞમા મૂર્તિનો પ્રભાવ

શ્રી શય્યભવ સ્વામી ગૃહસ્થાવાસમા હતા ત્યારે યજ્ઞ કરાવતા હતા તે યજ્ઞ સ્તભની નીચે જિન પ્રતિમા રાખેલી હતી તેને ગુપ્ત રીતે પૂજવામાં આવતી અને તેના પ્રભાવથી યજ્ઞ કાર્ય નિર્વિઘ્ને થતુ એવો જિન મૂર્તિનો પ્રભાવ હતો

આ પ્રમાણે જિન મૂર્તિનો પ્રભાવ છે **જેનામા ભકિતભાવ ન હોય તેવા અશ્રદ્ધાળુને તો મૂર્તિનો કોઈ પ્રભાવ જણાય** નહિ પણ માયા રહિત ભાવથી વિનયપૂર્વક મૂર્તિને વદન નમસ્કાર કરવાથી તેની ભાવપૂજા કરવામા આવે તો તેથી આત્માનુ ઘણુ કલ્યાણ થાય

વિશેષ વિગત માટે "મૂળ જૈન ધર્મ" પુસ્તકના પાના ૧૨૭-૧૨૮ ૮ થી ૪૪૯ વાચો

☆

૬

રાજા નેણુચંદનેઝાર

આર્દ્રકુમારના પિતા અને ગિરનાર પર શ્રી નેમનાથ પ્રભુના મંદિરનો જીર્ણોદ્ધાર કરનાર આર્દ્રદેશના રાજા

લેખક
શ્રી ચીમનલાલ અમુલખ સંઘવી

નોંધ

આર્દ્રકુમારને અભયકુમારે શ્રી ઋષભદેવ ભગવાનની મૂર્તિ મોકલવાથી જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયેલું તેથી દીક્ષા લઈ તેઓ હિંદમાં આવ્યા હતા અને ભગવાન મહાવીરના અનન્ય ભક્ત બન્યા હતા તે શાસ્ત્રીય વાત છે

તે આર્દ્રકુમાર કયા દેશના હતા તે સબંધમાં અજવાળુ પાડતો એક લેખ "આર્દ્રકુમાર-નેણુચન્દ નેઝાર" નામનો લેખ મહાવીર જૈન વિદ્યાલયના રજત સ્મારક પુસ્તકમાં છપાયેલો છે તે ખાસ જાણવા જેવો હોઈને અત્રે ઉધ્ધૃત કરેલ છે

રાજા નેણુચન્દ નેઝારે ગિરનાર પર્વત ઉપર બાવીશમા તીર્થંકર શ્રી નેમનાથપ્રભુના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો હતો તે નેણુચદ્રનેઝારના તામ્રપત્રની હકીકત મારા "મૂળ જૈન ધર્મ અને હાલના સંપ્રદાયો" નામના પુસ્તકમાં ૧૦૫મે પાને આપી છે તે સબંધમાં પણ આ લેખ સારૂ અજવાળુ પાડે

છે તેથી તે અત્રે ઉધૃત કરેલ છે આ લેખ ઉપરથી સમજાય છે કે રાજા નેબુચદ નેઝારે મહાવીર સ્વામીના વખતમા હિન્દમાં આવેલ ત્યારે ગિરનારપરના મદિરનો જીર્ણોદ્ધાર કર્યો હતો એટલે કે મૂળ મદિર તો ભગવાન મહાવીરની પહેલાનુ જુનુ હતુ

—ના. ગિ શેઠ

શ્રી આર્દ્રકુમાર—નેબુચન્દનેઝાર

આજના આપણા કેળવાયેલ વર્ગ નામે મુખ્ય દલીલ એ રજૂ કરવામા આવે છે કે 'તમે શ્રદ્ધાવાદને વળગી રહ્યા છો, અને બુદ્ધિવાદને સમાજોપયોગી બનાવી શક્યા નથી' આ દલીલ સાચી છે કે કેમ તેની ચર્ચામા ઊતર્યા વિના હુ અહીં આપણો કેળવાયેલ વર્ગ સમાજને વિશેષ ઉપયોગી શી રીતે નીવડી શકે તેજ સૂચવીશ

આધુનિક બૌદ્ધિક કેળવણી મુખ્યત્વે વકીલો, દાક્તરો, રાજદ્વારીઓ, સાહિત્યકારો સશોધકો ઇતિહાસકારો, ભાષાશાસ્ત્રીઓ કલાકારો, વૈજ્ઞાનિકો એન્જીનિયરો અર્થશાસ્ત્રીઓ વગેરેને પેદા કરે છે આમાથી દાક્તરો વકીલો રાજદ્વારીઓ વગેરે પાસે તો સમાજને ઉપયોગી નીવડવાનો સીધો વ્યવસાય છે ખ્રિસ્તી મીશનના દાક્તરો પોતાના ધર્મના પ્રચાર માટે કેટલી સેવાઓ આપે છે તે આપણાથી અજાણ્યુ નથી એજ રીતે આપણા દાક્તરો વકીલો વગેરે સમાજને ઉપયોગી થઈ શકે છે પણ અહીં એ બધા વિષયોને ન સ્પર્શતા હુ કેવળ માત્ર ક્ષેત્રે જ મર્યાદિત રહી સશોધકો ઇતિહાસકારો સાહિત્યકારો ને ભાષાશાસ્ત્રીઓનો બનેલો બૌદ્ધિક વર્ગ સમાજને વધારે ઉપયોગી શી રીતે બની શકે તે જ સૂચવીશ

જગમશહૂર ખ્રિસ્તી સશોધકો ખ્રિસ્તી જગતના બુદ્ધિવાદી વર્ગની બાઈબલમાંની શ્રદ્ધા વધારવાને જૂના કરાર (Old Testament)

માની પૌરાણિક હકીકતો પર પણ ઇતિહાસનો પ્રકાશ પાથરવાનો વર્ષો થયાં તનતોડ પ્રયાસ કરી રહ્યો છે તે માટે પશ્ચિમ એશિયામાં વર્ષોના ખોદકામ અને શોધકામ પછી તેમણે જૂના કરારમાં રજૂ થએલી અતિ પ્રાચીન રાજ્યવંશાવલિઓને સમાંતર ઐતિહાસિક વંશાવલિઓ તૈયાર કરી છે અને તેવા રાજ્યોના વિષયમાં બાઇબલમાં વર્ણવાએલા સખ્યાબંધ પ્રસગોને ઇતિહાસના ક્ષેત્રમા સમાવ્યા છે

આપણે કદાચ આવી જવાબદારીમાંથી તો એમ કહીને છૂટી જઈ શકીએ કે, 'અમારા પાસે એમના જેટલી નાણાકીય અને રાજકીય સગવડ નથી પરતુ એટલુ તો કબૂલવુ જ પડશે કે આ વિષયમા આપણે લગભગ કશુ જ નથી કર્યું, એટલુ જ નહિ, પણ શકય પ્રસગોમાં પણ ઉપેક્ષા સેવી છે

ગ્રીસ મિસર ને ઇરાનના પ્રાચીન લેખકોની કૃતિઓમા, બેબીલોન, ચપા (ફ્રેન્ચ હિંદી ચીન) કબોજ (કમ્બોડિયા)નાં ખોદકામોમાં ને મધ્ય અમેરિકા ને મધ્ય આફ્રિકાના અવશેષોમાં પથરાએલી જૈન સસ્કૃતિ પર પ્રકાશ ફેંકવાને આપણે શ્રમ નથી ઉઠાવ્યો સપ્રતિનો વિશ્વવ્યાપી ધર્મપ્રચાર, આપણા ચક્રવર્તીઓના વિજયમાર્ગો ઇત્યાદિને ઐતિહાસિક રૂપ આપવાને આપણે આપણા અભ્યાસનો ઉપયોગ નથી કર્યો

અતિ પ્રાચીન પ્રસગોને બાદ કરીએ તો પણ અભયકુમારની પ્રેરણાથી પ્રતિબોધ પામી ભગવાન મહાવીરના ચરણે આવનાર અનાર્ય ભૂમિનો રાજકુમાર આર્દ્રકુમાર કોણ હતો તે જાણવાનો પણ આપણે પ્રયત્ન નથી કર્યો

થોડાક વર્ષ પહેલાં ડૉ પ્રાણનાથે પ્રભાસપાટણનુ તામ્રપત્ર ઉકેલી જણાવ્યુ કે * 'બેબીલોનના નૃપતિ નેબુચ દનેઝારે રૈવતગિરિના નાથ નેમિનાથના મદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો ત્યારે આપણા હાથમાં સશોધનનો એક વિષય આવેલ હોવા છતા તેના પ્રત્યે જોઇતુ ધ્યાન ન

* The Times of India 19-3-3?

અપાયુ એ પછી નેબુચ નેઝારના જીવનચરિત્રનો ને બેબીલોનના પ્રતિહાસનો અભ્યાસ કરતા જે અનુમાનો તારવી શકયો છુ તે અહીં રજૂ કરી એવા વિષયોને બુદ્ધિમાન વર્ગ કઈ રીતે સમાલોપયોગી બનાવી શકે તે સૂચવીશ

આર્દ્રદેશ કે આર્દ્રનગર કયા આવેલ છે તે સબધમાં જૈન સશોધકોએ અભ્યાસમાં ઊતરવાની જરૂર જોઈ નથી કેટલાકે પ્રસગોપાત જરૂર પડતા એડનને આર્દ્રનગર તરીકે ઓળખાવ્યુ પરતુ એડનની ખીલવણી તો ઈ સ. પૂર્વ ૨૪ ના રોમન-વિજય પછી થઈ છે, ને ઈ સ પૂર્વે છઠ્ઠી સદીમા તો ત્યાં માછીમારોના ઝૂપડાં સિવાય કઈજ ન હોતુ ઉચ્ચારની મજુરીએ પણ એડન શબ્દ આર્દ્રને સમાંતર નથી એટલે આર્દ્રનગર માટે જ નજર દોડાવવી જોઈએ

પશ્ચિમ એશિયામાં આવેલો મેસોપોટેમિયા દેશ અતિ પ્રાચીન કાળમાં ઉત્તર, મધ્ય ને દક્ષિણ એમ ત્રણ વિભાગમાં વહેચાયલો હતો, ઉત્તર–વિભાગ પોતાના પાટનગર અસુરના નામ પરથી એસીરિયાના નામે ઓળખાતો, મધ્ય ભાગની પ્રાચીન રાજધાની કીશ હતી પણ હમુરાબીના સમયમા (ઈ સ. પૂર્વે ૨૧૨૩ થી ૨૦૮૧) બેબીલોનની વિશેષ ખીલવણી થતા મધ્ય ભાગનુ પાટનગર બેબીલોન બન્યુ ને સમય જતાં મધ્ય વિભાગ પણ બેબીલોનના નામે ઓળખાવા લાગ્યો સાગર કાંઠે આવેલા દક્ષિણ ભાગનુ પ્રાચીન પાટનગર એર્દુ (Eirdu) બદર હતુ પણ તે ધીમે ધીમે પુરાવા માંડતા રાજધાની ઉરમાં ફેરવાણી સમય જતા બેબીલોનના સમર્થ રાજવીઓએ ત્રણે ભાગ પર પોતાની સત્તા વિસ્તારીને બેબીલોનને સયુક્ત પ્રદેશોનું પાટનગર બનાવ્યુ

જૈન સાહિત્યમાં વર્ણવાયેલ આર્દ્ર નગર આ ઐર્દ નગર હોવાનો પૂરતો સભવ છે, પ્રાચીન કાળમાં જાહોજલાલી ભોગવતા આર્દ્રને સમાંતર આ સિવાય બીજુ એક પણ નગર નથી

એઘ બદરની જાહોજલાલી ઈ સ પૂર્વે ૫૦૦૦માં શરૂ થાય ૯ જલપ્રલય પૂર્વેના જગતના ચાર મુખ્ય બદરોમાંનુ એક હતુ સાગર કાઠે યુફ્રેટીસ નદીના મુખ પર વસેલુ હોઈ તેનો દેખાવ બેટ સમો લાગતો હિદ સાથે એ બદરને સીધા જળમાર્ગનો સબધ હતો

ધીમે ધીમે નદીના કાંપને લીધે બદર પુરાવા લાગ્યુ ને તેનું મહત્ત્વ ઘટવા લાગ્યુ આજે એ નગરના ખડિયેરો ઉરથી બાર માઈલ દક્ષિણ–પશ્ચિમે પયરાયના પત્રા છે બસરાથી ઇરાક દોડતી રેલવે તે ખડિયેરોની ટેર માઈલ પૂર્વેથી પસાર થાય છે

ઈ સ પૂર્વે ૬૦૪મા બેબીલોનની ગાદીએ જગમશહૂર સમ્રાટ નેબુચ દનેઝાર વિરાજ્યો તેના પિતા નેબોપોલ્શારે તેને વિશાળ રાજ્યનો વારસો સોંપ્યો હતો પણ નેબુચ દનેઝારને બ પ સામાન્ય મગર્વવુ હતુ પિતાની હયાતી દરમ્યાન જ (ઇ સ પૂર્વે ૬૦૫મા) તેણે એસીરિયાને હરાવીને તે પ્રદેશ તેઃ બેબીલોનમાં જ ભેળવી દીધો હતો હવે તે દિગ્વિજયે નીકળ્યો નેકોને હરાવીને તેણે એશિયામાથી યુરોપ અને આફ્રિકાનો પગ કાઢ્યો ને પછી બેબીલોનની નબળી દશામાં જેણે જેણે તેને નુકશાન પહોંચાડ્યુ હતુ તે બધાં રાજ્યોને તેણે જીતવા માંડ્યા

જુડાના યહૂદીઓએ બેબીલોનની સમૃદ્ધિ લૂટીને પોતાના પાટનગર જેરૂસેલમમાં પોતાના પ્રભુના નામે મદિર બધાવરાવેલુ નેબુચન્દનેઝારે એ દેશ જીતી લઈ મહેરબાનીની રાહે ત્યાના રાજાને તે પાછો સોંપ્યો એ રાજાએ યોગ્ય વ્યવસ્થા ન જાળવતા તેણે રાજા બદલાવ્યો, પણ બીજા રાજાએ બળવો કર્યો નેબુચ દનેઝાર જગી સૈન્ય સાથે એ દેશ પર ધસી ગયો અને તેણે રાજાને પદભ્રષ્ટ કરી જેરૂસલેમ લૂટ્યુ યહૂદીઓના મદિરમાંની અઢળક સપત્તિ અને સોનાચાંદીના વાસણો તે બેબીલોન ઉપાડી ગયો ટાયરના બળવાન પણ તેણે સખત હાથે દાબી દીધા । એ રીતે તે પશ્ચિમ એશિયાનો યશસ્વી સમ્રાટ બની રહ્યો

બેબીલોનમા તેણે અનેક દેવમદિરો બધાવ્યાં નગરના રક્ષણ માટે

જેણે બંધ વેલી અન્ય દિવાલ કોઈ પણ દેશી મુસાફરો મુગ્ધ બની ગયેલા હીરોડોટસના કહેવા પ્રમાણે નગરનો ઘેરાવો ૫૬ માઈલનો હતો. અને એ દિવાલ તે નગરની ચારે બાજુથી એ બધી ફરતી જેમ [illegible] ફરતી નગરની એ દિવાલ પર આવ્યું [illegible] જોતાં [illegible] છે તે નેબુકદ્નેઝારે એ દિવસના આધારે બંધાવી છે બેબીલોનમાં દેશે એવા સ્વર્ગીય મહેલો બંધાવેલા કે તે [illegible] પુરે મેઘ [illegible] એમને ઝુલતા બાગ (Hanging gardens) કહેવામાં આવે છે.)

જેણે પોતાના નિવાસ માટે [illegible] બંધાવેલા અદ્વિતીય મહેલ તો [illegible] છે તે મહેલ ઘણાં [illegible] સુધી એની [illegible] [illegible] ફરી માં ફરી પાછા [illegible] પોતાનો વાસો નાખ્યો [illegible] તેને [illegible] બની ત્યાં જ એ જ મહેલમાં તેનું ખુન થયે [illegible] અને મરણ [illegible] નેબુકદ્નેઝાર [illegible] અને [illegible] પ્રાચીન [illegible] છે

નેબુકદ્નેઝાર [illegible] રીતે જ તે દિવસો પણ [illegible] આવેલા જુના [illegible] તેના [illegible] એના એ [illegible] નથી તે [illegible] નેબુકદ્નેઝાર [illegible] આપણો [illegible]

તે [illegible] [illegible] છે [illegible]

સમયના જગતનો ઇતિહાસ તપાસતા હિંદની બહાર બેબીલોન સિવાય એવું એક પણ મહારાજ્ય નથી કે જેને મગધપતિ ભેટ મોકલાવે

પ્રભાસપાટણના તામ્રપત્રથી એ પુરવાર થયું છે કે તેણે ભગવાન નેમિનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે એટલે સંભવિત છે કે જ્યારે આર્દ્રકુમાર હિંદ ચાલી આવ્યો અને પાછળ તેના પર દેખરેખ રાખવાને નીમેલા ૫૦૦ સામંતો પણ ભાગી આવ્યા, ત્યારે નેબુચદનેઝાર પુત્રની શોધમા તેની પાછળ કાઠિયાવાડમા આવ્યો હોય અને તેના પર જૈન ધર્મનો પ્રભાવ પડતા તેણે તે ધર્મ અપનાવ્યો હોય

ઉત્તરાવસ્થામા નેબુચન્દનેઝાર કયો ધર્મ પાળતો હતો તેનો હજી નિર્ણય થયો નથી કેમકે, સાયરસના શિલાલેખોથી એ તો પુરવાર થયું છે કે બેબીલોનમાં વંશપરંપરાગત ચાલી આવતી મર્ડુકની પૂજા અને બલિદાન આપવાની પ્રથા તેણે બંધ કરી હતી ઉત્તરાવસ્થાના તેના પોતાના શિલાલેખોમા તે પ્રજાને ઉદ્દેશીને જે ઢંઢેરો બહાર પાડે છે, તેમાં મર્ડુક ઇત્યાદિને 'તમારા દેવો' તરીકે ઓળખાવે છે તેમ જ બાઇબલના જુના કરારમાં નેબુચ નેઝારની રાજકીય પ્રભુતાનો સ્વીકાર થયા છતાં તેને અને તેના વારસોને ભયંકર નાસ્તિક તરીકે ઓળખાવવામા આવેલ છે તથા નેબુચદનેઝારે પોતે પણ જેરૂસલેમમાં ક્ષુદ્ર ચલાવેલી છે તે જોતા તે યહુદી ધર્મનો પણ ન હોતો શરૂઆતમા મર્ડુકના તેણે બંધાવેલા ભવ્ય મંદિરથી એ તો નિશ્ચિત છે કે પૂર્વાવસ્થામા તે મર્ડુકનો પૂજારી હતો પણ ઉત્તરાવસ્થામા પુત્રની દીક્ષા પછી તેણે જૈન ધર્મ સ્વીકારેલ હોવાનો વિશેષ સંભવ છે

ઉત્તર વયમાં તેણે બેબીલોનમા નવ ફૂટ પહોળી એક સુવર્ણની પ્રતિમા બનાવરાવેલી તે જ અરસામા તેણે બંધાવરાવેલા પોતાના મુખ્ય પૂજન-મંદિરમા એક મૂર્તિની સમીપ સાપનું અને બીજીની સમીપ સિંહનું બિમ્બ હતું નેબુચન્દનેઝારે બંધાવેલા ઇસ્ટારના દરવાજાનો કેટલોક

બાગ તૂટી જવાથી તે ટૂકડાઓ બર્લીન અને કોપનહેગનના મ્યુઝિયમોમા ઉપાડી જવાયા છે પણ જે ભાગ હજી ત્યા જળવાઈ રહ્યો છે તેના પર વૃષભ ગેંડો મુખ, સાપ સિંહ ઇત્યાદિ કોતરાયેલા નજરે ચડે છે બાઝ નગરના મંદિરમાની મૂર્તિઓ બેબીલોનના પુરાણોમા કે જૂના બાઈબલમા વર્ણવાએલ દેવોમાંથી કોઈને મળતી આવતી નથી એને તેની પરખ બે કામના સશોધકો હજી પણ કરી શક્યા નથી આ વસ્તુસ્થિતિ નિશ્ચયપૂર્વક નેઝારે જૈન ધર્મ અપનાવ્યો હોય એ દલીલમા ટેકારૂપ બનવા સાથે જ જૈન સશોધકો માટે અભ્યાસનુ ક્ષેત્ર ખુલ્લુ કરે છે

બેબીલોનના મહાકાવ્ય ‘Epic of creation’મા બેબીલોનનો એક રાજકુમાર પોતાના એક મિત્રની મદદથી સ્વર્ગમા પહોંચવાનો પ્રયાસ કરે છે પરતુ અધવચથીજ સરકી પડે છે એવુ સૂચન છે જે રૂપક અભયકુમારની પ્રેરણાથી આર્યાવર્ત પહોચીને દીક્ષા લેવાની આર્દ્રકુમારની તમન્ના અને પાછળથી તેણે કરેલા દીક્ષાત્યાગને સમાતર છે

બેબીલોન હિંદ સાથે સાસ્કારિક સબધથી ઈ સ પૂર્વે પચીશસોથી સકળાએલ હોવાનુ ઇતિહાસકારો મનુન રાખે છે હમુરાબીના કાનુની ગ્રથ પર ભારતીય ન્યાયપ્રથાની સપૂર્ણ અસર છે સ્ત્રી પર વ્યભિચારનો આરોપ આવે ને સ્ત્રી તે આરોપને અદાલતમા ખોટો ન ઠરાવી શકે, તો તેને યુફ્રેટીસ નદીમા ડુબાડી દેતી અને છતા એ પવિત્ર નદી એ સ્ત્રીને જીવતી બહાર કાઢે તો માનવુ કે તે સ્ત્રી પવિત્ર છે એ પ્રથા સ્ત્રીની પવિત્રતા કડક સજા અને કુદરતી ચમત્કારથી નિર્દોષતા સિદ્ધ કરવાની ભારતીય ન્યાયશાસ્ત્રની પ્રણાલિકાને આભારી છે તે ઉપરાંત પ્રાચીન પ્રવાસીઓની નોધોના આધારે જાણી શકાય છે કે ભરૂચ ખભાત ને સોપારાનાં બદરો મારફત બેબીલોન ભારતવર્ષ સાથે ધમધોકાર વ્યાપાર પણ ચલાવતુ હતુ બેબીલોનના શિલ્પ-સ્થાપત્ય પર પણ ભારતીય શિલ્પ-સ્થાપત્યની અસર છે

આ રીતે આર્દ્રદેશ, આર્દ્રરાજ અને આર્દ્રકુમારનું ઐતિહાસિક સ્વરૂપ વિચારવાની સામગ્રી પૂરતા પ્રમાણમાં પડેલી છે એ જ રીતે બીજા પણ જૈન સાહિત્ય ગ્રંથોના અનેક વિધાનો પર ઐતિહાસિક દૃષ્ટિએ પ્રકાશ ફેંકી શકીએ એવી સામગ્રી આપણે શોધી શકીએ છીએ અને બીજા ધર્મોની જેમ જૈન ધર્મને પણ જગતવ્યાપી મહિમા આપવામાં આપણે આપણા અભ્યાસ અને બુદ્ધિનો ઉપયોગ કરી શકીએ છીએ જો બુદ્ધિમાન વર્ગ એ રીતે ઉપયોગી થતો જણાશે તો સમાજ એના પ્રત્યે જરા પણ ઉપેક્ષા દાખવી શકશે નહિ

આ લેખનો મુખ્ય ભાગ વાક્યે વાક્યે પ્રમાણો માગે છે અને તેમ કરવા જતા લેખ વધારે મોટો થવાનો ભય હોઈ એ આખની તૈયારીમાં જે ગ્રન્થોનો કે પત્રોનો મુખ્ય આધાર લીધો છે તેની જ નોંધ આપી રજુ કરેલ છે

1 A History of Sumer and Akkad
2 A History of Babylon
3 A History of Assyria—By L. W King
4 Seven Great Monarchy of the East By Rawlinson
5 Historians History of the World-અનો ભૌગોલિક વિભાગ
6 Ur of the Chaldees-by Leonard Woolley
7 Cambridge Ancient History Vol I
8 Ancient Geography
9 Jews & Jerusalem
10 Encyclopaedia Britannica—માંથી આ લેખમાં વપરાએલ શબ્દોનો ભાગ.
11 त्रिशष्टि शलाका पुरुष चरित्र-पर्व १०
12 The Times of India 19-3-35
13 Old Testament

☆

૭

ચૈત્ય શબ્દ પર વિચાર

લેખક

જૈનાચાર્ય શ્રી વિજયેંદ્રસૂરિજી

*

સ્થાનકવાસી મુનિઓએ
કરેલા ખોટા અર્થના
સાચા શાસ્ત્રીય ખુલાસા

*

નોંધ

આચાર્ય શ્રી વિજયેંદ્રસૂરિ મહારાજે તેમના "તીર્થંકર મહાવીર, ભાગ ૨ જો" નામના હમણા જ બહાર પડેલ હિંદી પુસ્તકમા સ્થાનકવાસીઓ ચૈત્ય શબ્દના અર્થ સાધુ, જ્ઞાન વગેરે કરે છે તે તદ્દન ખોટુ છે તે બતાવેલુ છે તે માટે તેમણે "ચૈત્ય શબ્દ પર વિચાર" નામનુ ખાસ પ્રકરણ લખેલ છે તે ખાસ ઉપયોગી અને સમજવા જેવુ હોઈને તેનો અનુવાદ અત્રે આપુ છુ

—ન ગિ શેઠ

*

ઔપપાતિક સૂત્રનો પાઠ

ઔપપાતિક સૂત્ર (સટીક દયાવિમળ જૈન ગ્રથમાળા ન ૨૬) સૂત્ર ૪૦ પૃષ્ઠ ૧૮૪મા પાઠ છે કે— **या चेइयाइ वदित्तए** એ જ પાઠ બાબૂવાળી પ્રતિમા તથા સાર સપાદિત ઔપપાતિક સૂત્રમાં પણ છે

સ્થા સાધુ અમોલખ ઋષિએ ઉવવાઈ સૂત્ર છપાવ્યું છે તેમાં પણ આ પાઠ તે પ્રમાણે જ છે (પત્ર ૧૬૩)

અહીં ચેઇયાઇની ટીકા અભયદેવસૂરિએ આ પ્રમાણે કરી છે— चेइयाइ ति अर्हच्चैत्यानि जिन प्रतिमा इत्यर्थ પણ અમોલખ ઋષિએ તેનો અર્થ સાધુ કર્યો છે સ્થાનકવાસી વિદ્વાન રત્નચદ્રે તેમના અર્ધમાગધી કોષમાં પણ સાધુ અર્થ આપ્યો છે અને તેના ઉદાહરણમાં ત્રણ પ્રમાણ આપ્યા છે—(૧) ઉપાસકદશાંગ ૧-૫૮, (૨) ભગવતી ૩-૨ તથા (૩) ઠાણાંગ ૩-૧

ભગવતીસૂત્રના જે પ્રમાણનું રત્નચદ્રે લખ્યુ છે ત્યાં પાઠ આ પ્રમાણે છે—णण्णत्थ अरिहत चेइयाणि वा अणगारे वा (ભગવતી સૂત્ર શ ૩, ઉ ૨ સૂત્ર ૧૪૪ પત્ર ૩૧૩)

અહીં પાઠ જ વ્યક્ત કરી દીએ છે કે ચેઇયાણિનો અર્થ સાધુ નથી કારણકે તેની પછી જ अणगारे वा આવે છે

(આનું વિશેષ વિવેચન આ પછીના પાના પર છે)

ઠાણાંગસૂત્રના ઠાણા ૩ ઉદ્દેશો ૧, સૂત્ર ૧૨૫ મા चेतित શબ્દ આવે છે તેની ટીકા અભયદેવ સૂરિએ આ પ્રમાણે કરી છે—जिनादि प्रतिमेव चैत्य श्रमण

અહીં શ્રમણનો અર્થ નહિ સમજવાથી 'સાધુ' અર્થ બેસાડવાનો પ્રયત્ન કર્યો છે અહીં શ્રમણ શબ્દ સાધુને માટે નહિ પણ ભગવાન

મહાવીરને માટે વપરાયેલ છે [illegible] [illegible]
આપીએ છીએ

(૧) [illegible] સૂત્રમા ભગવાનના ત્રણ નામો [illegible]
(૨) શ્રમણ અને (૩) મહાવીર [illegible]
કારણ બતાવતા લખ્યુ છે [illegible] (
સુબોધિકા ટીકા પત્ર ૨૫૪) અને એવા [illegible]
કૌશી છે—सहसमुदिता-सहमाविनी [illegible]
इति द्वितीय नाम

(૨) આચારાગમા પણ એ પ્રકારનો પાઠ છે—[illegible]

(૩) આવશ્યક ચૂર્ણિમા પણ એવો [illegible] ઉલ્લેખ [illegible]

(૪) સૂત્રકૃતાગમા પણ શ્રમણ ભગવાનની ટીકા [illegible]
मवत्तीर्थंकर લખેલ છે એટલે કે આ [illegible]
મહાવીર

(૫) યોગશાસ્ત્રની ટીકામા હેમચન્દ્રાચાર્ય [illegible]
इति च जनरदेन

चैत्यने अर्थ 'छद्मस्थ' कोई पण कोषमा मळतो नथी स्वय स्थानकवासी साधु रतनचदे पोताना कोषमां चैत्यने। एक अर्थ 'तीर्थकरनु ज्ञान-केवळज्ञान' एम अर्थ आपेल छे उपाध्याय अमरचदे पण चेतितने। अर्थ ज्ञान कर्यो छे (सामायिक सूत्र पृष्ट १७३) छद्मस्थावस्थामा केवळज्ञान तो थतु ज नथी

अने वळी छद्मस्थ कोण ? ज्या सुधी केवळज्ञान थयु न होय त्या सुधी सर्व साधु छद्मस्थ ज रहे छे अने सूत्रकारनुं तात्पर्य साधुथी होत तो आगळ (तेनी पछी) अणगार शब्द लख्यो नहोत.

अने जो अमोलख ऋषिनुं तात्पर्य तीर्थंकरथी होय तो अरिहत थया पछी छद्मस्थ अवस्था रहेती नथी अथवा एम कहीए के छद्मावस्था समाप्त थाय त्यारे ज अरिहत थवाय छे भगवानने केवळज्ञान थयु तेनु वर्णन कल्पसूत्रमा आ प्रमाणे आवे छे—

तएण भगवत महावीरे अरहाजाए जिणे केवली सव्व नूसव्व"रिसी

उपासक दशाग सूत्रनो पाठ

उवासग दसाओ (उपासक दशाग सूत्र)मां पाठ आवे छे के अरिहत चेइयाई हानले (Hornel) उवासग दसाओ सपादित कर्युं छे तेमा मूळ सूत्रमा तेमणे आ पाठ काढी नाख्यो छ अने पादटिप्पणमां पाठातररूपे ते पाठ आप्यो छे (पृष्ट २३)

हानेले मूळ पाठमांथी उक्त पाठ तो काढी नाख्यो पण तेनी टीकामांथी ए पाठ काढी नाखवानी तेमनी हिमत चाली नहि अने तेमणे त्यां टीका पण छापी छे के—चैत्यानि अर्ह प्रतिमालक्षणानि (पृष्ट २४)

मूळमाथी तेमणे आ पाठ शा माटे काढी नाख्यो छे तेनु कारण तेमणे तेमना अंग्रेजी अनुवादवाळा विभागनी पादटिप्पणिमां बताव्यु छे के—

દશ ઉપાસકો ' નામના ઉપસાકદશાગના ગુજરાતી અનુવાદમા ચેઇયાઇ વાળો પાઠ છોડી દીવો (પૃષ્ટ ૧૪)

પુષ્પભિક્ખુ ' (સ્થા મુનિ ફુલચદજી)એ ' સુત્તાગમે ' ચાર ભાગમા પ્રકાશિત કરાવેલ છે તેના ચોથા ભાગમા ઉવાસગ દસાઓ છે તેના પૃષ્ટ ૧૧૭૨ પર તેમણે પણ આ પાઠ કાઢી નાખ્યો છે પણ પુષ્પભિક્ખુ હાલ્લિના પ્રભાવથી પર છે ચૈત્યનો અર્થ મૂર્તિ છે અને **મૂર્તિ નામ જૈનાગમમા આવવુ જ ન જોઈએ તે માટે તેમને એમ એ લાગ્યુ કે એ પાઠ જ નહિ હોય પછી લોકો શેનો અર્થ કરશે !**

અમે અમારા આ તીર્થંકર મહાવીર ' પુસ્તકમા જ પુષ્પભિક્ખુની એવી અનધિકાર ચેષ્ટાઓની તરફ બીજા સ્થળો પર પાઠકોનુ ધ્યાન ખેચ્યુ છે અહીં અમે એ બતાવી દઈએ છીએ કે તેમની પૂર્વેના સ્થાનકવાસી વિદ્વાનો પણ ઉવાસક્દસાઓ ઉપાસક દશાગમાં એ પાઠ હોવાનો સ્વીકાર કરે છે

(૧) અર્ધ માગધી કોષ ભાગ ૨ પૃષ્ઠ ૮૭૮માં રતનચંદે એ પાઠનો સ્વીકાર કર્યો છે

(૨) ઘાશીલાલજીએ પણ ચેઇયાઇ વાળા પાઠનો સ્વીકાર કર્યો છે (પૃષ્ટ ૩૩૫)

પણ રતનચદ્ર તથા ઘાશીલાલજીએ ચૈત્યશબ્દનો અહી સાધુ ' અર્થ કર્યો છે

ચૈત્ય શબ્દ માત્ર એકલા જૈનોનો જ નથી સસ્કૃત સાહિત્યમાં અને પાલિમા તેનો પ્રયોગ થયેલો મળે છે એટલે તેના અર્થમા કોઈપણ ફેરફાર કરવાનો સભવ નથી

ચૈત્ય શબ્દનો પ્રયોગ પ્રાચીન સાહિત્યમા કયા રૂપમા
થયો છે

સંસ્કૃત ધાર્મિક સાહિત્યમાં
ચૈત્ય શબ્દ

વાલ્મીકી રામાયણ

(૧) चैत्य निकुम्भिलामद्य प्राप्य होमं करिष्यति
—યુદ્ધકાંડ સર્ગ ૮૪ શ્લોક ૧૩ પૃષ્ટ ૨૩૮
ઇ દ્રજીત નિકુંભિલા દેવીના મંદિરમાં યજ્ઞ કરવા ગયો છે
(શાસ્ત્રી નરહરી ભગનલાલ શર્મા કૃત ગુજરાતી અનુવાદ ભાગ ૨ પૃષ્ટ ૧૦૯૮)

(૨) निकुम्भिलामभिययौ चैत्यं रावणिपालितम्
—યુદ્ધકાંડ સર્ગ ૮૫, શ્લોક ૨૯ પૃષ્ટ ૨૪૦
લક્ષ્મણ રાવણપુત્રની રક્ષા કરવાવાળા નિકુંભિલાના મંદિર તરફ જવાને નીકળ્યા—ગુજરાતી અનુવાદ પૃષ્ટ ૧૦૫૯

આવા જ અર્થમાં ચૈત્ય શબ્દ વાલ્મીકી રામાયણમાં બીજા પણ ઘણા સ્થળે વપરાયો છે વિસ્તાર ભયથી અહીં બધા પાઠ આપ્યા નથી

મહાભારત

शुचिदेशमनड्वाहं देवगोष्ठं चतुष्पथम् ।
ब्राह्मणं धार्मिकं चैत्यं नित्यं कुर्यात् प्रदक्षिणाम् ।
—શાંતિપર્વ અ ૧૯૩

આચાર્ય નીલકંઠે ટીકામાં ચૈત્યનો અર્થ દેવમંદિર કરેલ છે

वृद्धहारीतस्मृति

તેના પણ બે શ્લોકમાં ચૈત્ય શબ્દ આવે છે તે આચાર્યશ્રીએ આપેલ છે પણ અહીં ઉધ્ધૃત કર્યા નથી

આ ઉપરાંત ગૃહ્ય સૂત્રોમાં પણ ચૈત્ય શબ્દ આવે છે આશ્વલાયન ગૃહ્ય સૂત્રમાં પાઠ છે કે—

चैत्ययज्ञे प्राक् स्विष्टकृतश्चैत्याय बलिं हरेत
—અ ૧ ખંડ ૧૨ સૂ ૧.

બૌદ્ધસાહિત્યમા ચૈત્ય શબ્દ

બૌદ્ધગ્રથ લલિતવિસ્તરામાં આવે છે કે જે સ્થળ પર છંદકને બુધ્ધે આભરણ આદિ દઈને પાછો મોકલ્યો હતો ત્યા ચૈત્ય બનાવવામાં આવ્યુ તે ચૈત્યને છંદક-નિવર્તન કહે છે —પૃષ્ઠ ૧૬૩

પાલી

એ રીતે બુધ્ધે જ્યારે તેમનો ચૂડામણિ ઉપર ફેંક્યો ત્યારે તે એક યોજન ઊંચે જઈને આકાશમાં રહી ગયો શકે તેના ઉપર ચૂડામણિ ચૈત્યની સ્થાપના કરી —જાતક કથા (પાલિ) પૃષ્ઠ ૪૯

બૌદ્ધ સાહિત્યમાં ચૈત્ય શબ્દનો મૂળ અર્થ જ પૂજાસ્થાન છે

Buddhist Highbreed સસ્કૃત ડિક્શનેરી ભાગ ૨ માં એવો અર્થ આપ્યો છે કે—Seems to be used more broadly than in sanskrit—as any object of veneration પૃષ્ઠ ૨૨૩

બીજા સાહિત્યમા ચૈત્ય શબ્દ

કૌટિલ્ય અર્થશાસ્ત્ર

(૧) पर्वसु च वितर्दिच्छत्रोल्लोमिकाहस्त पताकाच्छा गोपहारै चैत्यपूजा कारयेत—કૌટિલ્ય અર્થશાસ્ત્ર મૂળ પૃષ્ઠ ૨૧૦

(૨) दैवत चैत्य—એ જ પૃષ્ઠ ૨૪૪

એનો અર્થ ડૉ આર શ્યામા શાસ્ત્રીએ Temple દેવાલય કર્યો છે (પૃષ્ઠ ૨૭૩)

(૩) चैत्य दैवत्—એ જ પૃષ્ઠ ३७८

તેનો અર્થ ડા શાસ્ત્રીએ Altar યજ્ઞકુંડ કર્યો છે (પૃષ્ઠ ૪૦૮)

(૪) अन्य पादा चैत्यमुपस्थाप्य दैवतप्रतिमाच्छिद्र प्रविश्यासीत् (પૃષ્ઠ ३६३)

આ પાઠનો અર્થ સ્પષ્ટ છે કૌટિલ્ય અર્થ શાસ્ત્રમાં આ પ્રમાણે બીજા પણ ઘણે ઠેકાણે ચૈત્ય શબ્દ આવે છે

આ પ્રમાણોથી સ્પષ્ટ છે કે—ચૈત્યનો અર્થ દેવપ્રતિમા કે દેવમંદિર જ છે એનો અર્થ જ્ઞાન કે સાધુ થતો જ નથી

કેટલાક કોષોમાંથી ચૈત્યનો અર્થ બિમ્બ કે મૂર્તિ થાય છે તેના અવતરણો અહીં ઉધ્ધૃત કર્યા છે

કેટલાક કોષોમા ચૈત્યના અર્થ

(૧) અનેકાર્થ સંગ્રહમાં શ્રી હેમચંદ્રાચાર્ય લખ્યુ છે કે—

चैत्यं जिनौकस्तद्विम्बं चैत्यो जिनसभातरु ।
उद्देश वृक्षश्चोत्य तु प्रेर्ये प्रश्नेऽनुमतेपि च ॥

કાંડ શ્લોક ૩૬૨ પૃષ્ઠ ૩૦

(૨) चैत्य—Sanctuary Temple પૃષ્ઠ ૪૬૭
देवायतन चैत्य પૃષ્ઠ ૧૬૧ વૈજયન્તી કોષ

(૩) चैत्य—दैवतरो देवावासे जिनबिंब, जिनसमातरौ जिनसभीया देवस्थाने —શબ્દાર્થ ચિંતામણી ભાગ ૨ પૃષ્ઠ ૯૪૪

(૪) चैत्य-देवस्थाने શબ્દસ્તોમ મહાનિધિ પૃષ્ટ ૧૬૦

જૈન સાહિત્યમા ચૈત્યનો અર્થ

જૈન સાહિત્યમાં એવાં કેટલાય સ્થળો છે કે જ્યાં ચૈત્યનો અર્થ બીજા કોઈ રૂપમા લાગુ પડી શકતો જ નથી એક પાઠ છે—

कल्लाणं मगलं देवयं चेइयं पज्जुवासेज्जा

આ પાઠ સૂત્રકૃતાંગ (બાબુવાળા) પૃષ્ટ ૧૦૧૪, ઠાણાંગ સૂત્ર સટીક પૂર્વાર્ધ પત્ર ૧૦૮-૨, ૧૪૨-૨, ભગવતી સૂત્ર (સટીક સાનુવાદ) ભાગ ૧ પૃષ્ટ ૨૩૩ જ્ઞાતા ધર્મ કથા સટીક ઉત્તરાર્ધ પત્ર ૨૫૨-૨મા તથા ઔપપાતિક સૂત્ર સટીક પત્ર ૮-૨ માં આવેલ છે

હવે એની ટીકાઓ કેવી રીતે કરવામા આવી છે તેના ઉપર દૃષ્ટિ નાખી લેવી આવશ્યક છે—

(१) मगल देवता चैत्यमिव पर्युपासते
—दीपिका सूत्रकृतांग भावनगरना पृष्ट १०१४

(२) चैत्यमिव—जिनादि प्रतिमेव चैत्य श्रमण
—ठाणांग सूत्र सटीक पूर्वार्ध पत्र १११-२

(३) चैत्यम्-इष्ट देवता प्रतिमा—औपपातिक सटीक पत्र १०-२

(४) बेचरदासे भगवती सूत्र तथा तेनी टीकाने सपादित अने अनुवादित करेल छे तेमा टीकाना गुजराती अनुवादमा बेचरदासे लख्यु छे के—

" चैत्यनी-इष्ट देवनी मूर्तिनी—पेठे "

५ बेचरदासनी अनधीकार चेष्टा

बेचरदासे " जैन साहित्यमा विकार थवाथी थयेली हानि " मा कल्पना करी छे के—चैत्य शब्द चिता उपरथी बनेलो छे अने तेनो मूळ अर्थ देवमदिर के प्रतिमा नहि पण चिता पर बनेलु स्मारक छे

परतु जैन साहित्यमां चैत्य शब्दना प्रयोगनो प्रश्न छे त्या आवा प्रकारनी कल्पना लागु पडी शके नहि कारण के ज्यां चिता उपर निर्मित स्मारकनो प्रसग आवे छे त्या मडय चेइयेसु शब्दनो प्रयोग थयेलो छे (आचारांग सटीक २ १० १८ पत्र ३७८-१) तथा ज्या घुमट जेवु स्मारक बनेलु होय तेने माटे मडयथुभियासु शब्द आवे छे (आचारांग राजकोटवाळु पृष्ट ३४३)

निशीथचुर्णि सभाष्यमां पण मडय थूभियाणि शब्द आवे छे ज्या तेनो सबध मृतकनी साथे हतो हतो त्या तेनी साथे मडय शब्द जोडी देवामा आवतो हतो

आथी स्पष्ट छे के बधे ठेकाणे चैत्यनो अर्थ मृतकना अवशेष पर बनेलु स्मारक' एम अर्थ करवो ए सर्वथा असगत छे

બેચરદાસનું કહેવું એમ છે કે ટીકાકારોએ મૂર્તિ અર્થ કરેલો છે તે વસ્તુત તેમના મતે એ અર્થ હતો પણ મૂળ અર્થ નહિ પરંતુ એમ કહેવું તે પણ બેચરદાસની અનધિકાર ચેષ્ટા છે

ઔપપાતીક સૂત્રમા પૂર્ણભદ્ર ચૈત્યનું વર્ણન

ઔપપાતિક સૂત્રમા ચૈત્યનું વર્ણન છે ઔપપાતિક એક આગમ ગ્રંથ છે અને એમાનું વર્ણન વાચીને વાચક પોતે જ પોતાની મેળે નિર્ણય કરી શકે છે કે જૈન સાહિત્યમાં ચૈત્યનું તાત્પર્ય કઈ વસ્તુ સાથે છે

ચૈત્યના વર્ણનનો પાઠ

(ગુજરાતી અક્ષરમા લખ્યુ છે)

તીસેણ ચપાએ ણયરીએ બહિયા ઉત્તર પુરત્થિમે દિસિભાએ પુણ્ણભદ્દે ણામ ચેઈએ હોત્થા ચિરાઈએ પુવ્વપુરિસ પણ્ણત્ત પોરાણે સદ્દિએ કિત્તિએ ણાએ સચ્છત્ત સજ્ઝએ સઘટે સપડાગે પડાગાઈ પડાગપડિએ સલોમ હત્થે કયવયડ્ડિએ લાઉલ્લ ઉલ્લોઈય મહિએ ગોસીર સરસ રત્ત ચ દણ દદ્દર દિણ્ણ પચ ગુલિતલે ઉવચિય ચદન કલસે ચદન ઘડ સુકય તોરણ પડિદુઆર દેસભાએ અસિત્ત વસિત્ત વિઉલ વટ્ટ-વગ્ઘારિય મલ્લદામકલાવે પચ વણ્ણ સરસ સુરભિ મુક્ક પુપ્ફ પુજોવયાર કલિએ કાલાગુરુ-પવરકુદુરુક્ક-તુરુક્ક ધૂવ મઘમઘત ગધુદ્ધયાભિ રામે સુગધવર ગધગધિએ ગધવટ્ટિભૂએ ણડ ણ ગ જલ્લ મલ્લ મુઠ્ઠિય વેલબગ પવગ કહગ લાસગ આઇક્ખગ લખમખ તૂણઇલ્લ તુબ વીણિય ભુયગ માગદપરિગએ બહુ જણજણવયસ્સ વિસ્સુયકિત્તિએ બહુ જણસ્સ આહુસ્સ આહુણિજ્જે પાહુણિજ્જે અચ્ચણિજ્જે વદણિજ્જે નમસણિજ્જે પુયણિજ્જે સક્કારણિજ્જે સમ્માણણિજ્જે કલ્લાણ મગલ દેવય ચેઇય વિણએણ પજ્જુવાસણિજ્જે દિવ્વ સચ્ચે સચ્ચોવાએ સણ્ણિહિએ પડિહારે જાગ સહસ્સ ભાગ પડિચ્છએ બહુ જણો અચ્ચેઇઆગમ્મ પુણ્ણભદ્દ ચેઇય

અર્થ—તે ચપા નગરીની ઉત્તર-પૂર્વ દિશાના મધ્ય ભાગમાં ઈશાન ખુણામાં પૂર્વના પુરુષોએ પ્રશસ્ત-પ્રશસિત કરેલ, ઉપદેશ રૂપમાં પ્રકાશિત કરેલ, ઘણા કાળનુ બનેલુ અત્યત પ્રાચીન અને પ્રસિદ્ધ પૂર્ણ ભદ્ર નામનુ એક ચૈત્ય હતુ તે ધ્વજા, છત્રા, પતાકા, લોમહસ્ત મોરપિચ્છી તથા વેદિકા આદિથી સુશોભિત હતુ

ચૈત્યની અદર ની ભૂમિ ગોમય (છાણ) આદિથી લીંપેલી હતી અને દિવાલો પર શ્વેતરગની ચમકદાર માટી લગાડેલી હતી અને તેના ઉપર ચદનના થાપા લગાવેલા હતા તે ચૈત્ય ચદનના સુદર કળશોથી મડિત હતુ તથા તેના દરેક દરવાજા ઉપર ચદનના ઘડાનું તોરણ બાધેલુ હતુ તેમાં ઉપર નીચે સુગધી પુષ્પોની મોટી મોટી માળાઓ લટકાવેલી હતી પચરગી સુગધી ફુલો તથા ઉત્તમ પ્રકારની સુગધ યુક્ત ધૂપોથી તે ખૂબ મહેકી રહ્યુ હતુ

તે ચૈત્યનો અદરનો ભાગ નટ નર્તક જલ્લ મલ્લ, મૌષ્ટિક વિદૂષક કૂદવાવાળા તરવાવાળા જ્યોતિષી રાસ કરવાવાળા, કથા કરવાવાળા ચિત્ર બનાવવાવાળા, વીણા બજાવવાવાળા ગાવાવાળા ભોજક આદિ લોકોથી વ્યાપ્ત રહેતુ હતુ

એ ચૈત્ય અનેક લોકોમાં અને અનેક દેશોમાં વિખ્યાત હતુ ઘણા લોકો ત્યાં આહુતિ દેવાને, પૂજા કરવાને, વાંદવાને તથા પ્રણામ કરવાને માટે આવતા હતા આ ચૈત્ય ઘણા લોકોને સત્કાર, સન્માન તેમજ ઉપાસનાનું સ્થાન હતુ તથા કલ્યાણ અને મગળરૂપ દેવતાના ચૈત્યની માફક વિનયપૂર્વક પર્યુપાસનીય હતુ

તેમા દૈવી શક્તિ હતી અને તે સત્ય તથા સત્ય ઉપાય વાળા એટલે ઉપાસકોની લૌકિક કામનાઓને પૂર્ણ કરવાવાળુ હતુ અને ત્યાં હજારો યજ્ઞોના ભાગ, નૈવેદ્યના રૂપમાં અર્પણ કરવામાં આવતા હતા એ પ્રકારે અનેક લોકો દૂર દૂરથી આવીને એ પૂર્ણભદ્ર ચૈત્યની અર્ચા પૂજા કરતા હતા

પૂર્ણભદ્ર તો યક્ષ હતો તે ત્યા (ચૈત્યની જગ્યાએ) મગી આપેલો નહોતો કે જેવી ચિતા ઉપર મંદિર બનાવ્યુ હોય

ઔપપાતિક સૂત્રમા નગરનુ વર્ણન

જૈન શાસ્ત્રોમાં નગરના વર્ણન આવે છે તેમાં પણ ચૈત્ય આવે છે ઔપપાતિક સૂત્રમા ચપાના વર્ણનમાં (સગી પત્ર ૨ માં)—

आयारवंत चेइय

પાઠ આવે છે ત્યાં તેની ટીકા નીચે આપવામા આવેલી છે—

आकारवति-सुन्दराकाराणि आकारचित्राणि वा यानि चैत्यानि-दैवतायतनानि

રાજપ્રશ્નીય સૂત્રમાનો પાઠ

રાયપસેણીમાં પણ એ પાઠ આવે છે (બેચરદાસ સપાદિત પત્ર ૪) ત્યાં તેની ટીકા છે કે—आकारवति सुन्दराकाराणि चैत्यम्

રાયપસેણીમા જ એક અન્ય પ્રસગમા (સૂત્ર ૧૩૯)માં धूव दाऊण जिणवराण પાઠ આવે છે આ પાઠથી સ્પષ્ટ છે કે જિનવર **અને તેની મૂર્તિમા કોઈ ભેદ નથી, જે મૂર્તિ તે જ જિન!**

બેચરદાસે રાયપસેણીના અનુવાદ (પત્ર ૯૩)મા તેનો અર્થ કર્યો છે કે— તે પ્રત્યેક પ્રતિમાઓ આગળ ધૂપ કર્યો ' બેચરદાસ રાયપસેણિય સુત્તનો એક ગુજરાતી અનુવાદ પણ પ્રકાશિત કરાવેલ છે તેમાં પૃષ્ટ ૯૬ પર એવો જ અનુવાદ આપેલો છે

ચેઇય ચૈત્ય શબ્દ ઉપરની ટીકાઓ

વિશેષ સ્પષ્ટીકરણ માટે ચેઇય શબ્દ ઉપર કરવામાં આવેલી થોડીક ટીકાઓ અહીં આપી છે—

(१) चेइय—इष्टदेव प्रतिमा भग २–१ भाग १ पत्र २४८

(२) चैत्यानि—अर्हत् प्रतिमा आवश्यक हरिभद्रीय पत्र ५१०–१

(३) चैत्यानि—जिन प्रतिमा प्रश्न व्याकरण पत्र १२६–१

(४) चैत्यानि—देवतायतनानि उववाई पत्र ३

(५) चैत्यम्—इष्टदेव प्रतिमा उववाई पत्र १०

(६) चैयावत्त चेयमिति कोऽर्थ इत्याह—व्यन्तर' मिति जीर्ण पतितप्रायमविद्धारित देवता विशेषाश्रय भूतमित्यर्थ मलधारी हेमचंद्रकृत आवश्यक टीका टिप्पण पत्र २८–१

बौद्ध ग्रथोमा चैत्य

चैत्य ए पूजानु स्थान हतु ए वात बौद्ध ग्रथोमा पण प्रमाणित छे बुद्धे वैशालीना सबधमा कह्यु के—

वज्जी यानि तानि वज्जीन वज्जि चेतियानि अब्भन्तरानि चेव बाहिरानिच तानि सक्करोति गरु करोति मानेंति पूजेंति, तेसं च दिन्नपुब्बकतपुब्ब बलिं नो परिहापन्ती ति—दीघनिकाय (महावग्ग, नालदा सस्करण) पृष्ठ ६०

वज्जिओना नगरनी अदर के बहार जे चैत्य छे तेनो तेओ सत्कार करे छे, पूजे छे तेने माटे पहेला आपेलां दानने, पहेलां धर्मानुसार आपेली बलिनो लोप करता नथी—दीघनिकाय हिंदी अनुवाद पृष्ठ ११८

वैशालीना स्तूपनु महत्त्व

वैशालीनी चैत्यपूजानु महत्त्व जैन ग्रथोमा पण वर्णवेल छे उत्तराध्ययननी टीकामां मुनिसुव्रत स्वामीना स्तूपनु वर्णन आवे छे (नेमिचदनी टीका पत्र २–१) तथा कुणिकना युद्धना प्रसगमा

કહ્યુ છે કે જ્યા સુધી સ્તૂપ રહેશે ત્યા સુધી વૈશાલીનું પતન થશે નહિ

ઘાસીલાલજીએ કરેલ ખોટો અર્થ

ઘાસીલાલજીએ ઉપાસક દશાંગના તેમના અનુવાદમા (પૃષ્ટ ૩૩૯) લખ્યુ છે કે—

"ચૈત્ય શબ્દનો અર્થ સાધુ થાય છે બૃ ૩ પ ભાષ્યના છ ? ઉદ્દેશાની અંદર આધા આધ-યમકમ્મે૦ ગાથાની વ્યાખ્યામા ક્ષેમકીર્તિ સૂરિએ ચેત્યોદ્દેશિકસ્ય નો અર્થ સાધુઓના ઉદ્દેશથી બનાવેલ અશન આદિ' એમ અર્થ કર્યો છે

ઘાસીલાલે જે પ્રસગનો ઉલ્લેખ કર્યો છે તે પ્રસગ જ અહીં આપી દઉ છુ કે જેથી વાચકો સહજ સહિત આખી સ્થિતિ સમજી જશે અહીં મૂળ ગાથા આ પ્રમાણે છે—

आहा अधे य कम्मे, आयाहम्मे य अत्त कम्मे य।

त पुण आहाकम्म कप्पति ण व कप्पती कस्स ॥ ६३७ ॥
—आधाकर्म अध कर्म आत्मकर्म चेति औ देशिकस्य साधूनुद्दिश्य कृतस्य भक्तादेश्चत्वारि नामानि। तत् पुन आधाकर्म कस्य कल्पते? कस्य वा न कल्पते?—बृहत्क १ सनियुक्ति लघुभाष्य वृत्ति सहित, विभाग १ पृष्ट १६८२–८३

અહીં મૂળમા ચૈત્ય શબ્દ જ કયા છે કે જેની ટીકાની અપેક્ષા રખાય? ખરેખર લોકોને ભ્રમમાં નાખવાને માટે चेति (च + इति) તથા औद्देशिकस्य એ ત્રણ શબ્દોની સંધિ કરીને चेत्योद्देशिकस्य કરીને ઘાસીલાલે તેનો ખોટી રીતે મેળ બેસાડવાની ચેષ્ટા કરી છે એ પાઠમા કે તેની ટીકામા ક્યાય પણ ચૈત્ય શબ્દ આવતો જ નથી

ઘાસીલાલજીનુ કહેવુ છે કે કોઈપણ કોષમાં ચૈત્ય શબ્દનો મૂર્તિ અર્થ બતાવેલ જ નથી અને તેના સમર્થનમાં તેમણે પદ્માચ દ્રકોષનુ ઉદ્ધરણ આપ્યુ છે

પણ પહેલી વાત તો એ કે તે કોષમા 'સાધુ' અર્થ કયા લખ્યો છે?

બીજી વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે એ જ કોષમા અને ઘાસીલાલજીના એ જ ઉદ્ધરણમા ચૈત્યનો એક અર્થ બિબ પણ આપેલ છે ઘાસીલાલે બીજા કઈક ઉદ્ધરણોથી તેનો અર્થ કરતાં લખ્યુ છે કે 'બિબ'નો અર્થ મૂર્તિ થતો નથી ત્યારે અમે હવે અહી થોડાક કોશોમાથી બિબ' શબ્દનો અર્થ બતાવી દેવા ચાહીએ છીએ—

થોડાક કોષોમાથી બિબનો અર્થ

(૧) बिंब = A statue figure idol જેમકે—हेमबिम्बनिभा सौम्या मायेव मयनिर्मिता—રામાયણ ૬ ૧૨-૧૪—આપ્ટેની સસ્કૃત ઈંગ્લીશ ડિક્શનેરી ભાગ ૨ પૃષ્ઠ ૧૧૬૭

(૨) बिंब = An image shadow reflected or presented form picture—રામાયણ ભાગવતપુરાણ રાજતરગિણી ૦િનો મૂર્તિના અર્થમાં હેમચદ્રાચાર્ય પણ પ્રયોગ કરેલ છે चैत्य जिनौकस्तद् बिंब—અનેકાર્થ કોષ કા ૨ શ્લોક ૩૬૨

થોડા આધુનિક વિદ્વાનોના મત

ચૈત્ય શબ્દના સબધમા હવે અમે થોડા આધુનિક વિદ્વાનોના મત આપવા ચાહીએ છીએ કોઈ પણ પ્રકારનો ભ્રમ થાય કે રહે નહિ માટે અમે મૂળ ઉધ્ધરણ જ અહીં આપી દેવા ઇચ્છીએ છીએ

(૧) चैत्य (सं चैत्य) In its most commonsense has come to mean a shrine associated with buddhism But the word in its original use was not exclusively buddhist for there are *references to Brahmanical* and *Jain* Chaityas as well. Thus the word must have been originally used in the sense of any sacred spot or edifice or sanctuary meant for popular worship — Geography of Early Buddhism બિમલચરણ લા કૃત. ૬૮ ૭૪

અર્થ—સાધારણ રૂપમાં ચૈત્યનો અર્થ બૌદ્ધધર્મ સાથે સમ્બન્ધિત મંદિર કે પૂજાસ્થાન છે પરંતુ મૂળ રૂપમાં એ શબ્દનો પ્રયોગ કેવળ બુદ્ધધર્મથી સમ્બન્ધિત નહોતો. કારણ કે બ્રાહ્મણ અને જૈન ચૈત્યોના પણ સંદર્ભ મળે છે તેથી કહેવું જોઈએ કે મૂળ રૂપમાં એ શબ્દનો અર્થ કોઈ પવિત્ર સ્થાનને માટે વેદિકાના માટે અથવા પૂજા નિમિત્ત મંદિરને માટે થતો હતો.

(૨) In the pitakas this word means a popular shrine unconnected with either Buddhist or Brahmanical ceremonial some times perhaps merely a sacred tree or stone probably honoured by such simple rites as decorating it with paint or flowers—સર ચાર્લ્સ ઇલિયટ કૃત Hinduism and Buddhism ભાગ ૨ પૃષ્ઠ ૧૭૨—૭૩

અર્થ—પિટકોમાં આ શબ્દનો અર્થ સર્વ સાધારણને માટે પૂજાસ્થળ છે તેનો બૌદ્ધો કે બ્રાહ્મણો સાથે સંબંધ નથી ક્યારે ક ક્યારે ક ચૈત્યમાં માત્ર વૃક્ષ કે પત્થર હતો.

તથા ફૂલોથી તેને મઢ્યો તેના પ્રત્યે આદરમાન પ્રગટ કરવામાં આવતા

(૩) The most general name for sanctuary is Chaitya (પ્રા ચેતિય) a term not only applying to building but to sacred Trees Memorial stone Holy stupas, Images religious inscriptions Hence all edifices having the character of a sacred monument or Chaityas—એ કન લિખિત Manual of Buddhism (પૃષ્ટ ૫૧)

અર્થ—પૂજ્ય સ્થાન માટે સૌથી પ્રચલિત શબ્દ ચૈત્ય (પ્રા ચેતિય) હતો ફક્ત કોઈ ભવનને જ તે શબ્દ લગાડવામાં આવતો ન્હોતો પણ પવિત્ર વૃક્ષ સ્મારક શિલા સ્તુપ મૂર્તિઓ તથા ધર્મલેખનને પણ લગાડવામાં આવતો તેથી કહેવુ જોઈએ કે સઘળા સ્થાન જ્યાં પવિત્ર સ્મારક હોય તે ચૈત્ય છે

(૪) In a secondary sense to a temple or shrine containing a Chaitya or Dhatugarbh Chaityas or Dagobas or an essential feature of temples or chapels constructed for purpose of worship there being a passage round the Chaitya for circumbulation (પ્રદક્ષિણા) and for this such temples have received their appellation the name of Chaityas flowers, applied not only to sanctuaries but to sacred trees, holy spot and other religious monuments —એ ગ્રુનવડેલ લિખિત Buddhist Art in India અનુવાદક—ગિબ્સન જે બર્જેસ દ્વારા પરિવર્ધિત પૃષ્ટ ૨૦—૨૧

અર્થ—તેનો બીજો ભાવ મંદિર કે પૂજાસ્થાન છે કે જેનો ચૈત્ય કે ધાતુગર્ભથી મગધ રહેતો હતો. ચૈત્ય અથવા ગોળા મંદિર અથવા પૂજાસ્થાનનુ તે આવશ્યક અંગ હતુ ચૈત્યની ચારે બાજુ પ્રદક્ષિણા માટે સાંકડો રસ્તો રાખવામા આવતો અને તેથી તે મંદિરને ચૈત્ય નામ આપવામાં આવ્યું ચૈત્ય શબ્દ મંદિરને જ નહિ પણ પવિત્ર વૃક્ષ, પવિત્ર સ્થાન અથવા બીજા ધાર્મિક સ્મારકોને તે નામ આપવામા આવતુ

(૫) Shrine = મંદિર

—ડૉ જગદીશચંદ્ર જૈન લિખિત Life in Ancient India as depicted in the Jain Canons. પૃષ્ઠ ૨૩૮



૮

સ્થા. મુનિશ્રી ઘાસીલાલજીએ સૂત્રોના કરેલા ખોટા અર્થ

લેખક
જૈનાચાર્ય શ્રી વિજયેન્દ્ર સૂરિજી

*

નોંધ

આચાર્ય મહારાજશ્રી વિજયેન્દ્ર સૂરિજી રચિત "તીર્થંકર મહાવીર ભાગ ૨ જો" પુસ્તક હમણા જ બહાર પડેલ છે તેમા આચાર્ય મહારાજશ્રીએ સ્થા મુનિ શ્રી ઘાસીલાલજી મહારાજે તેમના સૂત્રોમા શબ્દોના ખોટા અર્થ કરેલા છે તે બતાવેલુ છે સાપ્રદાયિક મોહને વશ થઈને શ્રી ઘાસીલાલજીએ શબ્દોના કેવા ખોટા અર્થ કર્યા છે તે આચાર્ય મહારાજે બતાવેલ છે તે હુ તેમના શબ્દોમા જ અહીં ઉદ્ધૃત કરૂ છુ એટલે કે મૂળ હિંદીનો અહીં અનુવાદ આપુ છુ

—ન ગિ શેઠ

કયબલિકમ્માનો અર્થ

ઘાસીલાલજીએ ઉપાસક દશાંગને જે અનુવાદ કર્યો છે તેમા તેમણે 'જાવ' શબ્દથી વર્ણન પૂરુ તો કર્યું પણ તેમાં બલિકમ્મ શબ્દ છોડી દીધો! અને મૂળના ન્હાય જાવ પાયચ્છિત્ત પાઠમાથી પાયચ્છિત્તનો અનુવાદ છોડી દીધો!

આ પાઠ ઔપપાતિક સૂત્રમા બે જગ્યાએ આવે છે (ઔપપાતિક સૂત્ર સટીક સૂત્ર ૧૧ પત્ર ૪૨ તથા સૂત્ર ૨૭ પત્ર ૧૧૧) ઔપપાતિક સૂત્રનો ઘાસીલાલજીએ જે અનુવાદ કરેલ છે તેમાં બલિકમ્મનો અનુવાદ પૃષ્ઠ ૧૦૬ માં 'પશુપક્ષી આદિને માટે અન્નના વિભાગ રૂપ બલિકર્મ કર્યું" અને પૃષ્ઠ ૩૫૮ મા તેનો અર્થ 'કાગડા આદિને અન્નાદિ દાન રૂપ બલિકર્મ કર્યું' એમ અર્થ કરેલ છે

ઘાસીલાલ સ્થાનકવાસી છે પણ તેમનો એ અર્થ અન્ય સ્થાનકવાસી લોકોને પણ અમાન્ય છે!

સ્થાનકવાસી વિદ્વાન રતનચંદ્રે (રતનચંદે) અર્ધમાગધી કોષ પાંચ ભાગમાં લખ્યો છે તેના ત્રીજા ભાગના પૃષ્ઠ ૬૭૨ માં બલિકમ્મનો અર્થ 'ગૃહ દેવતાની પૂજા' (સૂત્ર ૧૧) તથા દેવતાને નિમિત્તે દેવાતું (સૂત્ર ૨૭) એમ અર્થ કરેલ છે રતનચંદજીના આ ઉદ્ધરણથી જ સ્પષ્ટ છે કે ઘાસીલાલે કેવી [illegible] ચેષ્ટા કરી છે

પ્રાચીન ભારતમા સ્નાન કર્યા પછી આ સર્વ ક્રિયાઓ કરવાની પરંપરા સર્વમા હતી, ભલે પછી તે અન્યતીર્થિક હોય અથવા વ્રતધારી શ્રાવક હોય આ વાત ઔપપાતિક સૂત્રના પાઠથી સ્પષ્ટ છે કે જેમા કૂણિક (કોણિક–અજાતશત્રુ) રાજા (સૂત્ર ૧૧) તથા તેના અધિકારી (સૂત્ર [illegible]) એ ક્રિયાઓ કરે છે ડૉ જગદીશચંદ્ર જૈને તેમના Life

તેનો બરાબર અર્થ કર્યો છે કે—having made the offering to house-gods (પૃષ્ટ ૨૩૧)

બેચરદાસે ' ભગવાન મહાવીરના દસ ઉપાસકો ' મા (પૃષ્ટ ૪૧) આ આખો પ્રસગ જ છોડી દીધો છે

ચેઇયાઇ શબ્દનો કરેલ ખોટો અર્થ

ઉપાસક દશાગમાં અરિહત ચેઇયાઇ પાઠ આવે છે ઘાસીલાલજીએ ચેઇયાઇ વાળા પાઠનો સ્વીકાર તો કર્યો છે (પૃષ્ટ ૩૩૫) પણ રતનચદ તથા ઘાસીલાલજીએ અહીં ચૈત્ય ચૈત્ય શબ્દનો અર્થ 'સાધુ કર્યો છે

ચૈત્યનો અર્થ સાધુ કયાય કદી થતો નથી એ વાત આચાર્યશ્રીએ ' ચૈત્ય શબ્દ પર વિચાર " નામના આ પહેલાના પ્રકરણમા બતાવી દીધી છે

ઘાસીલાલજીએ બૃહત્કલ્પમાથી કરેલુ ખોટુ ઉદ્ધરણ

વળી ઘાસીલાલજીએ તેમના ઉપાસક દશાંગના પૃષ્ટ ૩૩૩ ઉપર બૃહત્કલ્પ સૂત્રમાથી તદ્દન ખોટુ ઉદ્ધરણ કયુ છે અને તેમા ચૈત્ય શબ્દ આવતો જ નથી પણ ખોટી રીતે ચૈત્ય શબ્દ છે એમ બતાવી ત્યા ચૈત્યનો અર્થ સાધુ થાય છે એમ જૂઠી પ્રરૂપણા કરી છે તેનો સવિસ્તર ખુલાસો મૂળપાઠ સહિત આપીને આચાર્ય શ્રી વિજયેન્દ્ર સૂરિ મહારાજે ત્યાં ચૈત્ય શબ્દ જ નથી તે બતાવી આપીને સ્થા મુનિ ઘાસીલાલજીનુ જૂઠાણુ ખુલ્લુ પાડેલુ છે તેની વિગત પણ આ પુસ્તકમાં જ "ચૈત્ય શબ્દ પર વિચાર " નામના આ પહેલાના પ્રકરણમાં આપેલ છે

ઘાસીલાલજીની શકડાળની
ખોટી વાત

[illegible] ઘાસીલાલજીએ [illegible] ચૈત્યનો અર્થ મૂર્તિ થતો જ નથી એમ જણાવ્યું છે શ્રી ઘાસીલાલજીનું એ જૂઠું પણ [illegible] આચાર્ય શ્રી વિજયનેમિ સૂરિજીએ તેમના ઉપર [illegible] ચૈત્ય શબ્દ ઉપર વિચાર નામના [illegible] તેની વિગત સહિત [illegible] આપ્યું છે કે ચૈત્યનો અર્થ જિન મૂર્તિ વગેરે ઘણા કોશોમાં આપેલ છે

સંપ્રદાય મોહથી મુનિઓ કેવા જૂઠાણા ચલાવે છે !
ઘાસીલાલજીએ જાણીબુઝીને કેવા જૂઠાણા ચલાવ્યા છે !

—ન ગિ શેઠ



૯

મૂર્તિને વદન

મૂર્તિને વદન ધર્મ છે તેની અનેક પ્રમાણોથી સિદ્ધિ

તીર્થંકરોના વખતમા તીર્થંકરોની મૂર્તિ-મદિરો હતા તે આગલા પ્રકરણોમા અનેક પ્રમાણોથી સિદ્ધ કરી બતાવ્યુ છે હવે મૂર્તિને વદન નમસ્કાર કરી ભાવપૂજા કરવી તે પણ ધર્મ છે તે અહીં વ્યવહાર, ઈતિહાસ, ધર્મ અને સૂત્ર એમ ચાર જુદી જુદી રીતે સાબિત કરીશુ

શ્રી રતનલાલજી ડોશીએ તીર્થંકરોની મૂર્તિ અનાદિથી હતી એમ તો આડકતરી રીતે કબૂલ કરેલ છે પરતુ મૂર્તિને માનવી એટલે તેને વદન કરવુ એ તો દેહપૂજા થઈ અને દેહપૂજા એ તો અધર્મ છે એમ માનીને શ્રી ડોશીજી મૂર્તિનો વિરોધ કરે છે તેથી પહેલા એ બાબતનો વિસ્તારથી વિચાર કરીએ

વદન એ દેહ પૂજા નથી

કોઈ પણ મનુષ્યને વદન કરવુ તે તેના દેહની પૂજા નથી તેના આત્માને વદન થય છે તેવી જ રીતે મૂર્તિને વદન કરવુ એટલે મૂર્તિના દેહની પૂજા થઈ એમ નથી પણ જેની તે મૂર્તિ હોય તે

આત્માને વદન કર્યું ગણાય છે તેવી જ રીતે તીર્થંકર ભગવાનની મૂર્તિને વદન કરવુ તે તીર્થકર ભગવાનને જ વદન કરવા બરાબર છે કારણ કે મૂર્તિ એ ભગવાનનુ પ્રતીક છે

સાધુને વદન નમસ્કાર કરવામા આવે છે તે વદન સાધુના જડ શરીરને નહિ પણ તેમા રહેલા તેમના આત્માને કરવામા આવે છે તેવી જ રીતે મૂર્તિમા તીર્થંકર ભગવાનનુ આરોપણ કર્યું છે તે પછી તેને વદન કરવા તે ભગવાનને જ વદન કરવા બરાબર છે એટલે તે વદનમા અધર્મ નહિ પણ ધર્મ જ છે [વિશેષ માટે જુઓ "મૂ જૈ ધ" પૃષ્ઠ ૪૫૮-૪૫૯.

મૂર્તિમા ભગવાનનુ આરોપણ કરી શકાય છે

સ્થાનકવાસીઓની વતી શ્રી ડોશીજી દલીલ કરે છે કે મૂર્તિમાં ભગવાનનુ આરોપણ થઈ શકે નહિ કારણ કે સોનામા પિત્તળનુ આરોપણ થઈ શકતું નથી

પણ વ્યવહારમા શ્રી ડોશીજીની દલીલથી ઊલટુ જ બને છે

પિત્તળમા તો સોનાનુ શુ પણ કાગળના ટુકડામાય સોનાનુ આરોપણ પણ આજેય થઈ રહ્યું છે કિંમત વિનાના કાગળના ટુકડામાં એક સો કે એક હજાર રૂપીઆની નોટ છાપીને તેની સો કે હજાર રૂપીઆની કિંમત ગણવામા આવે છે તે કાગળના ટુકડામાં તેટલા સોનાનુ આરોપણ થયુ છે

રાજા મહારાજા દેશનેતા વગેરેના બાવલાઓ સરિયામ રસ્તા ઉપર મૂકાય છે તે બાવલાઓમા તે તે રાજા દેશનેતા વગેરેનું આરોપણ કરાય છે તેવી રીતે ભગવાનની મૂર્તિમા ભગવાનનુ આરોપણ કરી શકાય છે

વડીલોના ફોટામાં વડીલોનુ આરોપણ કરાય છે તેમ જ રીતે ભગવાનના ફોટો-ચિત્રમા કે મૂતિમાં ભગવાનનુ આરોપણ કરી શકાય છે

એટને શ્રી ડોશીજીની કે સ્થાનકવાસીઓની આ દલીલ ખોટી છે

આ સબધમા વિશેષ વિગત માટે "મૂળ જૈન ધર્મ અને હાલના સપ્રદાય" પુસ્તકના પાના ન ૮૭-૮૮ તથા ન ૪૫૩મા પ્રશ્ન ૩ જાનો ઉત્તર વાચો

હા એટલુ ખરૂ કે ભગવાન વીતરાગ સ્વરૂપ છે અને વીતરાગ સ્વરૂપની મૂર્તિ હોય તેમા જ ભગવાનનુ આરોપણ થઈ શકે અને તે મૂતિને જ વદન થઇ શકે પણ વીતરાગ સ્વરૂપ ન હોય તેની મૂર્તિ તીર્થંકર ભગવાનની હોય નહિ તથી તેવી મૂતિને વદન કરવુ તે અધમ છે

હવે વીતરાગ તીર્થંકર ભગવાનની મૂતિને વદન કરવુ તે ધર્મ છે તે આપણે ચાર જુદી જુદી રીતે વિચારીએ—(૧) વ્યવહારની રીતે (૨) ઐતિહાસિક રીતે, (૩) ધર્મની રીતે અને (૪) સૂત્ર શાસ્ત્રની રીતે

૧

વ્યવહારની રીતે

આપણા બાપ દાદાના કે વડીલોના ફોટા છબી કે મૂતિ હોય છે તેનુ આપણે માન સાચવીએ છીએ આ મ રા દાદા મહા ધમિષ્ટ હતા આ મારા પિતા ધમના સ્તભ એવા મહાપુરુષ હતા આ મારા પ્રાતઃસ્મરણીય વડીલ ધર્મારાધનમાં એક્કા હતા એમ કહીને તેમના ગુણો યાદ કરીને તેમને વદન કરવામા આવે છે

જોવાનો હેતુ શો ?

કોઇ પણ વસ્તુ જોવાની ઇચ્છા તેના તરફ પ્રેમભાવ હોય તો જ થાય જો દ્વેષભાવ હોય તો તે વસ્તુ જોવાની પણ ઇચ્છા ન થાય એટલુ જ નહિ પણ તેને પોતાની નજરથી દૂર કરવાની જ ઇચ્છા થાય એટલે મૂર્તિ જોવાની ઇચ્છામા પ્રેમ જ મુખ્ય કારણ છે !

હવે એ પ્રેમ એટલે શુ તે સમજવુ જોઇએ અહીં આપણે **તીર્થંકર ભગવાનોની મૂર્તિની જ વાત કરીએ છીએ તે** ભૂલવુ નહિ ભગવાનની મૂર્તિ તરફનો પ્રેમ એટલે ભગવાનની ભક્તિ ભગવાન પ્રત્યે પ્રેમ અને ભક્તિ એક સાથે જ હોય કારણ કે ભગવાન પૂજ્ય છે તે તો સર્વમાન્ય વાત છે એટલે **ભગવાનમા પ્રેમ ત્યા તેમના પ્રત્યે ભક્તિભાવ પણ હોય જ અને ભક્તિ ત્યા પ્રેમ પણ હોય જ**

એટલે ભગવાનની મૂર્તિને જોવાની ઇચ્છા કરનાર તેમની ભક્તિ ન કરે તેમ બને જ નહિ અને ભગવાનની મૂર્તિ જોવા ન ઇચ્છનારને ભગવાન તરફ પ્રેમ-ભક્તિ નથી એમ પણ સાબિત થયુ

શ્રી ડોશીજીના કહેવા પ્રમાણે સ્થાનકવાસીઓની માન્યતા મૂર્તિ જોવા પુરતી જ ઉપયોગી હોવાની માન્યતા છે એ વાત ખોટી ઠરે છે, **કારણ કે મૂર્તિને જોવા ઇચ્છનાર પ્રભુની પ્રેમથી ભક્તિ કરે જ**

શ્રી ડોશીજીના કહેવા પ્રમાણે સ્થાનકવાસીઓની બીજી વાત એ કે મૂર્તિનો ઉપયોગ આવશ્યકતા પડે તો દેખવા પૂરતો છે ત્યારે હવે આવશ્યક્તા ક્યારે હોય અથવા આવશ્યકતા ક્યારે પડે તે વિચારવુ જોઇએ

ભગવાન તરફ પ્રેમ હોય તો જ તેની મૂર્તિ જોવાની ઇચ્છા થાય એટલે મૂર્તિ જોવાની આવશ્યક્તા થવાનુ કારણ પણ ભગવાનનો પ્રેમ છે એ સિદ્ધ થયુ એટલે કે ભગવાન તરફ જેને પ્રેમ ભક્તિ ન

હોય તેને તેમની મૂર્તિ જોવાની ઇચ્છા જ ન થાય અને તેથી તેને મૂર્તિની આવશ્યકતા જ રહેતી નથી

આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે શ્રી ડોશીજીના કહેવા પ્રમાણે સ્થાનકવાસીઓને મૂર્તિની આવશ્યકતા નથી લાગતી, નથી દેખાતી કારણ કે તેમનામા ખરેખર પ્રભુ તરફ પ્રેમ કે ભકિત નથી

ડોશીજીનુ આ મતવ્ય સાચુ છે કે ખોટુ તે તો સ્થાનકવાસીઓએ પોતે જ નક્કી કરવાનુ છે

શાસ્ત્રમાં પ્રભુનુ વર્ણન વાચુ હોવા છતા પ્રભુના આકારનો સાચો ખ્યાલ આવી શકતો નથી અને તેથી ભગવાનના ગુણનુ તાદૃશ્ય સ્વરૂપ ધ્યાનમાં આવી શકતુ નથી પણ ભગવાનની મૂર્તિ જોવાથી તેમના સ્વરૂપનો ખ્યાલ આવી જાય છે એટલુ જ નહિ પણ પોતે પણ તેમના જેવા બનવાનો પ્રયત્ન કરે તેવી પ્રેરણા પણ મળે છે એટલે કે જ્યા સુધી પ્રભુએ કહેલા તપ સયમમાં દૃઢ ન થવાય ત્યા સુધી મૂર્તિની પ્રેરણાની જરૂર રહે છે

શ્રી ડોશીજી પ્રભુ ભક્તિને ઇચ્છા-મોહ કહે છે

શ્રી ડોશીજી મૂર્તિને અમાન્ય ગણે છે કારણ કે તેઓ પ્રભુ ભક્તિને ઇચ્છા-મોહ કહે છે એટલે કે તેને હેય ગણે છે એ રીતે ભગવાનની મૂર્તિ તરફના દ્વેષને લીધ ભગવાનનુ અને ભગવાનના ભક્તોનુ શ્રી ડોશીજી કેવુ અપમાન કરે છે તે જુઓ—

તા ૨૦-૩-૧૯૬૩ના "સમ્યગ્ દર્શન"ના ૧૬૯ મા પાને શ્રી ડોશીજી લખે છે કે—

भक्तों की इच्छा-मोह ही से जैन धर्म में मूर्ति का प्रवेश हुआ, इसमें जैन धर्म का मौलिक आधार कुच्छ भी नहीं है

આમા શ્રી ડોશીજીની કહેવાની મતલબ એ છે કે—મોહ હેય-ત્યાજ્ય છે માટે ઈચ્છા-મોહ એટલે મોહી ઈચ્છા પણ ત્યાજ્ય છે અને તેથી, મોહી ઈચ્છાથી પ્રવેશેલ પ્રભુની મૂર્તિ પણ ત્યાજ્ય છે, તેને જૈન ધર્મનો મૌલિક આધાર નથી

જૈન ધર્મનુ સહેજ પણ જ્ઞાન હોય એવો માણસ તો કદીય આવા શબ્દો ઉચ્ચારી શકે જ નહિ, કારણ કે તેમા પ્રભુનુ અને પ્રભુના ઉપદેશેલ ધર્મનુ સજ્જડ અપમાન છે અને આ તેમની વાત ધર્મના સંપૂર્ણ અજ્ઞાનની સાક્ષીરૂપ છે

ઈચ્છા-મોહ એટલે શુ ?

મોહ બે પ્રકારનો છે—અપ્રશસ્ત અને પ્રશસ્ત

અપ્રશસ્ત મોહ જીવને પાપ માર્ગે લઈ જાય છે તે હેય ત્યાજ્ય છે અને પ્રશસ્ત મોહ (કે જેનુ બીજુ નામ પ્રેમ છે) જીવને ધર્મમાં લઈ જાય છે અને આગળ વધારે છે તે ઉપાદેય છે અપ્રમત્ત બહુ ઉચ્ચ સ્થિતિએ પહોંચેલા માટે આ વાત નથી

તારક પ્રભુ—સર્વજ્ઞ ભગવાનના વિરહમાં સાચા ભક્તો પ્રભુની યાદ સ્તત તાજી રાખવા માટે પ્રભુની મૂર્તિ બનાવી તે પોતાના ઘરમાં કે મંદિરમા રાખે તેને ડોશીજી ઈચ્છા-મોહ કહે છે એટલે તે ઈચ્છા-મોહનો અર્થ પ્રભુ-પ્રેમ થયો કારણ કે પ્રભુ-પ્રેમથી જ ભક્તોએ પ્રભુની મૂર્તિ બનાવી

એટલે કે શ્રી ડોશીજી પ્રભુ-પ્રેમને હેય માને છે એમ સાબિત થયુ અને પ્રભુ-પ્રેમને જૈનધર્મના મૌલિક આધાર

નથી એમ શ્રી દોશીજી કહે છે ત્યારે એ જ દોશીજી એ જ અંકના એ જ લેખની શરૂઆતમાં 'ભક્તિ'નું જૈનધર્મમાં સ્થાન હોવાનો સ્વીકાર કરે છે

પ્રભુ-પ્રેમ અને પ્રભુ-ભક્તિ બન્ને એક જ ભાવના પ્રતીક છે એટલે પ્રભુ-પ્રેમ અથવા પ્રભુ-ભક્તિને જૈન ધર્મમાં તો મૌલિક સ્થાન છે જ, પરન્તુ શ્રી દોશીજીના ભ્રમિત સમજમાં તેને સ્થાન નથી! શ્રી દોશીજીમાં ધર્મ તત્ત્વને યથાર્થ સમજવાની શક્તિ જ નથી એમ આથી સાબિત થાય છે

અને આગમોના 'ઇચ્છા-મોહ'માં ખરી રીતે પ્રભુ-પ્રેમ અને પ્રભુ-ભક્તિ જ તેનો સમાવેશ થાય છે જ

અરે! સર્વજ્ઞ પ્રભુના વિરહની વાત તો બાજુએ રહી પણ છદ્મસ્થ જ્ઞાની ગુરુનો વિરહ થતાં પણ શિષ્યને અપાર દુઃખ થાય છે કારણ કે ગુરુના સહવાસથી શિષ્યને જે જ્ઞાનનો લાભ મળતો હતો, તેનો આત્મા ઉન્નત થતો હતો તે લાભ મળતો બંધ થતાં સાચા મુમુક્ષુને દુઃખ થાય તે સ્વાભાવિક જ છે

તો પછી સર્વજ્ઞ ભગવાન કે જેમણે સુંદર રીતે જગતનો ઉત્તમ સાચો માર્ગ બતાવ્યો તે ભગવાનના વિરહથી ભક્તોને દુઃખ થાય તેમાં શી નવાઈ છે! અને **એવા ભક્તની ભક્તિને 'મોહ'નું ઉપનામ આપનારને જૈન ધર્મી જ કેમ માની શકાય? ભગવાનની ભક્તિને મોહ કહેનાર અને એ રીતે ભગવાન અને તેમના ભક્તોનું અપમાન કરનાર અધર્મી જ હોઈ શકે**

ઐતિહાસિક રીતે

તીર્થંકર ભગવાનોના વખતમાં મૂર્તિ મંદિરો હતાં તો તે મૂર્તિઓ અને મંદિરો શોભા માટે તો નહોતાં જ. તે વખતે પણ શ્રાવકો મંદિરમાં તેમનું એક મુખ્ય કર્તવ્ય ભગવાનની મૂર્તિને વંદન કરી, તેમને પ્રાર્થના કરવાનું ગણતા હતા. જ્યાં જિનમંદિર હોય ત્યાં પ્રાર્થના પણ હોય જ. કારણ કે હોય તો એને દૃષ્ટિમાં રાખી પ્રાર્થના કરતા હશે. પણ તે કંઈક આવી ભાવની હોય—

> હે ભગવાન! હે પરમકૃપાળુ દેવ! જન્મ, જરા, મરણ આદિ આ જગતના સર્વ દુઃખોનો ક્ષય કરવાનો માર્ગ બતાવી આપે અનહદ ઉપકાર કર્યો છે તે ઉપકારનો કંઈ પણ બદલો વાળવાને હું તદ્દન અસમર્થ છું. વળી હે પ્રભુ! આપ તો કંઈ પણ લેવાને સર્વથા નિસ્પૃહ છો. તેથી હે દેવ! હું મન, વચન અને કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરું છું. આપના પ્રત્યે પરમભક્તિ અને આપે બતાવેલા ધર્મની ઉપાસના મારા હૃદયમાં જીવન પર્યંત અખંડ જાગૃત રહે એવી મારી ઇચ્છા સફળ થાઓ.

આ પ્રમાણે વંદન નમસ્કાર અને પ્રાર્થના પછી જ તેઓ સંસાર વ્યવહારના બીજા કામમાં લાગતા હશે. આ પ્રકારના વંદન નમસ્કાર પ્રાર્થનાથી જ મૂર્તિ-મંદિરોની સફળતા છે.

હવે શ્રી ડાહ્યાભાઈ જેવા કટ્ટર મતપ્રચારકો એમ કહે કે તીર્થંકરોના વખતમાં મૂર્તિ-મંદિરો હતા પણ તે તો શોભાનાં હતાં તો સમજવાનું એ છે કે—

તીર્થંકર ભગવાન સસારી જીવોની મોજશોખની વૃત્તિઓ ઉપર નિયત્રણ મૂકનારા વચનોનો ઉપદેશ આપે ત્યારે ગોભાના ગોખની ખાતર બનાવાતા મૂર્તિ મદિરો માટે સમતિ તો ન જ આપે પણ તેવા શોખને દાબી દેવાનુ જ કહે. અને તો પછી ભગવાનના વખતમા જ મૂર્તિ મદિરનું અસ્તિત્વ રહે જ નહિ કારણ કે ભગવાનના ભક્તો ભગવાનના ઉપદેશ વિરુદ્ધનુ વર્તન કરે જ નહિ એટલે મૂર્તિ મદિરો તે વખતે પણ શોખ કે ગોભા માટે નહિ પણ વદન-નમસ્કાર પ્રાર્થના માટે જ હતા.

ઘરમા દુકાનમા ફોટા-ચિત્રો ભક્તિભાવથી રખાય છે

વળી વિશેષ દર્શન કરતા હાનની સ્થિતિનો ઉલ્લેખ કરતાં શ્રી ડોસીજી લખે છે કે—અત્યારે ગૃહસ્થોના ઘરમા દુકાનમાં લગ્ન-મડપમા વગેરે સ્થાનોમા અજૈન દેવો દેશનેતાઓ વગેરેના ફોટાઓની સાથે તીર્થંકરોના ચિત્રો પણ લગાડેલા હોય છે એ તો તો શોભા માટે જ લગાડેલા હોય છે

આ તો સત્ય વસ્તુને ઊલટા સ્વરૂપમા દેખાડવા જેવી વાત છે ઘરમા કે દુકાનમા ભગવાનના ફોટા ચિત્રો હમેશાં ભક્તિભાવથી જ રાખવામા આવે છે તેમા ભગવાનના દર્શન-વદનનો જ હેતુ હોય છે તેવી જ રીતે લગ્નમડપમા પણ ભગવાનના ફોટા ચિત્ર ભક્તિભાવથી માંગલિક તરીકે જ રાખવામાં આવે છે એટલે કે જેઓ રાખતા હોય તેઓ માગલિક સમજીને રાખે છે

ભક્તિના અથવા માગલિકના હેતુને બન્ને શોભાનો હેતુ ગણવો તે માનસની વિકૃતિ જ છે

અજૈન દેવોના ફોટા અજ્ઞાનીઓ રાખે છે તે પણ અણસમજથી તેને ભક્તિરૂપ ગણીને તે ફોટા રાખે છે તેવી જ રીતે દેશનેતાના ફોટાઓ પણ તે નેતા પ્રત્યેના માનને લીધે રાખવામા આવે છે

કોઈ અજ્ઞાની ધર્મ નહિ સમજનાર કોઈ ચિત્રોને શોભા તરીકે રાખે તો તેથી તે કોઈ સાર્વજનિક નિયમ ગણી શકાય નહિ ભક્તિભાવથી રખાય છે તે જ સાર્વજનિક નિયમ છે

વિશેષ માટે જુઓ ' મૂળ જૈન ધર્મ ' પાનાં ૪૦૦-૪૦૧

વળી એ પણ સમજવું જોઈએ કે ભગવાનની મૂર્તિ એ કોઈ રમકડું નથી કે શ્રાવકો તેમના શોખની ખાતર ને બનાવે ભગવાન તરફની ભક્તિથી જ મૂર્તિ બનાવાય એટલે તેનો ઉપયોગ પણ ભક્તિ માટે જ થાય

શ્રી દોશીજી ભગવાનનુ અપમાન કરે છે

સપ્રદાયવાદી શ્રી દોશીજી કહે છે કે—મનુષ્યનો સ્વભાવ રૂપ-મોહી છે તેથી તેમણે ભગવાનની મૂર્તિ બનાવી, જે ભગવાન રૂપ-મોહ ત્યાગના ઉપદેશ આપે તેમના જ ભક્તો તેમની મૂર્તિ ભગવાનના દેહના રૂપના મોહથી બનાવે એમ માનવુ કે મૂર્તિ રમકડા તરીકે ગણાતી એમ માનવુ તેમા સ્વચ્છદ કલ્પનાથી ભગવાન અને તેમના ભક્તોનું સાજનું અપમાન કરવા સિવાય બીજુ કઈ નથી

માણસ પોતે હોય તેવો જ બીજાને કહે છે તે પ્રમાણે ભગવાનના ભક્તોને રૂપ મોહી ગણનાર પોતે જ તેવો જ હોય એમ ગણી શકાય

તીર્થકર ભગવાનના વખતમા મૂર્તિ હતી છતા ભગવાને મૂર્તિની કે મૂર્તિને વદન કરવાની મના કરી નથી માટે જ તે પ્રથા ચાલુ રહી હતી અને આજ સુધી ચાલુ રહી છે છતા સપ્રદાયવાદના કદાગ્રહથી મૂર્તિને વદન કરવામા અધર્મ છે એમ કહેનાર પોતે તીર્થ કર ભગવાન કરતા વિશેષ જ્ઞાની હોવાનો ઘમડ સેવે છે એમ જ માની શકાય

૩

ધર્મની રીતે

મૂર્તિની પેઠે જ સૂત્ર શાસ્ત્રના પુસ્તકો-ગ્રંથો પણ જડ વસ્તુઓ છે છતા તેનો વિનય કરવાનું માનવામાં આવે છે કારણ કે તેમાં ભગવાનના અથવા જ્ઞાનીઓના પવિત્ર વચનોનો સગ્રહ છે અને તેથી તેને પૂજ્ય ગણીને તેની આશાતના ન થાય તેમ વર્તવું જોઈએ એમ સ્થાનકવાસીઓ પણ માને છે

સૂત્રો બ્રાહ્મી લિપિમ લખાય છે માટે સૂત્રોમા જ બ્રાહ્મી લિપિને નમસ્કાર કરેલ છે

તો તે જ પ્રમાણે મૂર્તિ ભલે જડ વસ્તુની બનાવેલી છે પણ જ્યારે તે મૂર્તિ ભગવાનની છે એમ તેમા ભગવાનનું આરોપણ કર્યું ત્યારે પછી તે બીજી સામાન્ય જડ વસ્તુ જેવી રહેતી નથી પરંતુ ભગવાનના નામના આરોપણથી ગ્રંથોની માફક જ તે પૂજ્ય અને વંદનીય બની જાય છે

સૂત્રશાસ્ત્ર સદ્બુદ્ધિથી વાચવાથી જ્ઞાન મળે છે તેમ જ મૂર્તિને સદ્ભાવથી સાચા ભક્તિભાવથી વંદન કરવામા આવે તો ભગવાનના પ્રરૂપેલા ધર્મને અનુસરવાની પ્રેરણા મળે છે

અને અસદ્બુદ્ધિથી, મિથ્યાત્વભાવથી વાચનારને શાસ્ત્ર શસ્ત્રરૂપે પરિણમે છે તેવી જ રીતે પ્રભુ તરફના પ્રેમભક્તિ વિના તેમની મૂર્તિ તરફ જોનારને કશો લાભ ન થાય તે સ્વાભાવિક છે પરંતુ તે ઉપરાંત તે માણસ ભગવાનની અવજ્ઞા કરવાનો દોષ પણ વહોરી લીએ છે

ગુરુના હમેશના વપરાશના આસન ઉપકરણ વગેરે વસ્તુઓને

પૂજ્ય ગણવામા આવે છે અને તેની આશાતના કરનારને દોષ લાગે એમ માનવામા આવે છે તે સર્વ વસ્તુઓ પણ જડ પદાર્થની જ બનેલી છે તો પણ તે પૂજ્ય ગણાય છે તેવી જ રીતે ભગવાનની મૂર્તિ પણ પૂજ્ય અને વદનીય છે

સૂત્ર, આસન વગેરે જડ વસ્તુઓમા ગુરુ વગેરે કોઈનુ પણ આરોપણ કયુ નથી માટે તમે તેને વદનીય ન ગણો તો પણ મૂર્તિમા તો ભગવાનનુ આરોપણ કરેલ હોવાથી મૂર્તિ પૂજ્ય અને વદનીય છે

સમજુ માણસો તો સૂત્ર શાસ્ત્રો જ્ઞાનના દાતાર હોવાથી તેને વિનયપૂર્વક વદન પણ કરે છે અલબત્ત તે વદન જ્ઞાનને કરેલા ગણાય છે.

સવિસ્તર વિગત માટે 'મૂળ જૈન ધર્મ'' પુસ્તકના પાના ૪૦૨ થી ૪૧૮ વાચો

સામાન્ય જડ વસ્તુને અથવા કષાય યુક્ત ગણાતા રાગદ્વેષવાળા દેવોની મૂર્તિને વદન કરવુ તે જરૂર મિથ્યાત્વ છે પરતુ જિનભગવાનની મૂર્તિને વદન કરવુ તે મિથ્યાત્વ નથી એટલુ જ નહિ પણ જિન ભગવાનની મૂર્તિને વદન નહિ કરવાથી ભગવાનની આશાતના કર્યાનો દોષ લાગે છે કારણ કે—

તમે ભગવાનનું અવલબન તો સ્વીકારો છો જ તેમ જ ભગવાનનું અવલબન જરૂરી પણ માનો છો ત્યારે ભલે તમને તમારા પોતાના માટે મૂર્તિના અવલબનની જરૂર ન લાગતી હોય તો પણ જ્યારે તમે ભગવાનની મૂર્તિની પાસે જાઓ અને તે ભગવાનની મૂર્તિ છે એમ તમે જાણો છો છતા વદન ન કરો તો જરૂર તમને ભગવાનની આશાતના કરવાનો દોષ લાગે જ

જ્યારે તમે એટલી ઉચ્ચ કોટિએ પહોંચી જાઓ કે જ્યારે તમો ભગવાનના આલબનની જરૂર ન રહે પરંતુ ફકત તમે તમારા શુદ્ધ આત્મ સ્વરૂપનું જ આલબન લઈ આગળ વધી શકો છો ત્યારે પણ તમે ભગવાનની મૂર્તિની આશાતના કરી શકો કે કેમ તે પણ વિચારણીય છે

મૂર્તિના આલબનની જરૂર ન પડે અથવા જરૂર ન હોય તેવી ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યા પછી ' મને મૂર્તિના આલબનની જરૂર નથી એમ તમે જરૂર કહી શકો પરંતુ ત્યારેય પણ તમને સમાર વ્યવહારના કોઈપણ કારણે જૈન મન્દિરમા જવાનો પ્રસગ પડે તો તે વખતે તમારી સામે ભગવાનની મૂર્તિ છે એમ જાણવા છતા પણ તમે તેને વદન ન કરો તો તેથી તમને ભગવાનની અશાતના કરવાનો દોષ તો જરૂર લાગે જ કારણ કે તમે ભગવાનને પૂજ્ય ગણવાની સ્થિતિમાં તો છો જ ત્યારે જિન ભગવાનનુ આરોપણ થયેલી ભગવાનની મૂર્તિને વિનયથી વદન કરવાની તમારી ફરજ-ધર્મ છે

સારાશ કે સૂત્ર, શાસ્ત્ર, આસન વગેરે જડ વસ્તુઓને પૂજ્ય પવિત્ર માનીને તેનો વિનય સાચવવામા આવે અને તેની આશાતના કરવામા ન આવે, પણ ભગવાનની મૂર્તિનો વિનય સાચવવામા ન આવે, તેને વદન કરવામા ન આવે તો તે અવિનય-અધર્મ જ ગણાય

તે ઉપરાંત વ્યવહારમાં ઘરમા વડીલના હમેશના બેસવાના સ્થાનને પૂજ્ય ગણાય છે અને તે ઘરનો નાનો માણસ તે સ્થાને બેસે તો તેથી વડીલનું અપમાન થયુ ગણાય છે પેઢી કે ઓફીસમાં શેઠ કે મેનેજરની ખુરશી ઉપર કે તેમના આસન ઉપર નાનો માણસ બેસે તો તેથી શેઠ કે મેનેજ નો અવિનય કર્યો ગણાય છે, આમ વડીલના આસનને પણ વિનય સાચવવામાં આવે છે વ્યવહારમાં વિનયની એ એક રીત છે

૪

સૂત્રશાસ્ત્રની રીતે

સૂત્રોમા જૈન સાધુઓ અને શ્રાવકો મૂર્તિને વદન કરતા હતા તે જણાવતા દાખલાઓ છે તેમાના થોડા અહીં આપુ છુ

૧ જઘાચારણ વિદ્યાચારણ

શ્રી ભગવતી સૂત્ર શ ૨૦ ઉ ૯ મા જઘાચારણ વિદ્યાચારણ મુનિઓ નદીશ્વર વગેરે ઠેકાણે જઇ શાશ્વતી મૂર્તિઓને વદન નમસ્કાર કરી પાછા અહીં આવતા **"અહીંના જિન ચૈત્યો—જિનમદિર-મૂર્તિઓને વદન કર્યા "** એમ સૂત્રપાઠ છે

આ વાત પ્રકરણ ન ૪મા બતાવાઈ ગઈ છે

જ્યારે **જૈન સાધુઓ અને તે પણ લબ્ધિધારી સાધુઓ જિનમૂર્તિને વદન કરતા હતા એમ જૈનસૂત્રો** કહે છે ત્યારે મૂર્તિને વદન કરવાનો નિષેધ કરનાર અધર્મ ની જ વાત કહે છે એમ મનાય

૨ અબડ પરિવ્રાજક

ઉવવાઈ સૂત્રમા અમડ પરિવ્રાજકે પ્રતિજ્ઞા લીધી છે કે—

"મને અરિહત અને અરિહતના ચૈત્ય સિવાય અન્ય તીર્થિક અન્ય તીર્થિક દેવો અને અન્ય તીર્થિકોએ ગ્રહણ કરેલા અરિહત ચૈત્યોને વદન નમસ્કાર કરવા કલ્પે નહિ

અહીં ચૈત્યનો અર્થ જિનમૂર્તિ થાય છે તે વાત મૂળ જૈનધર્મ પુસ્તકના પાનાં ૧૨૩-૧૨૪ મા તથા ઉપરના પ્રકરણ ન ૪ માં સવિસ્તર બતાવેલી છે

મહાતપસ્વી લબ્ધિધારી અને અવધિજ્ઞાની એવા અબડ પરિવ્રાજકે જિનમૂર્તિને વદન કરવાની પ્રતિજ્ઞા કરી છે એમ જૈન સૂત્ર

કહે છે એટલે મૂતિને વદન એ સૂત્રાનુસાર ધર્મ છે એટલે શ્રાવકો માટે તે ધર્મ હોયજ એમ આપોઆપ સિદ્ધ થાય છે

૩ આનંદ શ્રાવક

શ્રી ઉપાસક દશાંગ સૂત્રમા આનંદ શ્રાવકે પ્રતિજ્ઞા કરી છે કે—
મારે આજથી અન્ય તીર્થિક, અન્ય તીર્થિકોના દેવ અને અન્યતીર્થિકોએ ગ્રહણ કરેલ અરિહતના ચૈત્યોને વદન નમસ્કાર કરવા કલ્પે નહિ'

અહી ચૈત્ય શબ્દનો અર્થ મૂર્તિ થાય છે તેની વિગત માટે જુઓ ' મૂળ જૈન ધર્મ " પુસ્તકના પાના ૧૨૨ તથા ૪૬૯-૬૧૮

અહીં અરિહત ચૈત્ય એને જિનમૂર્તિને અન્ય તીર્થકોએ ગ્રહણ કરેલ હોય તો તેને વદન નમસ્કાર કરવા કલ્પતા નથી એથી આપોઆપ સિદ્ધ થાય છે કે અન્ય પીઓએ ગ્રહણ નહિ કરેલ એટલે જૈન સઘમાજ રહેલી જિનમૂર્તિને આનંદશ્રાવક વદન કરતા હતા

તે વખતે જિનમૂર્તિ હતીજ માટે તો સૂત્રમા મૂર્તિને અન્ય તીર્થિકોના ગ્રહણ કરવાની વાત છે અને જો મૂર્તિને વાદવામાં તેઓ ધર્મ માનતા ન હોત તો તેમણે તેમની પ્રતિજ્ઞામા જેમ અન્યની મૂર્તિને તથા અન્યે ગ્રહણ કરેલ જિનમૂર્તિને વદન નહિ કરવાની પ્રતિજ્ઞા કરી છે તેની સાથે સાથે જિનમૂર્તિને પણ નહિ વાદવાની પ્રતિજ્ઞા લીધી હોત પણ તેમણે તો અન્યની મૂર્તિને નહિ વાદવાનીજ પ્રતિજ્ઞા લીધી છે તેથી સાબિત થાય છે કે તેઓ જિન મૂર્તિને ધર્મ તરીકે વાદતા હતા.

તે વખતે હરિ હર આદિ અન્ય તીર્થિક દેવો વિદ્યમાન નહોતા પણ તેમની મૂર્તિઓજ હતી તેથી પણ ચૈત્યનો અર્થ અહીં મૂર્તિજ થાય છે એમ સિદ્ધ થાય છે

સ્થાનકવાસીઓ ચાર નિક્ષેપામાંથી ફકત ભાવ નિક્ષેપો જ વદનીય ગણે છે તે જ ખોટી વાત છે જેમનો ભાવ નિક્ષેપો વદનીય હોય તેના ચારેય નિક્ષેપા વદનીય છે એ જ નિયમ છે અને તે નિયમ આનદ શ્રાવકની પ્રતિજ્ઞા પરથી પણ સિદ્ધ થાય છે

જુઓ—હર આદિ દેવો તે વખતે વિદ્યમાન નહેતા એટલે આનદે તેમની મૂર્તિને વદન નહિ કરવાની પ્રતિજ્ઞા કરી છે તે સ્થાપના નિક્ષેપની છે પણ પહેના ત્રણ નિક્ષેપા અવદનીય અને ભાવ નિક્ષેપો વદનીય એમ કહેશો તો આનદ શ્રાવકે હરિહર આદિને તેઓ વિદ્યમાન હોય તો તેમને વાંદવાની છૂટ રાખી છે એમ અર્થ થાય અને એ અર્થ તો જૈન સિદ્ધાતથી જ વિરુદ્ધ છે માટે આનદ શ્રાવકે ચારે નિક્ષેપાથી અન્ય દેવોને નહિ વાદવાની પ્રતિજ્ઞા કરી છે

એટલે સિદ્ધ થાય છે કે જેનો ભાવ નિક્ષેપો અવદનીય છે તેના ચારેય નિક્ષેપા અવદનીય છે અને જેનો ભાવ નિક્ષેપો વદનીય છે તેના ચારેય નિક્ષેપા વદનીય છે.

આ પ્રમાણે મૂર્તિવદન કરવાનુ ધર્મ્ય છે એમ જુદી જુદી બધી રીતે સિદ્ધ થાય છે અને તેથી જૈન સૂત્ર શાસ્ત્રોને માનનારાઓએ મૂર્તિને વદન કરવુ એ ધર્મ્ય છે એમ માનવુ જોઈએ. છતા એમ નહિ માનનારા જૈન સૂત્રશાસ્ત્રને નહિ માનતા સૂત્રકાર, શાસ્ત્રકાર તેમજ ભગવાનનુ પણ ચોખ્ખી રીતે અપમાન કરનારા છે અને ભગવાનનુ અપમાન કરનારને જૈનધર્મ કેવા ગણે છે તે વાચકે સમજી લેવુ

સ્થાનકવાસીઓ મૂર્તિ-વદનને માને છે તેનો દાખલો

સ્થાનકવાસી સાધુ મુનિ કાળધર્મ પામે ત્યારે તેમનુ મડદુ ચોવીસ કલાક કે તેથી પણ વધારે વખત સુધી રાખી મૂકવામાં આવે છે અને બહારગામના શ્રાવકોને મુનિશ્રીના છેલ્લી વારના દર્શન-વદન કરવાને તાર-ટપાલથી આમત્રણ કરી બોલાવવામા આવે છે અને મુબઈ વગેરે શહેરના પ્રતિષ્ઠિત શ્રાવકો આવી જાય ત્યા સુધી મુનિનો મૃતદેહ રાખી મૂકવામા આવે છે

દેહમાથી મુનિનો આત્મા ચાલ્યો ગયા પછી તે દેહ મડદુ જ છે અને તે મડદુ મૂર્તિ સમાન જ છે કારણ કે જેમ મૂર્તિમા જીવ નથી તેમ મૃતદેહમા પણ જીવ નથી

સ્થાનકવાસીઓ ભગવાનની મૂર્તિમા ભગવાનનો આત્મા નહિ હોવાથી મૂર્તિને વદન કરવાની ના પાડે છે, મૂર્તિને વદન કરવામા મિથ્યાત્વ ગણે છે પરતુ તેમના સાધુમુનિનો મૃતદેહ, કે જે પણ જીવ વિનાનો હોવાથી મૂર્તિ-સ્વરૂપ જ છે, તેના દર્શન વદન કરવામા ધર્મ માને છે!

એટલે કે સ્થાનકવાસીઓને સાધુ-ગુરુ ઉપર પ્રેમ છે તેટલો પ્રેમ અનત ઉપકારી તીર્થંકર ભગવાન ઉપર પ્રેમ નથી એટલુ જ નહિ પણ ભગવાન તરફ તો સ્થાનકવાસીઓને દ્વેષ છે માટે જ તેઓ ભગવાનની મૂર્તિને વદન કરવામા મિથ્યાત્વ ગણે છે અને મૂર્તિ સ્વરૂપ સાધુના મૃતદેહને વદન કરવામા ધર્મ ગણે છે!

અને કોઈ તર્ક કરીને એમ કહે કે મુનિના મૃતદેહના દર્શન કરે છે પણ વદન કરતા નથી તો તે વાત તદ્દન ખોટી છે કારણ કે દર્શન કરતી વખતે વદન કરવામા આવે છે એ સત્ય હકીકત છે

છતાં આપણે તર્કનો જવાબ તર્કથી જ આપીશુ

મુનિના મૃતદેહના દર્શનનો હેતુ શો? જો એમ કહેશો કે જોવા માટે કુતુહલ માટે કે દેહનું રૂપ જોવા માટે દર્શન કરવા જવાય છે તો તે તો મોહની ક્રિયા થઈ અને તે અપ્રશસ્ત હોવાથી ધર્મમા તેનો નિષેધ છે

ત્યારે કહેવુ પડશે કે મુનિ તરફના પ્રેમભાવથી તેમના મૃતદેહના દર્શન કરાય છે તો તે પ્રેમ મુનિ તરફના પૂજ્યભાવને લઈ હોઈ પ્રશસ્ત છે અને તેવા પ્રેમમા પૂજ્યભાવ સામેલ હોવાથી સ્વાભાવિક રીતે જ દર્શનની સાથે વદન પણ કરાય છે જ અને વદન નહિ કરનારમા પૂજ્ય ભાવ નથી તેમજ વિનય-વિવેક નથી એમ જ ગણાય છે

એટલે સ્થાનકવાસી સાધુઓના મૃતદેહરૂપ મૂર્તિને વદન કરવાનુ સ્વીકારે છે અને તેમા ધર્મ પણ માને છે જ

સ્થા મુનિઓનુ માનસ મૂર્તિવદન સ્વીકારે છે તેનો દાખલો

ફોટા-ચિત્રો મૂર્તિસ્વરૂપ હોઈને સ્થાનકવાસી શ્રમણ સઘે સાધુઓને ફોટા પડાવવાની કે છપાવવાની છૂટ આપી નથી એમ મારા ધ્યાનમાં છે

તો પણ સ્થાનકવાસી શ્રમણસઘના મુનિઓ ફોટા પડાવે છે અને તેમના પુસ્તકોમાં છપાવે છે એ તો સત્ય હકીકત છે તેવા ફોટા ચિત્રોવાળા છપાયેલા પુસ્તકો સાક્ષીરૂપે મોજુદ છે તેમાંનો એક દાખલો અહી ટાંકુ છુ

સને ૧૯૬૦મા સ્થાનકવાસી શ્રમણસઘના મ ત્રીમુનિશ્રી કિસન લાલજી મહારાજના શિષ્ય વિનયચ દ્ર મુનિએ તેમના વ્યાખ્યાનોનો એક સગ્રહ ' જીવન સાધના ' નામના હિંદી પુસ્તકનો ગુજરાતી અનુવાદ મુબઈના શ્રી સ મતિ પ્રચારક સઘ મારફત છપાવી બહાર પાડેલ છે તે પુસ્તકમા મુનિ વિનયચદ્રજીએ તેમના ગુરુ મુનિશ્રી કિસનલાલજી મહારાજનો ફોટો-ચિત્ર પણ છપાવેલ છે

આ ફોટા ચિત્રમા થી કિસનલાલજી મહારાજના મસ્તક ઉપર મોટુ ભામડળ ચિતરેલુ છે

હવે પહેલો સવાલ એ છે કે આવુ ભામડળ કોને હોય ?

સર્વજ્ઞ તીર્થંકર ભગવાન સિવાય અન્ય કોઈ પણ છદ્મસ્થને આવુ ભામડળ હોય એવુ મે કોઇ ધર્મગ્રથમા જોયુ-વાચ્યુ નથી તેમ સાભળ્યુ નથી અને કોઇ પણ જાતના વિશિષ્ટ જ્ઞાન વિના મુનિને ભામડળ હોઇ શકે નહિ એમ હુ માનુ છુ

શ્રી કિસનલાલજીના ફોટા નીચે ' ચિત્ર ફક્ત પરિચય માટે છે" એમ છાપેલુ છે પરતુ આ તો એક છેતરપિંડી કે કપટજાળ છે ભામડળ ચિતરીને મુનિને ભગવાન જેવા બનાવ્યા, બનાવવા તેનો એક જ હેતુ હોઈ શકે કે લોકો તેમના ચિત્રને ભગવાન જેવુ સમજીને માને, વાદે, પૂજે

ચિત્ર પરિચય માટે છે એમ લખ્યુ છે તે તો ફક્ત સ્થા શ્રમણ સઘના નિયમ વિરુદ્ધનુ નથી એમ બતાવવા-કહેવા માટે બહારથી દેખાવ માત્ર જ કર્યો છે દભ જ સેવ્યો છે બાકી સાધુઓનુ માનસ મૂર્તિવદનને સ્વીકારનારુ છે તે સ્પષ્ટ સમજી શકાય છે

પરિચય શા માટે ?

વળી તે ફોટા-ચિત્ર ફક્ત પરિચય માટે છે એમ લખ્યુ-છાપ્યુ છે ત્યારે પરિચય શા માટે પરિચયનો હેતુ શો ? તેનો પણ વિચાર કરીએ

કોઈપણ ગૃહસ્થનો પરિચય કરવા માટે અનેક પ્રકારના સાસારિક લાભનો હેતુ હોઈ શકે છે સ્વાર્થનો હેતુ હોઈ શકે છે તેમ જ રૂપમાધુર્ય કુતૂહલનો હેતુ પણ હોઈ શકે છે પરતુ એ સર્વ મોહના જુદા જુદા પ્રકારો હોઈને ધર્મની બાબતમાં ત્યાજ્ય છે

અહીં આપણે તો ગુરુના ફોટાના પરિચયનો જ વિચાર કરવાનો છે અને ગુરુ તરફ તો એક માત્ર પૂજ્ય ભાવ જ હોય ગુરુ તરફ પ્રેમ હોય તે પણ પૂજ્યભાવને લીધે અને પૂજ્યભાવની સાથે જ હોય. પૂજ્યભાવ વિનાનો પ્રેમ પણ સ્વાર્થરૂપ હોઇને તે ધર્મમા ત્યાજ્ય જ છે

એટલે ગુરુના ફોટા-ચિત્રનો પરિચય એક ફક્ત પૂજ્ય ભાવથી જોવા માટેનો જ હોય, અને પૂજ્યભાવથી જોવાતુ હોય ત્યા તેમને વન્દન કરવાનુ પણ હોય જ વદન કે નાથીજ પૂજ્યભાવ પ્રગટ કરાય છે જોવા છતા વદન કરવામા ન આવે તો તે જોવુ કુતૂહલરૂપ અથવા અવિનય રૂપ જ બની રહે છે અને તે તો ધર્મમા ત્યાજ્યજ છે

એટલે ગુરુનો ફોટો-ચિત્ર જોવામા કે પરિચય કરવામા પૂજ્યભાવની સાથે વદન નમસ્કાર હોય તેમ જ ભગવાનની મૂર્તિને પણ વદન નમસ્કાર કરવાનુ હોય

આ પ્રકરણમા જિનમૂર્તિને વદન કરવુ તે વર્ગ્ય છે એ વાત અનેક રીતે સિદ્ધ કરેલ છે તેમાની વ્યવહારની કોઈ ઝઝટ એ વાત કોઈને અમાન્ય હોય તો પણ તેથી જિનમૂર્તિને વદન અમાન્ય ઠરી શકતુ નથી આ પ્રકરણની બધી વાત ખોટી ઠરે ત્યારે મૂર્તિવદન અમાન્ય ગણાય પણ તેમ તો કદી બની શકવાનુ નથી એટલે મૂર્તિ-વદન માન્ય જ ઠરે છે

✱

૧૦

સ્થાનકવાસી જૈનોએ વિચારવા જેવું

લેખક
પંડિત શ્રી ટોડરમલજી

•

સ્થાનકવાસીનો ક્રમભંગ ઉપદેશ

ખેદનો વિષય છે કે (સ્થાનકવાસીઓમાં) મિથ્યાત્વ જેવા મહાપાપની પ્રવૃત્તિ છોડાવવાની તો મુખ્યતા નથી પણ પવનકાયની હિંસા થતી ખુલ્લા મુખે બોલવાનું છોડાવવાની મુખ્યતા જોવામાં આવે છે પણ એ ક્રમભંગ ઉપદેશ છે

મુહપત્તિ

જૈન ધર્મના અંગ ઘણાં છે તેમાં એક પવનકાયની દયાને જ મુખ્ય કહે છે તેનો પણ વિવેક નથી ગરમ વસ્તુનું ખાવું ન કરવું હિંસાદિક વ્યાપાર ન કરવો ઇત્યાદિ ધર્મના અંગોની મુખ્યતા નથી પણ મુખપટ્ટી બાંધવી અને શૌચાદિક થોડું કરવું ઇત્યાદિ કાર્યો તેઓ મુખ્યતા કહે છે પણ મૈથુનસેવન પડીમાં શુદ્ધ । ગળામાંથી છૂટ ઉપજે તેનો તો યત્ન નથી પણ પવનની હિંસાનો યત્ન બતાવે છે તો નાસિકાદ્વારા ઘણો પવન નીકળે છે તેનો યત્ન કેમ કરતા નથી?

વળી તેમના શાસ્ત્રાનુસાર જો બોલવાનો જ યત્ન કર્યા તો મુખપતી મનકા શા માટે રાખો છો ? જ્યારે એનો ત્યારે યત્ન કરી લીએ ! કહે છે કે "ભૂલી જઈએ છીએ" હવે જો એટલું પણ યાદ રહેતું નથી તો અ ય ધર્મસાધન કેની રીતે થશે ?

તેઓ દયાના કેટલાક અંગ યોગ્ય પાળે છે, હરિતકાય આદિનો ત્યાગ કરે છે, જળ ધોઈ ગાળે છે તેના અમે નિષેધ કરતા નથી

પ્રતિમાનો નિષેધ

વળી પ્રતિમાને એકાંત પકડી તેઓ પ્રતિમા, ચૈત્યાલય અને પૂજન આદિ ક્રિયનુ ઉત્થાપન કરે છે પણ તેમના જ શાસ્ત્રોમા પ્રતિમા આદિકું નિરૂપણ છે તેનો અન્યથા લોપ કરે છે

ભગવતી સૂત્રમા લબ્ધિધારી મુનિકું નિરૂપણ છે ત્યાં મેરુગિરિ આદિમાં જઈ તત્થ ચેઇયાઇં વંદઇ એવો પાઠ છે તેનો અર્થ ત્યાં ચૈત્યોને વાંદુ છુ એવો અર્થ છે હવે ચૈત્યનામ પ્રસિદ્ધ રીતે પ્રતિમાનું છે છતાં તેઓ હઠ કરી કહે છે કે— ચૈત્ય શબ્દના જ્ઞાનાદિક અનેક અર્થ થાય છે ત્યા બીજા અર્થ છે પણ પ્રતિમા અર્થ નથી

હવે તેને પૂછીએ છીએ કે—મેરુગિરિ અને નંદીશ્વર દ્વીપમા જઈ ત્યા ચૈત્ય વંદના કરી ત્યા જ્ઞાનાદિકની વંદના કરવાનો અર્થ કેવી રીતે સંભવે ?

જ્ઞાનાદિકની વંદના તો સર્વત્ર સંભવે છે (તો પછી ત્યા ખાસ વંદના કરવા જ જવાનુ [illegible] શુ ?) પણ જે વાંદવા યોગ્ય ચૈત્ય હોય ત્યા જ જવાનુ સંભવે, ત્યા જ વંદના કરવા જવાનુ નિયમ સંભવે એથી સંભવિત અર્થ પ્રતિમા જ છે તથા ચૈત્ય શબ્દનો મુખ્ય અર્થ પણ પ્રતિમા જ છે તેને હઠ કરી શા માટે લોપો છો ?

દેવલોકની પ્રતિમાઓ

વળી દેવ આદિક નંદીશ્વર દ્વીપ આદિમાં જઈ પૂજન આદિ ક્રિયા કરે છે તેનું વ્યાખ્યાન તેમના શાસ્ત્રોમા જ્યાં ત્યાં છે, તથા લોકમાં પણ જ્યાં ત્યાં અકૃત્રિમ પ્રતિમાનું નિરૂપણ છે હવે એ રચના અનાદિની છે તે કાંઈ કુતૂહલ આદિ માટે તો નથી તથા ઇંદ્રાદિકના સ્થાનોમાં નિપ્રયોજન રચના સભવે નહિ

હવે ઇંદ્રાદિક તેને જોઈ શું કરે છે? મ તો પોતાના મંદિરોમાં એ નિષ્પ્રયોજન રચના જોઈ તેનાથી ઉદાસીન થતા હશે અને ત્યાં તેમને દુ ખ થતું હશે પણ એ સભવતુ નથી અગર કાં તો સારી રચના જોઈ વિષય પોષતા હશે પરતુ સમ્ય દૃષ્ટિ દેવ આદિ તની મૂર્તિ વડે પોતાના વિષય પોષે એમ ત સભવતુ નથી પરતુ ત્યાં તેની ભક્તિ આદિ જ કરે છે એમ જ સભવે છે

દેવનો જિત વ્યવહાર

તેમનામાં સૂર્યાભદેવનું વ્યાખ્યાન છે ત્યા પ્રતિમાજીને પૂજવાનું વિશેષ વર્ણન કર્યું છે તેને લોપવા માટે તેઓ કહે છે કે— દેવોનું એવું જ કર્તવ્ય છે દેવોનો એ જિત વ્યવહાર છે

એ સત્ય પરતુ કરવાનું ફળ તો અવશ્ય હોય જ હવે ત્યાં ધર્મ થાય છે કે પાપ થાય છે? જો ધર્મ થાય છે તો બીજે ઠેકાણે પાપ થતુ હતુ અને અહીં ધર્મ થયો તો તેને અન્યની મ શ કેમ કહેવાય? કારણ કે એ તો યોગ્ય કાર્ય થયું

અને જો પાપ થાય છે તો ત્યા નમોથુણનો પાઠ ભણ્યો તો પાપના ઠેકાણે એવો પાઠ શા માટે ભણ્યો?

વળી એક વિચાર અહીં એ થાય છે કે નમોથુણના પાઠમા તો અર્હતની ભક્તિ છે હવે પ્રતિમાજીની આગળ જઈ એ પાઠ ભણ્યો

માટે જે અરિહત ભક્તિની ક્રિયા છે તે પ્રતિમાજીની આગળ કરવી યોગ્ય થઈ

પ્રતિમા વડે કાર્ય–સિદ્ધિ

અહીં તેઓ એક મિથ્યાયુક્તિ બતાવે છે કે— જેમ ઇન્દ્રની સ્થાપનાથી ઇન્દ્રની કાર્યસિદ્ધિ નથી તેમ અર્હંત પ્રતિમા વડે કાર્યસિદ્ધિ નથી

પણ અરિહત કોઈને ભક્ત માની ભલું કરતા હોય તો એમ પણ માનીએ પ તુ ને તો વીતરાગ છે આ જીવ **ભક્તિરૂપ પોતાના ભાવોથી શુભ ફળ પામે છે** જેમ સ્ત્રીના આકારરૂપ કાષ્ટ પાષાણની મૂર્તિ દેખી ત્યા વિકારરૂપ થઈ અનુરાગ કરે તો તેને પાપ–બધ થાય તેમ અરિહતના આકારરૂપ ધાતુ–કાષ્ઠ–પાષાણની મૂર્તિ દેખી ધર્મબુદ્ધિથી ત્યાં અનુરાગ કરે તો શુભની પ્રાપ્તિ કેમ ન થાય !

પ્રતિમા વિના
શુભ ઉપજાવીશુ ?

ત્યારે તેઓ કહે છે કે— પ્રતિમા વિના જ અમે અરિહતમા અનુરાગ વડે શુભ ઉપજાવીશુ '

તેને કહીએ છીએ કે—આકાર દેખાવાથી જેવો ભાવ થાય તેવો પરોક્ષ સ્મરણ કરતા ન થાય લોકમા પણ સ્ત્રીનો અનુરાગી એટલા જ માટે સ્ત્રીનું ચિત્ર બનાવે છે તેથી **પ્રતિમાના અવલંબન વડે વિશેષ ભક્તિ થવાથી વિશેષ શુભની પ્રાપ્તિ થાય છે**

મૂર્તિ મદિર
બનાવવામા હિંસા

વળી તે કહે છે કે— પ્રતિમા બનાવવામાં, ચૈત્યલય આદિ કરાવવામાં હિંસા થાય છે અને ધર્મ તો અહિંસા છે માટે હિંસા વડે ધર્મ માનવાથી મહા પાપ થાય છે તેથી અમે એ કાર્યોને નિષેધી છીએ '

અહીં કોઈ ત્યાગી તો મંદિર આદિ કરાવતો નથી પણ સામાયિક આદિ નિરવદ્ય કાર્યોમા પ્રવર્તે છે તો તેને છોડી મંદિર આદિ કરાવવુ ઉચિત નથી પણ કોઈ પોતાને રહેવાને માટે મહેલાત-મકાન બનાવે તે કરતાં ચૈત્યાલય આદિ કરાવનારાઓ હીન નથી.

હિંસા તો થઈ પણ પોતાને તો લોભ-પાપાનુરાગની વૃદ્ધિ થઈ ત્યારે અને લોભ છૂટયો અને ધર્માનુરાગ થયો

જે ત્યાગી ન હોય પોતાના ધનને પાપમાં ખરચતા હોય તેમણે તો ચૈત્ય આદિ કરાવવા યોગ્ય છે

તમે કહો છો કે—ધર્મને અર્થે હિંસા કરતા તો મહા પાપ થાય છે અને બીજે ઠેકાણે હિંસા કરતા થોડુ પાપ થાય છે

પણ પ્રથમ તો એ સિદ્ધાંતનું વચન નથી અને યુક્તિથી પણ મળતું આવતુ નથી કારણ કે—એમ માનતા તો ઇન્દ્ર જન્મકલ્યાણકમાં ઘણા જળ વડે અભિષેક કરે છે તથા સમવસરણ બનાવી તેમા ચમર ઢાળવા ઇત્યાદિ કાર્યો કરે છે તો તે મહાપાપી થયો.

તમે કહેશો કે— તેમનો એવો જ વ્યવહાર છે

પણ ક્રિયાનું ફળ તો થયા વિના રહેતુ નથી જો તેમા પાપ છે તો ઇન્દ્રાદિક સમ્યગ્દૃષ્ટિ છે તેઓ એવુ કાર્ય શા માટે કરે ? તથા જો ધર્મ છે તો તમે તેનો નિષેધ શા માટે કરો છો ?

વળી તમને જ પૂછીએ છીએ—તીર્થંકરની વંદના માટે રાજાઓ આદિ ગયા સાધુ વંદનાર્થે દૂર દૂર જઈએ છીએ સામાયિક આદિ કાર્યો અર્થે ગમન આદિ કરીએ છીએ ત્યા માર્ગમા હિંસા થાય છે

વળી સાધર્મીને જમાડીએ છીએ, સાધુનું મરણ થતા તેનો સત્કાર કરીએ છીએ ઇત્યાદિ પ્રવૃત્તિ આજે પણ દેખાય છે ત્યા પણ હિંસા તો થાય છે

હવે એ બધા કાર્યો ધર્મના અર્થે જ છે અન્ય કોઈ પ્રયોજન નથી જો ત્યા મહાપાપ ઉપજે છે તો પૂર્વે એવા ઘણા કાર્ય કર્યા તેનો નિષેધ કરો તથા આજે પણ ગૃહસ્થો એવા કાર્ય કરે છે તેનો પણ ત્યાગ કરો અને જો તેમા ધર્મ ઉપજે છે તો ધર્મને અર્થે હિંસામા મહા પાપ બતાવી શા માટે ભમાવો છો ?

માટે આ પ્રમાણે માનવુ યુક્ત છે કે—જેમ થોડુ ધન કમાતા જો ઘણા ધનનો લાભ થતો હોય તો તે કાર્ય કરવુ ભલુ છે, તેમ થોડી હિંસાદિક પાપ થતા પણ જો ધર્મ ઉપજતો હોય તો તે કાર્ય કરવુ યોગ્ય છે

જે થોડા ધનના લોભથી કાર્યને બગાડે તો તે મૂર્ખ છે તેમ થોડી હિંસાના ભયથી મહાન ધર્મ છોડે તો તે પાપી જ થાય છે

વળી કોઈ ઘણુ ધન ઠગાવે તથા થોડુ ધન ઉપજાવે અથવા ન ઉપજાવે તો તે મૂર્ખ છે તેમ હિંસાદિ વડે ઘણા પાપ ઉપજાવે અને ભક્તિ આદિ ધર્મમાં થોડો પ્રવર્તે અથવા ન પ્રવર્તે તો તે પાપી જ થાય છે

વળી જેમ ઠગાયા વિના જ ધનનો લાભ હોવા છતા પણ ઠગાય તો તે મૂર્ખ છે, તેમ નિરવદ્ય ધર્મરૂપ ઉપયોગ હોય તો સાવદ્ય ધર્મમા ઉપયોગ લગાવવો યોગ્ય નથી

સામાયિક

સામાયિક તો રાગદ્વેષ રહિત સામ્યભાવ વર્તતા થાય છે પણ પાઠ માત્ર ભણવાથી અથવા ઊઠ બેસ કરવાથી તો સામાયિક થતી નથી

કદાચિત કહેશો કે—અન્ય કાર્ય કરતા તે કરતા તો ભલુ છે

એ સાચુ પરંતુ સામાયિક પાઠમા પ્રતિજ્ઞા તો એવી કરે છે કે "મન-વચન-કાયાથી સાવદ્ય કરીશ નહિ કરાવીશ નહિ" હવે મનમા તો વિકલ્પ થયા જ કરે છે તથા વચન-કાયામા પણ કદાચિત અન્યથા પ્રવૃત્તિ થાય છે હવે ત્યા પ્રતિજ્ઞા ભંગ થાય છે હવે પ્રતિજ્ઞા ભંગ કરવા કરતા તો ન કરવુ ભલુ છે કારણ પ્રતિજ્ઞા ભંગ કરવી એ મહા પાપ છે

વળી અમે પૂછીએ છીએ કે—કોઈ પ્રતિજ્ઞા કરતો નથી પણ ભાષા-પાઠ ભણે છે અને તેનો અર્થ જાણી તેમા ઉપયોગ રાખે છે અને બીજો કોઈ પ્રતિજ્ઞા કરી તેને બરાબર પાળતો નથી, પ્રાકૃતાદિના પાઠ ભણે છે પણ તેના અર્થનુ પોતાને ભાન નથી અને અર્થ જાણ્યા વિના ત્યા ઉપયોગ રહે નહિ ત્યારે ઉપયોગ અન્ય ઠેકાણે ભટકે છે તેથી પ્રતિજ્ઞાભંગ થાય છે

હવે એ બન્નેમા વિશેષ ધર્માત્મા કોણ?

જો તમે પહેલાને ધર્માત્મા કહેશો તો તમે તેવો જ ઉપદેશ કેમ કરતા નથી?

અને જો બીજાને ધર્માત્મા કહેશો તો પ્રતિજ્ઞા ભંગમા પાપ થયુ અથવા પરિણામો અનુસાર ધર્માત્માપણું ન ઠર્યું પણ પાઠ આદિ કરવા અનુસાર ધર્માત્માપણું ઠર્યુ

માટે પોતાનો ઉપયોગ જેમ નિર્મળ થાય તે કાર્ય કરવુ, સાધી શકાય તે પ્રતિજ્ઞા કરવી તથા જેનો અર્થ જાણીએ તે પાઠ ભણવો પણ પદ્ધતિ વડે નામ ધરાવવામા નથી

હવે પાછા તો મારે ત્યાગ કરું કેવું ગમન છે મારે જે ત્યાગ કરે તેજ પડે છે એમ જૈનીઓ જે પાછા ન આવતો દેવ તે આપણામાં જ કરે પરંતુ આ તો પદ્ધતિ અર્થ જ એવી રીતિ છે

બીજુ નવિકા મદનું કરવા ભગવતી મુખ્યતા પણ તેને યથાવિધિ પાલન કરવામાં શિથિલતા અને આત્મનિમગ્નતાના કોઈ વિવેક નથી આત્મ પરિણામો વડે અથવા શીલ આદિક વડે પણ ઉપશમ આદિક કરીને ધર્મ માનતે પણ ફળ ના પરિણામો વડે જ થાય છે

જૈનધર્મનું ગ્રંથ સ્વરૂપ સમજી તે પ્રમાણે મોક્ષ માર્ગમાં પ્રવર્તવું યોગ્ય છે

—તેમના 'મોક્ષ માર્ગ' નામના ગ્રંથમાંથી આભાર સહિત



શ્રાવકો ! જાગો ! સમજો !

મૂળ જૈન ધર્મથી અમુક અશે ચ્યુત થવાથી
સપ્રદાય ઉત્પન્ન થાય છે

તેટલે અશે મૂળ ધર્મથી ચ્યુત તેટલે અશે
મિથ્યાત્વ

*

જૈન ધર્મના ભાગલા પાડી, સપ્રદાયો ઉત્પન્ન કરી
જૈન ધર્મને છિન્નભિન્ન કરનાર સાધુઓ જ હતા
જૈન ધર્મની છિન્નભિન્નતાને ટકાવી રાખનાર સાધુઓ
જ છે

સપ્રદાયવાદનો ઉપદેશ કરી શ્રાવકોને સપ્રદાયવાદમા
ઘસડનાર સાધુઓ જ છે

*

સપ્રદાયવાદમા ઘસડાવુ એટલે મિથ્યાત્વને
ઉત્તેજન આપવુ

મિથ્યાત્વ એ પાપ છે માટે અધર્મ છે

*

અધર્મથી બચવા માટે
સપ્રદાયવાદમા ઘસડનાર સાધુને કે શ્રાવકને
ઉત્તેજન આપવુ નહિ કે તેમના વચનમા
ફસાવુ નહિ

☆

૧૧

સ્થાનકવાસી
સાધુ સાધ્વીઓનુ કર્તવ્ય

આ લેખ "જૈન સિદ્ધાત" માસિકના ઓગસ્ટ ૧૯૬૩ના અંકમા પ્રગટ થયો હતો આજના સાધુસાધ્વીઓ પોતાના અહમા કે માનપ્રતિષ્ઠાના લોભમા ચકચૂર છે તેથી તેઓ શુદ્ધ જૈન ધર્મને અનુસરવા માગતા નથી એ તો દેખીતું સ્પષ્ટ જ છે એટલે તેઓ શુદ્ધ જૈન ધર્મ બતાવે કે સમજાવે તેવી આશા રાખવી તે મને તો નકામી લાગે છે આજે તો શ્રાવકોએ પોતાની મેળે જ શુદ્ધ ધર્મ સમજી લઈને તે પ્રમાણે અનુસરવાનો, વર્તવાનો વખત આવ્યો છે

*

ફક્ત પરપરાની માન્યતાને કારણે
કદી કોઈ ધર્મ સાચો ઠરી શકતો નથી

*

સ્થા સાધુસાધ્વીઓ શાન્તિથી
સાચી વિચારી નિર્ણય કરે

*

વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાનના અનુયાયી તરીકે સ્થાનકવાસી સાધુ સાધ્વીઓનુ કર્તવ્ય છે કે ભગવાને પ્રરૂપેલા શુદ્ધ જૈન ધર્મને અનુસરવુ

સ્થા સાધુ સાધ્વીઓ સ્થાનકવાસી જૈન ધર્મને શુદ્ધ જૈન ધર્મ માનતા હોય તો તેમણે સૌથી પહેલા તેમ સાબિત કરવાની જરૂર છે કારણ સ્થા સાધુ સાધ્વીઓ તીર્થંકર ભગવાનની મૂર્તિને માનવી તે મિથ્યાત્વ ગણે છે એ તેમની માન્યતા સાચી હોય તો તેમણે સ્પષ્ટ રીતે સાબિત કરવુ જ જોઈએ કારણ કે—

તીર્થંકરોના વખતમા પણ તીર્થંકરોની મૂર્તિઓ અને મંદિરો અસ્તિત્વ ધરાવતા હતા તેના પ્રમાણો મોજુદ છે

તે વાત મારા મૂળ જૈન ધર્મ પુસ્તકમા તેમજ આ માસિકના એપ્રિલ ૧૯૬૩ના અંકમા બતાવેલી છે

સૂત્રોમાં ચૈત્ય શબ્દ ઠેકઠેકાણે આવે છે ભગવાનને પણ ' દેવય ચેઈયં " (ચૈત્યસ્વરૂપ) કહેલા છે સૂત્રમાં ચૈત્ય શબ્દનો અર્થ મૂર્તિ અથવા મૂર્તિ મંદિર જ થાય છે પણ બીજો અર્થ થતો નથી તે વાક્યોથી તથા શબ્દકોષોથી સાબિત થાય છે તેમજ સૂત્રોમાના શબ્દોના ઉપર નીચેના સબધથી સાબિત થાય છે

સ્થા સાધુઓ ચૈત્ય શબ્દના ખોટી રીતે જ્ઞાન 'સાધુ વગેરે અર્થ કરે છે અને તે અર્થ સૂત્રોમા જ્યા જ્યા ચૈત્ય શબ્દ આવે છે ત્યા ત્યા કઈ કઈ જુદો અર્થ ઘટાવે છે પરંતુ સૂત્રના વાક્યના અને ઉપર નીચેના વાક્યનો સબંધ તપાસતા તે કોઈ પણ અર્થ ઘટી શકતો નથી તે ખોટા અર્થ કોઈ પણ રીતે બંધબેસતો થઈ શકતો નથી

તે વાત પણ મારા "મૂળ જૈન ધર્મ " પુસ્તકમા તેમ જ આ માસિકના ઓક્ટોબર ૧૯૬૨ના અંકમાં વિસ્તારથી બતાવેલી છે

સ્થા સાધુ-સાધ્વીઓ જો તીર્થંકર ભગવાને પ્રરૂપેલા સાચા શુદ્ધ જૈન ધર્મને અનુસરવા માગતા હોય તો તેમની ફરજ છે કે સૂત્રોમા ચૈત્યનો અર્થ મૂર્તિ થાય છે તે અર્થ તેમને ખોટો લાગતો હોય તો તેમણે તે પ્રમાણે સાબિત કરવુ જોઈએ અને તેમણે માની લીધેલ

ચૈત્યના અર્થ સાધુ જ્ઞાન વગેરે સૂત્રોમાં તે તે ઠેકાણે બરાબર ઘટી શકે છે તે પુ વાર કરવુ જોઇએ

ભગવાનના વચનાના ખોટા અર્થ કરનારા કે ભગવાનના વચનથી ઊલટી રીતે વર્તવુ અને ઊલટી રીતે પ્રરૂપણા કરવી તેને જૈનધર્મ મિથ્યાત્વ ગણેલ છે.

જિનમૂર્તિ અને મૂર્તિપૂજા એ બે જુદા વિષયો છે જિનમૂર્તિ તીર્થંકરોના વખતમા પણ હતી ત્યારે દ્રવ્યપૂજા પાચમા આરાની પેદાશ છે તે ભૂલવુ નહિ

સ્થા સાધુ-સાધ્વીઓ તેમની, મૂર્તિ સબધીની માન્યતાઓ સાચી છે એમ પ્રમાણોથી સાબિત ન કરે તો તેઓ ભગવાનના વચનને અનુસરનારા નથી એમ સાબિત થશે એટલે કે તેઓ મિથ્યાત્વને ધર્મ માને છે એમ સાબિત થશે કારણ કે તેઓ મૂર્તિની માન્યતાને મિથ્યાત્વ ઠરાવે છે જો કે જિનમૂર્તિની માન્યતા તીર્થંકર-માન્ય ઠરે છે

સ્થાનકવાસી સાધુ સાધ્વીઓએ મિથ્યાત્વના પાપથી બચવુ હોય તો જિનમૂર્તિની સત્ય માન્યતા સ્વીકારવી જોઈએ

સ્થાનકવાસી સાધુ સાધ્વીઓએ એક વાત બરાબર સમજી લેવી જોઈએ કે આજનો જમાનો અધશ્રદ્ધાનો-અજ્ઞાનતાનો નથી આજનો સુશિક્ષિત પ્રજ્ઞાવાન જૈનસમાજ ધર્મ વિરુદ્ધની ખોટી માન્યતાને અધશ્રદ્ધાથી અપનાવી લીએ તેમ નથી

મૂર્તિ સબધી સ્થાનકવાસી માન્યતા તદ્દન ખોટી છે તે મે મારા ' મુળ જૈન ધર્મ અને હાલના સપ્રદાયો " પુસ્તકમા તથા ' જૈન સિદ્ધાંત " માસિક ઓક્ટોબર ૧૯૬૨ના અકમા નિગતવાર બતાવેલુ છે તે ઉપરાત શ્રી રતનલાલ ડોશીએ ઉપસ્થિત કરેલી ખોટી દલીલોના જવાબમા મે સવિસ્તર

બતાવેલું છે એ ગ્યે શ્રી ડોશીજી મારી એક પણ વાત ખોટી ઠરાવી શક્યા નથી

મે મારૂ ઉક્ત પુસ્તક ઘણે ભાગે સ્થા મુનિઓને તથા સાધ્વીઓને તેમના ચોમાસાના સ્થળે મોકલી આપ્યુ હતુ મુબઈમા શ્રમણ સઘના આચાર્યશ્રી આનદઋષિજીને તથા બીજા સાધુ-સાધ્વીઓને મે મુબઈમાં મારી જાતે આપેલુ છે પરતુ આજ સુધી તેમના તરફથી આ સબધમાં કશી પણ વાત કે હિલચાલ થઈ નથી

તેથી આ લેખવાળો આ માસિકનો અક સ્થા સાધુ સાધ્વીઓને તેમના જાહેર થયેલા ચોમાસાના સ્થળે મોકલી આપુ છુ અને જિનમૂર્તિની માન્યતા સબધી તેમને કોઈપણ જાતનો વિરોધ હોય તો તે તેમણે સત્વર જાહેર કરવા વિનતિ કરૂ છુ

માન એક મોટો કષાય છે અને જૈન ધર્મે તેને હેય-ત્યાજ્ય ગણેલ છે છતા આજના સાધુ સાધ્વીઓ ધર્મ કરતા માન પ્રતિષ્ઠાને વિશેષ મહત્વના ગણે છે એટલે ભૂલ કબુલ કરવામા નાનમ ગણે છે

એટલે આજ સુધી મૂર્તિ વિરુધ્ધ પ્રરૂપણા ઘણા વર્ષો કર્યા પછી હવે તેની સત્યતા સ્વીકારતા પોતાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે એમ સ્થા સાધુ સાધ્વી સમજે અને મને એ સ્વાભાવિક છે

પરતુ પ્રતિષ્ઠાના નુકસાન કરતા અસત્યને જાણી જોઈને વળગી રહેવાનુ નુકસાન, ધર્મની હાનિનુ નુકસાન અનેકગણુ વધારે છે એટલુ જ નહિ પણ સત્યનો સ્વીકાર કરવાથી ધર્મ જળવાય છે અને પ્રતિષ્ઠા વધે છે એ વાત સ્થા સાધુ સાધ્વીઓએ ખાસ કરીને ધ્યાનમા રાખવી જોઈએ

એથી લાભ શુ ?

એક ભાઈએ સવાલ કર્યો કે આ સ્પષ્ટીકરણની જરૂર શી છે? એજ પ્રમાણે સાધુ સાધ્વીમાથી પણ કોઈને એવો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેનો પણ અહીં નીચે પ્રમાણે જવાબ આપી દઉં છું—

(૧) ચૈત્યના ખોટા અર્થ કરી મૂર્તિને નકારવાથી સ્થાનકવાસીઓમાં જે મિથ્યાત્વ ઘુસી ગયુ છે તેનો અત આવી જાય છે કારણ કે મિથ્યાત્વનો એક અશ પણ હોય ત્યાં સુધી ધર્મ શુદ્ધ નથી અને મોક્ષ તેથી દૂર જ છે

(૨) મુર્તિનો વિરોધ મટી જતા શ્વેતામ્બર સપ્રદાયમા એમ્તાનો પાયો નખાઈ જાય અથવા શ્વેતામ્બર સપ્રદાય આખો એકજ થઇ જાય

અને આમ થતા પછી સ્થાનકવાસીઓનો સાવદ્ય પૂજાનો વિરોધ એટલો પ્રબળ થઈ જાય કે મુર્તિપૂજક સાધુઓને સ્થાનકવાસીના વિરોધની સાચી વાત માન્યા વિના છૂટકો રહે જ નહિ

મુર્તિપૂજક શ્રાવકોમા પણ મોટો ભાગ તો મુર્તિપૂજાના આડબરની વિરુદ્ધ જ છે અથવા તો અજ્ઞાનતાથી આડબરી પૂજાને માને છે તેઓ પણ સત્ય સમજતા સ્થાનકવાસીઓને અનુમોદન, સહકાર આપે. એટલે એકતામા કાઇ વાંધો રહે જ નહિ

દ્રવ્ય મુર્તિપૂજાનો વિરોધ સૂત્ર... છે એટલે સ્થાનકવાસીઓ પાસે તે ...
અને સખ્યાબળ મજબૂત થવાથી ...
રહે જ નહિ

માટે મૂર્તિ ...
કરવો એજ
શ્રાવિકાનુ ધર્મ

૧૨

સ્થાનકવાસી મુનિઓની સત્ય અપનાવવાની અનિચ્છા

૫. શ્રી બેચરદાસજીના લેખમાં દેખાતી સ્પષ્ટ વાત

શ્વેતાંબર સમાજના બે મુખ્ય ફિરકામાં બે મોટા મતભેદ મૂર્તિ અને મુહપત્તિ સંબંધી છે. તીર્થંકરોની પ્રતિમાઓ-મૂર્તિઓ તીર્થંકરોના વખતમાં પણ હતી એ તો અનેક પ્રમાણોથી સિદ્ધ થયેલ છે.

તેમજ મુનિઓના ઉપયોગમાં મુહપત્તિનો ઉલ્લેખ નથી એવા ઘણા દાખલા સૂત્રોમાં મળે છે.

પણ ફક્ત દુરાગ્રહથી જ સ્થા. મુનિઓ એ સત્ય વાતનો સ્વીકાર કરવા ઇચ્છતા નથી એ વાત હિંદી 'શ્રમણ' માસિકે સ્થા. મુનિશ્રી મદનલાલજીની સ્મૃતિમાં વિશેષાંક હમણાં જ પ્રગટ કરેલ છે તેમાં પં. શ્રી બેચરદાસજીનો એક લેખ છે તે ઉપરથી સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે.

એ લેખમાં પંડિતજીએ સ્પષ્ટ જણાવ્યું છે કે મુનિશ્રી મદનલાલજી તથા અન્ય મુનિશ્રી આ સત્ય છે સાચી વાત સમજી ગયા હતા તો પણ તેઓ પોતે તે વાત અપનાવવા તૈયાર નહિ હોવાથી બચાવમાં કહે છે કે—'પંડિતજી! વિચારોનો વિશેષ પ્રચાર થવો જોઈએ ત્યારે આ સર્વ અજ્ઞાન ટળી જાય.'

કેવો વિચિત્ર જવાબ છે! એ અજ્ઞાન તો સ્થા. પ્રવર્તક

મુનિઓએ જ ઉત્પન્ન કરેલ છે અને સ્થા સાધુ સાધ્વીઓ જ તેને નિરંતર ટકાવી રાખતા રહ્યા છે, સ્થા સાધુ સાધ્વીઓ એ અજ્ઞાન ટાળના ઇચ્છતા જ નથી

અને સ્થા સાધુ-સાધ્વીઓ સારી રીતે સમજે છે કે જ્યાં સુધી તેઓ સત્ય સમજાવવા કટિબદ્ધ નહિ થાય ત્યાં સુધી સ્થાનકવાસીઓનું અજ્ઞાન ટળશે નહિ. આથી સ્થા સાધુ સાધ્વીઓ જિનમૂર્તિ પ્રત્યે કેવો દ્વેષ કેળવી રહ્યા છે તેનો હમણાંનો જ એક તાજો દાખલો આપું છું

સ્થા સાધ્વીના જિનમૂર્તિના દ્વેષનો તાજો દાખલો

આ છેલ્લા એટલે સં ૨૦૧૯ના ચોમાસામાં મુંબઇના એક ઉપાશ્રયમાં ચોમાસું રહેલા એક વિદુષી સાધ્વીજીની આ વાત છે

એ ચોમાસા દરમ્યાન કેટલીક શ્રાવિકાઓ ઉપાશ્રયમાં આનુપૂર્વી ગણતી હતી તેમની પાસે મૂર્તિપૂજક તરફથી બહાર પડેલ આનુપૂર્વીની સુંદર પુસ્તિકાઓ હતી અને તેમાં ચોવીશ તીર્થંકરોના ચોવીશ ફોટાઓ હતા

સાધ્વીજીની એ પુસ્તિકાઓના ફોટાઓ તરફ નજર જતાં જ ગર્જી ઊઠ્યા—આ શું! આવી ચોપડીઓ આપણે રખાય!

અને પછી એ બધી શ્રાવિકાઓની આનુપૂર્વીની તે સુંદર પુસ્તિકાઓમાંના તીર્થંકરોના બધા ફોટાઓ ફડાવીને ફેંકી દેવડાવ્યા!

જોયા! કેવો ગતાગ્રહ! ભગવાનના ફોટા પાસે રખાય નહિ—જોવાય નહિ! તેને વંદન કરાય નહિ! કારણ કે તે મિથ્યાત્વ છે!

ભગવાનના ફોટા કે મૂર્તિ પાસે રાખવા કે તેને વંદન કરવું તે મિથ્યાત્વ છે એમ સ્થા. સાધુ-સાધ્વીઓ સૂત્ર સિદ્ધાંતથી આજ સુધી તો સાબિત

પુસ્તક એ બન્ને મહાનુભાવોએ વાંચી લીધુ હતુ તેથી તે સબંધમાં કઈ કઈ પ્રકારની ચર્ચાઓ રાત્રિના શાંત સમયમાં ચાલતી હતી

હું (પં બેચરદાસજી) કહેતો કે—સ્થાનકવાસી સંપ્રદાયના પ્રવર્તકોએ સમાજમાં ક્રાંતિ લાવવાને માટે પ્રયત્ન તો કર્યો પરંતુ દીર્ઘદષ્ટિનો અભાવ હોવાથી તેઓએ માત્ર નિમિત્ત ઉપર જ કુઠારાઘાત કર્યો. લોકોના માનસમાં રહેલી મૂળ વિકૃતિને દબાવવાનો પણ ઠીકઠીક પ્રયત્ન કર્યો હોત તો આજે જૈન સમાજનુ કંઈક જુદુ જ રૂપ નજરે આવત

હું કહેતો કે—ચિંતન, મનન અને આંતર નિરીક્ષણને માટે પ્રતિમાનુ આલંબન હોવુ જોઈતુ હતુ પરંતુ જે લોકો એ પ્રકારનુ મનન ચિંતન, તથા આત્મ શોધનનો વિચાર કરવામાં અસમર્થ હોય તે લોકોને માટે પૂજાની પદ્ધતિ ચલાવવામાં આવી અને એવી પ્રવૃત્તિ ચાલુ કરવાના સમયે મર્યાદા, આડંબર-રહિતતા વગેરેનુ ખૂબ ધ્યાન રાખવામાં આવ્યુ હતુ પરંતુ ગતાનુગતિક લોકોએ તો કંઈ બીજુ જ કરી નાખ્યું અને વૈદિક પરંપરાની પૂજા પદ્ધતિ ઇત્યાદિનુ અવલંબન કરીને મોટી હાનિ કરી નાખી

એ હાનિને દબાવવાને માટે આલંબનનો કેવો ઉપયોગ કરવો જોઈએ ? એ વાત ઉપર જોર દેવાનુ જરૂરી હતુ અને સ્વિધ્યાયાભ્યાસનો તેમજ શાસ્ત્રાભ્યાસનો સવિશેષ પ્રચાર કરવાનુ પણ જરૂરી હતુ

એમ ન કરવાથી અજ્ઞાન બની રહ્યુ તેમજ વધતુ ગયુ અને જડ ક્રિયાકાંડ વધ્યા પણ મલિનતા ઘટી નહિ આ પ્રમાણે માત્ર નિમિત્તના ઉચ્છેદથી પરિણામ વિપરીત આવ્યુ પ્રતિમારૂપ આલંબનના વિના ચિંતન, મનન અને આંતર નિરીક્ષણરૂપ આધ્યાત્મિક વૃત્તિ વધારવી હતી તે તો થઈ નહિ અને લોકોના મનમાં જે આડંબર-વૃત્તિ બેઠી હતી તે વધારે બળવાન થઈ આ પરિસ્થિતિ કોને પ્રત્યક્ષ નથી ?

તેમણે (ઉક્ત મુનિશ્રીઓએ) કહ્યુ—લોકો બિચારા અજ્ઞાન છે શુ કરીએ?

મે કહ્યુ—જે રીતે આ આડબર નિભાવવામા આવે છે તે જ રીતે તે આડબર પણ કેમ નિભાવી ન શકયા? આડબર સર્વ ઠેકાણે સમાન જ છે

વાત તો સમજી ગયા પણ ઉપાય કોઇ નહોતો

મે બીજી વાત એ કહી કે—મહુ પ્રાચીન સમયમાં દીક્ષા લેનારાળા સાધુના ઉપકરણોમાં રજોહરણ તથા પાત્રનો ઉલ્લેખ માત્ર આવે છે **મુહપત્તિનુ તો નામનિશાન પણ નથી**

ત્યારે તેમણે કહ્યુ—તો એ રિવાજ કેવી રીતે આવી ગયો?

એ સબધમા મે તેમને કેટલાય આગમ વચનોના આધારે બતાવ્યા

તેઓ સાભળતા રહ્યા અને તેઓ ગભીર પણ થઈ જતા તથા વિચારમાં પણ પડી જતા છેવટે તેઓ કહેતા—પડિતજી! **વિદ્યાનો વિશેષ પ્રચાર થવો જોઈએ ત્યારે આ સર્વ અજ્ઞાન ટળી જશે.**

અમારી ચર્ચામાં મ િર માગ, સ્થાનક માગ આદિ મતની ચર્ચા થતી રહેતી કે એકાંતવાસી બનીને સૌ કોઈ એક બીજાને મિથ્યા કહેવાને જેવા તત્પર થઈ ગયા છે આમ કરવાવાળા અનેકાંતવાદના સિદ્ધાતનુ પાલન કરતા નથી દુરાગ્રહના કારણે શુ આચાય, શુ ઉપાધ્યાય શુ સાધુ-સાધ્વી ગણ અને શુ આગેવાન શ્રાવક-શ્રાવિકાઓ—સર્વ લોકો ભગવાન મહાવીરના અનેકાતવાદ અને અહિંસાના સિદ્ધાંતો આચારમાં લાવવાનો વિચાર પણ નથી કરતા આ મહાખેદનો વિષય છે

અમારી એવી ચર્ચા આઠનવ મહિના સુધી ચાલતી રહી કયારેક કયારેક તો રાતના બાર કે એક વાગી જતો પણ તેઓ ઘણા પ્રસન્ન રહેતા હતા

૧૩

સંપ્રદાયવાદના બે દૂષણ

સંકુચિત દૃષ્ટિ અને ગુણીજનોનો અનાદર

લેખક
શ્રી અગરચંદજી નાહટા

*

સંપ્રદાય શબ્દનો અર્થ શબ્દકોષોમાં આ પ્રમાણે કર્યો છે—(૧) કોઈ વિશેષ ધાર્મિક મત, (૨) કોઈ મતના અનુયાયીઓની મંડળી (૩) કોઈ વિષય અથવા સિદ્ધાંતના સંબંધમાં એક જ તરેહનો વિચાર કે મત રાખવાવાળા લોકોનો વર્ગ

એટલે કે સંપ્રદાય એ ધર્મની જ એક શાખા છે. એમાં મૂળ તો કાંઈ ખરાબ ચીજ નથી પણ સાંપ્રદાયિકતામાં એક ખરાબ ચીજનો પ્રવેશ થઈ જાય છે માટે પ્રામાણિક હિંદી કોષમાં—'સંપ્રદાયવાદી તથા સાંપ્રદાયિકતા શબ્દોના આ પ્રમાણે અર્થ લખ્યા છે—

સંપ્રદાયવાદી—જે પોતાના સંપ્રદાયને સૌથી સારો અને અન્ય સંપ્રદાયોને હેય અથવા તુચ્છ સમજે છે અને તેની સામે ઘૃણા અને દ્વેષ રાખે છે

સાંપ્રદાયિકતા—કેવળ પોતાના સંપ્રદાયની વિશેષતા અને તેના હિતોનું વિશેષ ધ્યાન રાખવું

આ અર્થો ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે સાપ્રદાયિકતાની સાથે સકુચિતતા પણ આવી જાય છે, અને તેની સાથે સાથે બીજાઓને હીન અથવા તુચ્છ સમજવાની મનોવૃત્તિ પણ આવી જાય છે

આ મનોવૃત્તિ એટલી હદે પહોંચી જાય છે કે બીજાઓ પ્રત્યે ઘૃણા અને દ્વેષભાવ પણ થઈ જાય છે અને ત્યારે તેમા બીજો એક દુર્ગુણ ઘુસી જાય છે તે વ્યક્તિ બીજાઓની સારપ, ભલાઈ તથા ગુણો તરફ ધ્યાન દેતી નથી પણ તેના દોષો તરફ તો ખૂબ ધ્યાન આપે છે

આ સકુચિતતા તથા ગુણીજનોના અનાદરથી મનુષ્યના વિકાસનો માર્ગ અવરોધાય છે માટે સાંપ્રદાયિકતાને વિષની સજ્ઞા આપવામા આવે છે તેની અસર ઝેરના જેવી ભયાનક હોય છે

આ સાપ્રદાયિકતાના કારણે ધર્મના નામથી અનેક યુદ્ધ થયા, હજારો લાખો માણસોના જાન લેવાયા તેથી એ દૃઢ વિરોધથી બચવાનુ પ્રત્યેક મનુષ્ય માટે બહુ જ આવશ્યક છે *

કોઈ પણ વ્યક્તિ પોતાના સપ્રદાયના નિયમનુ પાલન કરે, તેના પ્રત્યે પૂર્ણ નિષ્ઠા રાખે ત્યા સુધી તો કોઈ દોષની વાત નથી પણ કલ્યાણની વાત છે પરતુ જ્યારે પોતાના સપ્રદાયને સર્વ શ્રેષ્ઠ માનીને બીજાઓ પ્રત્યે ઘૃણા કે દ્વેષ રાખવા લાગે ત્યારે વાસ્તવિક ધર્મનો લોપ થઈ જાય છે ભલે તે પોતાને નામથી દૃઢ ધર્મી માની લીએ પરતુ એમાત આગ્રહ કે કદાગ્રહ જ્યા હોય છે ત્યા ધર્મનો રસ સુકાઇ જાય છે

* જૈન સપ્રદાયો અવારનવાર અનેક રીતે એક બીજા સપ્રદાયો સાથે કલેશ ઝઘડા કરે છે કોર્ટમા કેસ કરે છે અન્ય સપ્રદાયના સાધુ સાધ્વીને ઉતરવાને જગ્યા આપતા નથી આહારપાણી વહોરાવતા નથી વગેરે રીતે અધમ આચરે છે—જ ગિ શેઠ

ધર્મ એ હૃદયનો એક પવિત્ર ભાવ છે એ વિશ્વમૈત્રીનો સદેશ આપે છે આત્મવત્ સર્વ ભૂતેષુ પોતાના સમાન જ સર્વને ગણવા એ જ એનો સાર છે

ધર્મ આપણી ઘૃણા કે દૂર કરવાનુ શીખવનો ઃથી એ વાત સમજુમાં રાખવી જોઈએ સકુચિતતા એ મહાન દોષ છે અને ઉદારતા એ મહાન ગુણ છે માટે કહ્યુ છે કે—

अयं निजः परो वेत्ति गणना लघुचेतसाम् ।
उदार चरितानां तु वसुधैव कुटुम्बकम् ॥

મે ધર્મ તથા શાસ્ત્રોનુ જે અધ્યયન કર્યું છે તેથી મારી એવી દૃઢ માન્યતા છે કે ગુણો અને ગુણીજનોના આદર નહિ કરવાવાળા મનુષ્યો પોતાનામાં સદ્ગુણોનો વિકાસ કરી શકતા નથી સકુચિતતા મનુષ્યની દૃષ્ટિને કૂપમડૂક (કુવામાના દેડકા) જેવી બનાવી દીએ છે

જ્યા સુધી હૃદય ઉદાર અને દૃષ્ટિ વિશાળ નહિ થાય ત્યા સુધી આપણે ધર્મના રહસ્યને સારી રીતે અથવા સાચી રીતે સમજી શકીશુ નહિ

આપણે એટલું તો માનવુ જ પડશે કે જ્યા સત્યનો એક અંશ પણ હોય તે સત્યાંશને સદાય ગ્રાહ્ય માનવુ જોઈએ. કોઇ પણ વ્યક્તિમા કોઇ પણ સદ્ગુણ હોય તેના પ્રત્યે આપણો આદરભાવ થવો જોઈએ ગુણાનુરાગ અને ગુણગ્રહણ વૃત્તિને અધિકાધિક વિકસાવવાની આવશ્યકતા છે કોઈની પણ ઘૃણા કે દ્વેષ કરવો તે બહુ જ બુરી વાત છે

મહાપુરુષો કહી ગયા છે કે—ઘણા પાપ કે દુર્ગુણો પ્રત્યે તો પણ પાપી પ્રત્યે નહિ તેના પ્રતિ તો કરુણાની ભાવના જ હો દુષ્ટના પ્રતિ પણ માધ્યસ્થ અથવા ઉપેક્ષા ભાવ રાખવામા આવે પણ ઘૃણા કે દ્વેષ તો નહિ જ

આપણામાં, જે કુસંસ્કાર બુરી આદતો તથા ટેવ હોય તેને પ્રયત્નથી દૂર કરવા જોઈએ. અને સાંપ્રદાયિકતાની બુરાઈઓથી સાવધાન રહીને વાસ્તવિક ધર્મનો વિકાસ કરવાનો યત્ન કરવો જોઈએ

સાંપ્રદાયિક કટ્ટરતા આપણને બીજા સંપ્રદાયની ખુબી જોવાથી દૂર રાખે છે તેથી આપણે તેનો લાભ ઉઠાવી શકતા નથી અને તેથી તે આપણા માટે ઘણી નુકસાનીનું કારણ છે

જૈન સમાજમાં તો સાંપ્રદાયિકતાનું સામ્રાજ્ય દેખાય છે તેથી બહારથી ભલે પારસ્પરિક પ્રેમ દેખાતો હોય પણ આંતરિક પ્રેમ ભાગ્યે જ નજરે આવે છે. થોડીક પણ સાંપ્રદાયિક વાત નજર સામે આવી કે તે પ્રેમ તૂટી જાય છે. સાધુ મુનિરાજો પણ સાંપ્રદાયિકતાને જ પુષ્ટ કરતા નજરે પડે છે અને તેથી મૂળ સૈદ્ધાન્તિક ભેદ ન હોવા છતાં પણ સાધારણ વાતોમાંય ઝઘડા આવી જાય છે અને બીજા સંપ્રદાયના ગુણીજનોનો લાભ ઉઠાવી શકાતો નથી

જૈન ધર્મના સંપ્રદાયનું કામ ત્રણ સંપ્રદાયોમાં જુદું જુદું ચાલી રહ્યું છે પરંતુ જો બધા સંપ્રદાયના મુનિજનો આ બધી ભેદભાવને વિસારી [illegible] એકતાથી કામ કરે તો કેવું સારું! નહિતર સંપ્રદાયો [illegible] ધર્મને પણ સાંપ્રદાયિકતા પક્ષની રક્ષા આ કામ માર્ગમાં તો અનાયાસ હોવો જોઈએ. સાંપ્રદાયિક અધ્યવસાયોનો આધાર તો આ કામને જ માનવામાં આવે છે

નિકાચિત પાપથી બચવું હોય તો

પાપ કરનાર કરાવનાર અને તેને અનુમોદન આપનાર એ ત્રણેયને જૈન ધર્મે દોષિત ગણ્યા છે

ભગવાનના વચન વિરુદ્ધની વાત બોલવી માનવી કે પ્રરૂપવી તે મિથ્યાત્વ છે એટલે પાપ છે

તીર્થંકર ભગવાનોએ જિન મૂર્તિની માન્યતાને ધર્મ્ય ગણેલ છે છતા જિનમૂર્તિને માનવી તે મિથ્યાત્વ છે એમ માનવુ, મનાવવુ અથવા એવી પ્રરૂપણા કરવી તથા તેવી પ્રરૂપણાને ઉત્તેજન-અનુમોદન આપવુ તે પાપ છે

સ્થાનકવાસી સાધુ, સાધ્વી શ્રાવક શ્રાવિકાઓ આવુ પાપ હરખત આચરી રહ્યા છે તેમણે વિચારવુ જોઈએ કે—

એજ પાપને વારવાર અનુમોદન આપવાથી તે પાપ નિકાચિત બને છે એટલે જિનમૂર્તિ નહિ માનવાથી પાપ નિકાચિત બને છે માટે—

જે મુમુક્ષુ સાધુ સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એવા નિકાચિત મહાપાપથી બચવા ઇચ્છતા હોય તેમણે જિનમૂર્તિ માન્ય ગણવી જોઈએ, માનવી જ જોઈએ

☆

૧૪

શ્રી રતનલાલજી ડોશીની ચર્ચા પરથી ખાસ જાણવા જેવું

મારા 'મૂળ જૈન ધર્મ' અને [illegible] પુસ્તક અંગે અનેક પ્રશ્નપત્રો મળ્યા હતા અને [illegible] જૈન [illegible] માસિકના જાન્યુઆરી તથા માર્ચના અંકમાં [illegible] અને સ્થાનકવાસીઓ તરફથી [illegible] ત્યારે [illegible] શ્રી [illegible] વિરુદ્ધમાં ટીકા-ચર્ચા ચાલુ રાખી હતી તેથી [illegible] પ્રાપ્ત થાય છે

મંદિરોના [illegible] માણસને [illegible] સમજી શકતો નથી, એટલે [illegible] તેમજ ખોટી વાતો કર્યા કરે છે

મ[illegible]ના મોઢેથી [illegible] એ જ સ્થિતિ હોય છે [illegible] તેમની [illegible] આવ્યું છે [illegible] વિગત આ પ્રમાણે છે—

અસત્ય લખવાની [illegible]
અધસત્યને સંપૂર્ણ [illegible]

શબ્દો-વાક્યો મારા નામે ચડાવીને શ્રી ડોશીજીએ આ રીતે કુટિલતા વાપરી છે

ફરી જવામા બેશરમપણુ—સજ્જન માણસને પોતાનુ બોલ્યુ ફારવામા કે ફેરવવામા ભારે શરમ લાગે છે પરતુ શ્રી ડોશીજીને તેમનુ પોતાનુ બોલેલુ કે લખેલુ પોતે જ ઉથાપવામાં એક જ બાબત માટે અનેક વખત માટે અનેક વખત જુદી જુદી રીતે ફરી જવામા ગુલાંટ પર ગુલાંટ મારવામા શ્રી ડોશીજીએ જરાય શરમ ગણી નથી

દ્વેષ બુદ્ધિ—દ્વેષ બુદ્ધિથી જાણી જોઈ ને મારા લખાણોને ખોટા સ્વરૂપો આપીને ખોટી રીતે મારી નિંદા કરવામાં તેમણે પાપ માન્યુ હોય એમ લાગતુ નથી

ઉત્સૂત્ર પ્રરૂપણા—સૂત્રના શબ્દોના ખોટા અર્થો કરીને શ્રી ડોશીજીએ ઉત્સૂત્ર પ્રરૂપણા કરી છે એટલે તેમાં તેમણે પાપ મા યુ હોય એમ લાગતુ નથી તેમજ બીજા શાસ્ત્ર ગ્રથોના પણ તેજ પ્રમાણે ખોટા અર્થ કર્યા છે

શ્રુતકેવળીની આશાતના—શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામી મોક્ષની પ્રાપ્તિ માટે નહિ પણ સ્વર્ગના પાદગલિક સુખ માટે મહાપ્રાણ ધ્યાન ધરતા હતા એમ કહી શ્રી ડોશીજીએ શ્રુતકેવળીની આશાતન કરવામાં પાપ મા યુ નથી

તીર્થંકર ભગવાનની આશાતના—તીર્થંકર ભગવાનના ભક્તોને રૂપ-મોહી અને ઇચ્છા-મોહી ગણાવ્યા છે આ મોહ હેય હોવા છતાં ભગવાને રૂપમોહને અને ઇચ્છા મોહને સમતિ આપી હતી એમ ગણાવી તીર્થંકર ભગવાનનું પણ અપમાન આશાતના કરવા ચૂક્યા નથી શ્રી ડોશીજીએ એવી આશાતનામા પાપ મા યુ નથી

ધ્યાન સબધી સપૂર્ણ અજ્ઞાનતા—ચાટક ધારણાને જ ધ્યાન ગણીને શ્રી ડોશીજીએ અનેક ખોટી વાતો લખીને શ્રી ડોશીજીએ ધ્યાન સબધી તેમની સપૂર્ણ અજ્ઞાનતા જાહેર કરી છે

સૂત્રાભિનિવેશીપણુ—હાલના ઉપલબ્ધ સૂત્રોમા નથી તે બધુ જૈન ધર્મમાં નહિ માટે ખોટુ અને પોતે સૂત્રના શબ્દોના જે અર્થ કરે છે તે જ સાચા એમ ગણાવી શ્રી ડોશીજીએ સૂત્રાભિનિવેશીપણુ બતાવી આપ્યુ છે પણ આપણા ઘણુ જ્ઞાન વિચ્છેદ ગયુ છે તેની કેટલીક વિગતો મોજુદ છે તેની ગણત્રી કરતા જ નંદી યોગ સબધી વાત બરાબર પુરવાર હતી છતા ડોશીજી ખોટી માને છે

વક્રતા—પ્રામાણિક રીતે ચર્ચા કરનાર સરળ રીતે મૂળ મુદ્દા ઉપર જ વાત કરે પણ શ્રી ડોશીજીએ તેમની સ્વાભાવિક વક્રતાથી આડકતરી રીતે જ મૂળ વાતને ખોટી ઠરાવવાનો પ્રયત્ન કર્યો છે પણ સીધી દલીલથી કે પ્રમાણથી મારી વાત શ્રી ડોશીજીએ ખોટી ઠરાવવાનો પ્રયાસ પણ કર્યો નથી

આગમ ઉત્થાપક—શ્વેતાબરો ૪૫ આગમ માને છે તેમાંના સ્થાનક વાસીઓ ફક્ત ૩૨ જ માને છે તેનુ કારણ બતાવતા કહે છે કે જેમા સિદ્ધાંત વિરુદ્ધ વાત હોય તે અમાન્ય તેથી જ તેઓ સૂત્રોની ટીકા ચૂર્ણી ભાષ્ય વગેરે પણ સ્થાનકવાસીઓએ એ જ કારણે અમાન્ય કર્યાં હતા તેમાં હવે એટલા સુધારો થયો છે કે ટીકા વગેરેમા જેટલુ મૂળ સૂત્ર અનુસાર અથવા સિદ્ધાંત અનુસાર ન હોય તે અમાન્ય

શ્વેતાબરો સાથે સ્થાનકવાસીઓનો મૂળ વાંધો ... મૂર્તિનો હતો અને મૂર્તિની જેમા વાત હોય તે અમાન્ય ... કે મૂળ સૂત્રોમા મૂર્તિની વાત નથી એમ સ્થાનકવાસી ...

પણ ચૈત્ય શબ્દનો અર્થ જ મૂર્તિ થાય છે અને તે શબ્દ મૂળ સૂત્રોમા અનેક વખત અનેક ઠેકાણે આવે છે તે જોયુ ત્યારે સ્થાનકવાસીઓએ ચૈત્ય શબ્દનો મૂર્તિ અર્થ ફેરવીને તેના જ્ઞાન, સાધુ વગેરે જુદા જુદા અનેક ખોટા અર્થ કર્યા

આ સ્થાનકવાસીઓનુ આગમ ઉત્થાપન નથી તો શુ છે?

પરતુ મે જ્યારે સ્થાનકવાસીઓના અર્થ ખોટા છે તે સ્પષ્ટ રીતે બતાવ્યુ ત્યારે ઉછળી પડીને શ્રી ડોશીજી મને આગમ ઉત્થાપક કહેવા લાગ્યા। કારણ કે હાલના સૂત્રોમાં કેટલીક સેળભેળ થયના ફેરફાર થયા છે તે મે સ્પષ્ટ બતાવી આપ્યુ છે

ખૂબીની વાત એ છે કે આજ સુધી સ્થા સાધુઓ તેમ જ શ્રી ડોશીજી પોતે પણ અનેક વખત કહી-લખી ચૂક્યા છે કે શ્વેતામ્બર પૂર્વાચાર્યોએ મૂર્તિની વાત સ્થાપન કરવા માટે સૂત્રોમા અનેક ફેરફારો કર્યા છે અને તેના દાખલા પણ આપ્યા છે

આમ આજ સુધી સૂત્રોમાં થયેલા ફેરફારની ઘોષણા કરનાર શ્રી ડોશીજી આજે જાણે કે સૂત્રોમાં કાંઈ જ ફેરફાર થયો જ નથી એમ બતાવી, મે ફેરફાર થયાની વાત કરી છે તે માટે મને ઉત્થાપક કહે છે। આમા દ્વેષવૃત્તિ સિવાય બીજુ છે શુ ?

ભગવાનના વચન અનુસાર બનાવેલા મૂળ સૂત્ર તો બાર જ છે તેમાં પણ બારમુ તો વિચ્છેદ ગયેલ છે અને બાકીનાનો ઘણો જ થોડો ભાગ મળે છે બાકીના સૂત્રો તો ભ મહાવીરના નિર્વાણ પછી ઘણા લાંબા વખતે થયા છે તે સત્ય હકીકત છે

સર્વજ્ઞ ભ ગવાન અસ્પષ્ટ કે સદિગ્ધ વાત કરે નહિ, ઊલટી, ગલટી, પરસ્પર વિરોધી વાત કરે નહિ અને તેથી સૂત્રોમા જે કોઇ વાત પરસ્પર વિરોધવાળી હોય ત્યા મૂળ સૂત્રની વાતથી વિરુદ્ધની અથવા તેનાથી જુદી વાત કરનાર બીજુ સૂત્ર ઘાલમેલવાળુ કે ફેરફાર વાળુ જ ગણાય

એટલે કે મે જે સૂત્રોમાં ફેરફારની વાત કરી છે તે સ્થાનકવાસીઓની દલીલને જ અનુસરતી છે કે મૂળ સિદ્ધાતની વિરુદ્ધની વાત હોય તે અમાન્ય આમ મે સ્થાનકવાસી ઓની જ દલીલ અપનાવી છે પરતુ અત્યારે સ્થા વાસીઓની જ દલીલ તેમને જ ભારે પડે છે એમ જોઈને શ્રી ડાહ્યાજી વિમાસણમા પડી ગયા અને તેથી મને આગમ ઉત્થાપક કહીને પોતાનો રસ્તો સીધો કરવા માગે છે પણ તેમા ય શ્રી ડાહ્યાજી ભીંત ભૂલે છે

સૂત્રોમા થયેલા ફેરફારની એક લાબી ટીપ મે મારા "મૂ જૈ ધ' પુસ્તકમા આપી છે તે ઉપરાત એક દાખલો વિશેષ આપુ છુ કે પ્રશ્ન વ્યાકરણ સૂત્ર હાલનુ છે તે મૂળ નથી પણ પૂર્વાચાર્યે આખે આખુ નવુ બનાવીને મૂળની બદલીમા મૂકેલુ છે

(જુઓ "જૈન સિદ્ધાત ' માસિકના જુન ૧૯૬૩ના અકનુ પાનુ ૫૭૭)

સૂત્રોમા ભૂલથી પણ કોઈ સિદ્ધાંત વિરુદ્ધ ઘુસી ગયું નથી તેની ખાત્રી કરવા માટે પરીક્ષા પ્રધાન બનવુ જોઇએ અને તેટલા માટે જ મે પરીક્ષા-પ્રધાની એટલે સત્યાર્થીના લક્ષણો બતાવ્યા છે જુઓ મૂ જૈ ધ પ્રસ્તાવના પાનુ ૭

શ્રી ડોશીજીના લક્ષણો

શ્રી ડોશીજીની ચર્ચા ઉપરથી તેમના લક્ષણો આ પ્રમાણે છે—

જ્ઞાનો મદ	ભગવાનની આશાતના—અપમાન
જ્ઞાનનો દ્વેષ	શ્રુતકેવળીની આશાતના
વિરુદ્ધ માન્યતાવાળા	ઉત્સૂત્ર પ્રરૂપણા
પ્રત્યે દ્વેષબુદ્ધિ	કુટિલતા
અનાભિનિવેશપણું	જે ન્યુ ફરી જવામાં બેશરમપણું
અસત્ય પ્રરૂપણા	કપટથી ખોટા અર્થ બતાવવા
વક્રતા	ધ્યાન સંબંધી સંપૂર્ણ અજ્ઞાનતા

આ સર્વ બાબતોની વિગત આપતા આ પુસ્તક જેવડું બીજું પુસ્તક બની જાય તેથી બહુ જ ટુંકામાં સંકેત છે પૂરી વિગત જાણવા ઇચ્છનારે જૈન માસિકના ૧૯૬૩ની સાલના બધા અંકો વાંચી જવા

અસત્ય વાત શ્રુતકેવળી તેમજ ભગવાનની આશાતના, ઉત્સૂત્ર પ્રરૂપણા વગેરે ઉપર લખી સત્ય વાત સાચા જૈનમાં તો હોઈ શકે જ નહિ સાચો જૈન તો ભૂલથી પણ ખોટું લખાઈ ગયું હોય તો કબુલ કરી ક્ષમા માગે પણ શ્રી ડોશીજીએ પોતાના અભિમાનના તોરમાં કદી પણ તેમની ભૂલની ક્ષમા માગી નથી અરે ભૂલ કબૂલ પણ કરી નથી

આમ જ્યારે શ્રી ડોશીજીની સત્ય વર્તણૂક સાચો જૈન કદી ન કરે તેવી છે ત્યારે શ્રી ડોશીજી સાચા જૈન નહિ પણ ફક્ત જૈનાભાસી જ છે એમ વાચક સ્પષ્ટ રીતે સમજી શકશે અને જૈનાભાસી સાચો ધર્મજ્ઞ હોઇ શકે જ નહિ

અજ્ઞાન મોહ તથા મદ અને અભિમાન (જ્ઞાનનું) ના તોરમાં મનુષ્ય કેટલો બધો નીચે ઉતરી જાય છે તે શ્રી ડોશીજીના દાખલાથી સ્પષ્ટ સમજી શકાય છે તે ઉપરાંત શ્રી ડોશીજીનો સ્થાનકવાસીઓના

એવા ગુણ ન હોય તો "સમ્યગ્દર્શન" નામ હોવા છતા તે મિથ્યાદર્શન જ છે. સમ્યગ્દર્શનથી ભવકટિ છે અને મિથ્યાદર્શનથી ભવભ્રમણની વૃદ્ધિ જ છે

સ્થા જૈન પત્રના તંત્રી-માલિક
શ્રી જીવણલાલ સઘવી

શ્રી ડોશીજીના પગલે ચાલનાર શ્રી જીવણલાલ સઘવી શ્રી ડોશીજીથી જરાય ઉતરે તેમ નથી બલ્કે નિંદાખોરીમાં તેમનાથી પણ ચડી ગયા છે નિંદાખોરીમાં શ્રી જીવણલાલે પહેલો નબર પ્રાપ્ત કર્યો છે

એ નિંદાનુ કારણ શુ ? એ જ કે—

"મૂર્તિની વિરુદ્ધ સ્થાનકવાસી માન્યતાને ટેકો આપનાર નગીનદાસ શેઠે આજે મૂર્તિની માન્યતા સાચી છે એમ સૂત્રના ઉલ્લેખો, દાખલા, દલીલોથી તેમજ ઐતિહાસિક વગેરે અનેક પ્રમાણોથી સિદ્ધ કર્યુ છે જિનમૂર્તિની વાત સૂત્રોમા અનેક ઠેકાણે હોવા છતા સ્થાનકવાસીઓએ ખોટા અર્થ કરીને જિનમૂર્તિને અમાન્ય ઠરાવી તીર્થંકર ભગવાનોની ભયકર આશાતના કરી રહ્યા છે તે અનેક પ્રમાણોથી સાબિત કર્યુ છે અને એ રીતે સ્થાનકવાસીઓની પોલ ખુલ્લી પડી ગઈ છે"

સાચા પ્રમાણોને ખોટા તો ઠરાવી શકતા નથી તેથી તે સબધમાં તેઓ એક શબ્દ પણ લખી શક્યા નથી અને તો પણ સત્યને નહિ

સ્વીકારતા સ્થા ના મતાગ્રહને વળગી તો રહેવુ જ છે, ત્યારે સ્થાનકવાસીની ખોટી માન્યતાને સ્પટ રૂપમાં જાહેર કરનાર નગીનદાસ શેઠની જનાબીનિંદા કરવા સિવાય બીજો કોઈ ઉપાય રહ્યો નથી એમ જાણીને તેમણે નિંદાખોરીનો એક માત્ર રહેલો સહેલો ઉપાય અજમાવ્યો છે

અલબત્ત નિંદાખોરી એ પાપાસ્રવનુંજ કાર્ય છે પરતુ જેમને સત્ય ધર્મ જ અપનો નથી જેઓ એકનાના જ વિરોધી છે તેઓ પાપાસ્રવને પણ ધમરૂપ માને તેમાં નવાઈ નવાઈ નથી. અન્યધર્મીઓ પણ ધમને નામે જ પાપ આચરે છે ને!

જેઓ સજ્જનતાથી પ્રામાણિક ચર્ચા કરવા માગતા હેય તેઓ તો સીધી રીતે મૂર્તિ સબધના મારા પ્રમાણો ખેટા છે એમ સાબિત કરવાની દલીલો આગળ ધરે પણ તેવી દલીલો તો છે જ નહિ તો બીજુ થાય પણ શુ ?

એટલે પછી શ્રી ડોશીજીના લેખોના અનુવાદો છાપવા ઉપરાંત બિનઅભ્યાસી ડરપેક પડદેનશીન (કારણ કે તેઓ ખેટા છે એમ તો તેમના મનમાં જાણે છે) લેખકોના નિંદાત્મક તેમજ ખેટી વાતોથી ભરપૂર પણ વસ્તુત મૂળ મુદ્દાને નહિ સ્પર્શતા એવા અર્થહીન એટલે નમાલા કે નકામા લખો છાપીને શ્રી રતનલાલજી સંતોષ માને છે

શાસનદેવ તે સર્વેને સદ્બુદ્ધિ આપો એ જ અભ્યર્થના



જૈનાભાસી મિથ્યાદૃષ્ટિ

मदिसुदणाणवलेण दु
सच्छद बोल्लई जिणुत्तमिदि।
जो सो होइ कुदिट्ठि
ण होइ जिणमग्गलग्गरवो॥

જે મનુષ્ય મતિ જ્ઞાન તથા શ્રુતજ્ઞાનના અભિમાનથી શ્રી જિનેન્દ્ર દેવ દ્વારા પ્રતિપાદિત અર્થને, સ્વચ્છંદતાથી અર્થાત્ પોતાની મન કલ્પનાથી જેમ તેમ વિરુદ્ધ અર્થ કરે અથવા આગમના સત્યાર્થને છુપાવી મિથ્યા અર્થ કરે તે મિથ્યાદૃષ્ટિ છે તે જીવ જિન ધર્મનું પાલન કરવા છતા પણ જૈન ધર્મથી સર્વથા પરાઙ્ મુખ છે જૈન ધર્મથી તે જીવ બહિર્ભૂત મિથ્યાદૃષ્ટિ જ જાણવો

રયણસાર.